અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૩૦ માર્ચ ૨૦૨૫, રવિવાર
વિક્રમ સંવત ૨૦૮૧, ચૈત્ર સુદ ૧
વર્ષ : ૧૬
અંક : ૨૬૬
તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ
કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

## મ્યાનમારની મદદ માટે ભારતે શરૂ કર્યું "ઓપરેશન બ્રહ્મા"

### પીએમ મોદીએ ઊંડી સંવેદના વ્યક્ત કરતાં કહ્યું કે ભારત એક નજીકના મિત્ર અને પાડોશી તરીકે આ મુશ્કેલ સમયમાં મ્યાનમારની સાથે ઉભું છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।

મ્યાનમારમાં શુક્રવારે આવેલા ભૂકંપને કારણે ભારે તબાહી મચી ગઈ છે. આ ભયાનક ભૂકંપમાં જાનમાલને નુકસાન પર ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દુઃખ વ્યક્ત કર્યુ છે. તેમણે મ્યાનમારના જનરલ મીન આંગ હ્લેઈંગ સાથે વાત કરી સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ૪ પર આ માહિતી આપી છે. પીએમ મોદીએ મ્યાનમારના જનરલને આ સંકટની ઘડીએ એકતાનું આશ્વાસન આપ્યું હતું.

પીએમ મોદીએ મ્યાનમારના લોકો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરતાં કહ્યું કે ભારત, એક નજીકના મિત્ર અને પાડોશી તરીકે આ મુશ્કેલ સમયમાં મ્યાનમારની સાથે ઉભું છે. પીએમ મોદીએ મ્યાનમારના જનરલ મિન આંગ હ્લેઈંગ સાથે વાતચીત કરીને સોશિયલ મીડિયા એપ ૪ પર એક પોસ્ટ પોસ્ટ કરી હતી. આ પોસ્ટમાં પીએમ મોદીએ પોતાની પોસ્ટમાં લખ્યું, વિનાશક ભૂકંપમાં મૃત્યુ પામેલા લોકો પર ઊંડી સંવેદના વ્યક્ત કરી. એક નજીકના મિત્ર અને પાડોશી દેશ તરીકે ભારત આ મુશ્કેલ સમયમાં મ્યાનમારના લોકો સાથે એકતાથી ઉભું છે. ઓપરેશન બ્રહ્મા હેઠળ આપત્તિ રાહત સામગ્રી, માનવતાવાદી સહાય, શોધ અને બચાવ ટીમો ઝડપથી અસરગ્રસ્ત વિસ્તારોમાં મોકલવામાં આવી રહી છે.

ઉલ્લેખનીય છે કે, મ્યાનમારમાં આવેલા ભયાનક ભૂકંપ પછી ભારતે રાહત સામગ્રીનો પહેલો જથ્થો મોકલી દીધો છે. ભારત તરફથી મ્યાનમારને સહાય રૂપે ૧૫ ટન રાહત સામગ્રી મોકલવામાં આવી છે. હિંડોન આવેલા IAF ના હિંડોન સ્ટેશનથી ભારતીય વાયુસેના (IAF) ના C-130J વિમાન દ્વારા મ્યાનમાર રાહત સામગ્રી મોકલવામાં આવી છે. આ રાહત પેકેજમાં ટેન્ટ, સ્લીપિંગ બેગ, ધાબળા, ખાવાનો તૈયાર ખોરાક, વોટર પ્યુરીફાયર, સ્વચ્છતા કીટ, સોલર લેમ્પ, જનરેટર સેટ અને પેરાસીટામોલ, એન્ટિબાયોટિક્સ, સિરીંજ, મોજા અને પટ્ટાઓ જેવી આવશ્યક વસ્તુઓનો સમાવેશ થાય છે.

હકીકતમાં, શુક્રવારે મ્યાનમાર અને તેના પડોશી દેશ થાઈલેન્ડમાં આવેલા વિનાશકારી ભૂકંપના તીવ્ર આંચકા



અનુભવાયા હતા. આ ભૂકંપમાં બહુમાળી ઈમારતો, પુલો અને ડેમનો નષ્ય થઈ ગયા હતા.

આ ભૂકંપને કારણે મ્યાનમારમાં આશરે ૧૦૦૦ લોકો મૃત્યુ પામ્યા છે, તેમજ ૧૭૦૦થી લોકો ઘાયલ થયા છે. શુક્રવારે બપોરે આવેલા ભૂકંપની તીવ્રતા ૭.૭ હતી અને તેનું કેન્દ્રબિંદુ મ્યાનમારના બીજા સૌથી મોટા શહેર માંડલે નજીક હતું. આ પછી પણ ભૂકંપના ઘણા આંચકા અનુભવાયા હતા. મ્યાનમાર અને થાઈલેન્ડમાં શુક્રવારે ૭.૭ની તીવ્રતાના ભૂકંપે મોટી તબાહી મચાવી છે. મ્યાનમારમાં ૧૫૦થી વધુ લોકો મોતને ભેટ્યા છે. અત્યારે પણ સતત આંચકાનો અનુભવ થઈ રહ્યો છે. શુક્રવારે રાતે ૧૧:૫૬ વાગ્યે મ્યાનમારમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. સ્થાનિક સમય પ્રમાણે શુક્રવારે રાતે ૧૧ વાગીને ૫૬ મિનિટે ૪.૨ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજીએ X પર પોસ્ટ કરીને કહ્યું કે, ભૂકંપની તીવ્રતા ૪.૨ હતી. તે ૧૦ કિમીની ઊંડાઈએ આવ્યું હતું. ભૂકંપથી થયેલા વિનાશનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે થાઈલેન્ડની રાજધાની બેંગકોકમાં ૩૦ માળની એક ઈમારત ધરાશાયી થઈ ગઈ હતી. ભૂકંપ બાદ બેંગકોકમાં કટોકટી જાહેર કરવામાં આવી છે. મ્યાનમારને મદદ કરવા માટે ભારતે C-130J વિમાન દ્વારા લગભગ ૧૫ ટન રાહત સામગ્રી મ્યાનમાર મોકલી છે. મ્યાનમાર લશ્કરી શાસન હેઠળ હોવા છતાં ટ્રમ્પે કહ્યું છે કે અમેરિકા મદદ કરશે. ભૂકંપને કારણે મ્યાનમારના બે શહેરોમાં ભારે નુકસાન થયું હતું. રાજ્ય મીડિયા સ્ઈફ અનુસાર, અત્યાર સુધીમાં ૧૫૪ લોકો માર્યા ગયા છે અને ૭૩૨ ઘાયલ થયા છે. બેંગકોકમાં નિર્માણાધીન ઈમારત ધરાશાયી થતાં આઠ લોકોએ જીવ ગુમાવ્યો છે અને ૧૧૭ કામદારો કાટમાળ નીચે ફસાયા હતા.

ભારતે મ્યાનમાર અને થાઈલેન્ડમાં ભૂકંપગ્રસ્ત લોકોને મદદ કરવા માટે પોતાની તૈયારીની ખાતરી આપી દીધી છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, ભારત શક્ય તમામ સહાય પૂરી પાડશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પર લખ્યું, 'મ્યાનમાર અને થાઈલેન્ડમાં ભૂકંપની સ્થિતિથી હું ચિંતિત છું. હું દરેકની સલામતી અને સુખાકારીની ઈચ્છા કરું છું. ભારત શક્ય તમામ મદદ પૂરી પાડવા તૈયાર છે. વિદેશ મંત્રાલયને બંને સરકારો સાથે સંપર્કમાં રહેવા સૂચનાઓ આપવામાં આવી છે. આ રાહત સામગ્રીમાં તંબુ, સ્લીપિંગ બેગ, ધાબળા, તૈયાર ખોરાક, પાણી શુદ્ધિકરણ પ્લાન્ટ, હાઈજીન કીટ, સૌર લેમ્પ, જનરેટર સેટ અને આવશ્યક દવાઓનો સમાવેશ થાય છે. આમાં પેરાસીટામોલ, એન્ટિબાયોટિક્સ, કેન્યુલા, સિરીંજ, ગલવ્સ, કોટન બેન્ડેજ, યુરિન બેગ વગેરે જેવા તબીબી પુરવઠાનો સમાવેશ થાય છે. મ્યાનમારના લશ્કરી શાસક મીન આંગ હ્યોઈંગે આંતરરાષ્ટ્રીય મદદની અપીલ કરી હતી, ત્યારબાદ ભારતે તાત્કાલિક મદદ મોકલવાની જાહેરાત કરી છે. વિદેશ મંત્રાલય (MEA)ના સૂત્રોના જણાવ્યા અનુસાર, મ્યાનમારમાં આવેલા વિનાશક ભૂકંપને પગલે ભારત લગભગ ૧૫ ટન રાહત સામગ્રી મોકલી રહ્યું છે. આ સામગ્રી હિંડન એરબેઝથી ભારતીય વાયુસેના (IAF) C-130J વિમાન દ્વારા મોકલવામાં આવી છે.

## મ્યાનમારમાં ફરી શક્તિશાળી ભૂકંપઃ ૫.૧ની તીવ્રતાનો આંચકો

। (એજન્સી) મ્યાનમાર, તા.૨૯ ।

મ્યાનમારમાં ૨૮ માર્ચે ૭.૭ની તીવ્રતાના શક્તિશાળી ભૂકંપ બાદ વારંવાર આફ્ટરશોક આવી રહ્યા છે. ૨૪ જ કલાકમાં મ્યાનમારમાં ૧૫ વખત ધરા ધ્રુજી, જોકે આજે ફરી શક્તિશાળી ભૂકંપના આંચકા આવ્યા છે. આજે આવેલા તીવ્રતા ૫.૧ નોંધાઈ. લોકો જીવ બચાવવા માટે ફરી ઘર છોડીને બહાર આવી ગયા હતા. ભૂકંપ બાદ મ્યાનમાર અને થાઈલેન્ડમાં ઠેર ઠેર તારાજી જોવા મળી રહી છે. સત્તાવાર આંકડા અનુસાર એક હજારથી વધુ લોકોએ જીવ ગુમાવ્યા છે જ્યારે બે હજારથી વધુ લોકો ઈજાગ્રસ્ત છે. અમેરિકાની જિયોલોજીકલ સર્વે એજન્સી USGSનો તો દાવો છે કે મ્યાનમારમાં જ ભૂકંપના કારણે ૧૦ હજારથી વધુ લોકોના મૃત્યુની આશંકા છે. જોકે હજુ રેસ્ક્યૂ ઓપરેશન ચાલી રહ્યું છે અને ગુમ થયેલા લોકોને શોધવામાં આવી રહ્યા છે. થાઈલેન્ડના પાટનગર બેંગકોકમાં ૧૦ લોકોના મોતની પુષ્ટિ થઈ છે. ભૂકંપ બાદથી જ મ્યાનમારમાં ઈન્ટરનેટ સેવા બંધ કરી દેવામાં આવી છે. જેના કારણે જાનમાલના નુકસાનની જાણકારી દુનિયા સામે નથી આવી રહી. મ્યાનમારમાં સેનાએ ઈમરજન્સીની જાહેરાત કરી છે તથા દુનિયાના દેશોને મદદ કરવા માટે અપીલ કરી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મ્યાનમારની સેનાના જનરલ સાથે ટેલિફોનિક વાતચીત કરી છે તથા સંભવ તમામ મદદ માટે આશ્વાસન આપ્યું છે.

### ભારત અને અમેરિકા વચ્ચે બધુ સારું રહેશે : ટ્રમ્પ

## રાષ્ટ્રપતિ ટ્રમ્પે મોદીને મહાન ગણાવ્યા, પરંતુ ટેરિફ ઉપર જૂનું વલણ દર્શાવ્યું


### બંને દેશોએ પ્રારંભિક વેપાર કરારને અંતિમ સ્વરૂપ આપવા સમયમર્યાદા નજીક આવતાં વાટાઘાટો શરૂ કરી

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૯ ।

ભારત અને અમેરિકા વચ્ચે ટ્રેડ ટેરિફ વાટાઘાટો વચ્ચે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આશા વ્યક્ત કરી કે ટેરિફ વાટાઘાટોના ખૂબ સારા પરિણામ આવશે.

આ સાથે જ ટ્રમ્પે પીએમ મોદીને તેમના સારા મિત્ર અને સ્માર્ટ વ્યક્તિ ગણાવ્યા હતા. ભારત અને અન્ય દેશો દ્વારા અમેરિકન ચીજવસ્તુઓ પર લાદવામાં આવતી ડ્યુટીની ટ્રમ્પની સતત ટીકા વચ્ચે અમેરિકી રાષ્ટ્રપતિની તાજેતરની ટિપ્પણી ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે.

અમેરિકી રાષ્ટ્રપતિએ શુક્રવારે વ્હાઈટ હાઉસમાં કહ્યું, વડાપ્રધાન મોદી હાલમાં જ અહીં આવ્યા હતા અને અમે હંમેશા ખૂબ સારા મિત્રો રહ્યા છીએ. તેમજ ભારત સાથે મારા સંબંધો ખૂબ જ સારા રહ્યા છે. પરંતુ ભારત



સાથે મારે એક જ સમસ્યા છે કે તે દુનિયામાં સૌથી વધી ટેરિફ લગાવતા દેશોમાંથી એક છે. હું માનું છું કે ભારત કદાચ તેના ટેરિફને નોંધપાત્ર રીતે ઘટાડવા જઈ રહ્યું છે, પરંતુ ૨જી એપ્રિલે અમે તેમની પાસેથી તે જ ટેરિફ વસૂલ કરીશું જે તેઓ અમારી પાસેથી ચાર્જ કરે છે. અન્ય એક નિવેદનમાં ટ્રમ્પે ભારતને વેપાર કરવા માટે મુશ્કેલ સ્થળ ગણાવ્યું હતું.

બંને દેશોએ પ્રારંભિક વેપાર કરારને અંતિમ સ્વરૂપ આપવા અને ટેરિફ અંગેના તેમના સ્ટેન્ડઓફને ૨ એપ્રિલની સમયમર્યાદા નજીક આવતાં ઉકેલવા માટે વાટાઘાટો શરૂ કરી છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર ભારતે સોદાના પ્રથમ તબક્કામાં ઈ૨૩ બિલિયનની આયાત પર ટેરિફ કટની ઓફર કરી છે. બદામ અને ક્રેનબેરી જેવા અમેરિકન કૃષિ ઉત્પાદનો પર પણ છૂટ આપવામાં આવી છે.

જણાવી દઈએ કે પીએમ મોદીએ ફેબ્રુઆરીમાં વોશિંગ્ટન ડીસીની મુલાકાત લીધી હતી અને અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પ સાથે દ્વિપક્ષીય વાતચીત કરી હતી. પીએમ મોદીની આ મુલાકાત ટ્રમ્પની બીજી ટર્મ માટે શપથ લીધાના એક મહિનાથી પણ ઓછા સમયમાં થઈ હતી.

### અમિત શાહનો રાહુલ ગાંધી પર કટાક્ષ

## લોકસભામાં બોલવાનો વારો આવ્યો ત્યારે તેઓ વિયેતનામમાં હતા : શાહ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે શુક્રવારે સંસદના કામકાજની ટીકા કરવા બદલ કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધી પર આકરા પ્રહારો કર્યા અને કહ્યું કે વિપક્ષી નેતા વિયેતનામમાં હતા જ્યારે તેમને લોકસભામાં બોલવાનો સમય આપવામાં આવ્યો હતો. વધુમાં શાહે કર્ણાટકમાં કોંગ્રેસ સરકાર દ્વારા મુસ્લિમો માટે ૪ ટકા અનામતની જાહેરાતને લોલીપોપ ગણાવી હતી. એક કાર્યક્રમમાં બોલતા અમિત શાહે કહ્યું કે ધર્મના આધારે કોઈપણ અનામત બંધારણનું ઉલ્લંઘન છે અને તેને અદાલતો ફગાવી દેશે. તેમણે કહ્યું, અમે ધર્મના આધારે કોઈપણ ક્વોટાનો સખત વિરોધ કરીએ છીએ. સંસદની કાર્યક્ષમતા અંગે રાહુલ ગાંધીની ટીકા પર ગૃહમંત્રીએ કહ્યું કે લોકસભામાં વિપક્ષના નેતા કદાચ જાણતા નથી કે ગૃહમાં બોલવાના નિયમો છે, જેનું મનસ્વી રીતે પાલન કરી શકાય નહીં. તેમને (ગાંધી)ને બજેટ પર ચર્ચા કરવા માટે ૪૨ ટકા સમય આપવામાં આવ્યો હતો. હવે કોણ બોલે છે તે તેમની પસંદગી છે. પરંતુ જ્યારે સંસદમાં ગંભીર ચર્ચાઓ થઈ રહી હતી ત્યારે તેઓ વિયેતનામમાં હતા અને



જ્યારે તેઓ પાછા ફર્યા ત્યારે તેમણે તેમની ઈચ્છા મુજબ બોલવાનો આગ્રહ શરૂ કર્યો હતો. તેમણે કહ્યું કે સંસદ નિયમો અને પ્રક્રિયાઓ અનુસાર ચાલે છે, કોંગ્રેસ પાર્ટીની જેમ નહીં, જે પરિવાર દ્વારા ચલાવવામાં આવે છે. દેશમાં ઈમરજન્સી જેવી સ્થિતિ હોવાના કોંગ્રેસના આક્ષેપ પર શાહે કહ્યું કે વિપક્ષી પાર્ટી હંમેશા સરકારની ટીકા કરતી રહે છે. તેમણે કહ્યું કે જો ઈમરજન્સી હોત તો તેઓ (કોંગ્રેસના નેતા) જેલમાં હોત. કર્ણાટક સરકાર દ્વારા મુસ્લિમો માટે ૪ ટકા અનામતની જાહેરાત પર શાહે કહ્યું કે વોટબેંકની રાજનીતિ માટે કોંગ્રેસ ધર્મના આધારે કોન્ટ્રાક્ટ આપવા માંગે છે, જ્યારે કોન્ટ્રાક્ટ ગુણવત્તા અને મૂલ્યના આધારે આપવા જોઈએ, ધર્મના આધારે નહીં.

## કુણાલ કામરાની મુશ્કેલીમાં વધારો, મુંબઈ પોલીસે વધુ ત્રણ FIR નોંધી

। (એજન્સી) મુંબઈ, તા.૨૯ ।

મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદે પર વિવાદાસ્પદ ટિપ્પણી કરનાર સ્ટેન્ડ અપ કોમેડિયન કુણાલ કામરાની મુશ્કેલીઓ વધવા લાગી છે. ખાર પોલીસે કામરા વિરુદ્ધ વધુ ત્રણ કેસ નોંધ્યા છે. મુંબઈ પોલીસના જણાવ્યા અનુસાર, એક કેસ જલગાંવના મેયર દ્વારા દાખલ કરવામાં આવ્યો છે અને અન્ય બે ફરિયાદો નાસિકના બે વેપારીઓ દ્વારા દાખલ કરવામાં આવી



છે. ખાર પોલીસે કુણાલ કામરાને બે વખત પૂછપરછ માટે બોલાવ્યા છે. પરંતુ તેઓ હજુ સુધી દેખાયા નથી. મદ્રાસ હાઈકોર્ટે શુક્રવારે કામરા વિરુદ્ધ નોંધાયેલી એફઆઈઆરમાં ૭ એપ્રિલ સુધી વચગાળાના આગોતરા જામીન આપ્યા હતા. કામરાએ ટ્રાન્ઝિટ આગોતરા જામીન માટે મદ્રાસ હાઈકોર્ટનો સંપર્ક કર્યો હતો. પોતાની અરજીમાં તેણે કહ્યું હતું કે તેની તાજેતરની ટિપ્પણી બાદ તેને અનેક પ્રકારની ધમકીઓ મળી રહી છે. ડેપ્યુટી સીએમ પર તેમની વાંધાજનક ટિપ્પણી બાદ પોલીસે કામરાને ત્રણ સમન્સ જારી કર્યા છે. ત્રીજા સમન્સમાં, પોલીસે કોમેડિયનને ૩૧ માર્ચે ખાર પોલીસ સ્ટેશનમાં હાજર થવા કહ્યું છે. શિવસેનાના ધારાસભ્ય મુરજી પટેલે ખાર પોલીસ સ્ટેશનમાં કામરા વિરુદ્ધ કેસ દાખલ કર્યો છે. છેલ્લા બે સમન્સમાં કામરા પોતાનો પક્ષ રજૂ કરવા પોલીસ સમક્ષ હાજર થયો ન હતો. કુણાલ કામરાએ એક શોમાં એકનાથ શિંદે પર નિશાન સાધ્યું હતું. કામરાએ તેમનું નામ લીધા વિના શિંદેને 'દેશદ્રોહી' કહ્યા. તેનો વીડિયો મારા એક્સ એકાઉન્ટ પર શેર કર્યો છે.

## ધોની પહેલા બેટિંગ કરવા આવ્યો હોત તો કદાચ ચેન્નાઈની જીતની ટકાવારી વધી હોત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।

ગયા શુક્રવારે, રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરુએ ચેન્નાઈ સુપર કિંગ્સને ૫૦ રનથી હરાવ્યું. આ મુકાબલામાં, જ્યારે CSK ને ઝડપથી રન બનાવવાની જરૂર હતી, ત્યારે રવિચંદ્રન અશ્વિનને બેટિંગ માટે મોકલવામાં આવ્યો. સોશિયલ મીડિયા પર બેટિંગ ઓર્ડર અંગે ચર્ચા ચાલી રહી છે કે ચેન્નાઈની હાર પાછળનું કારણ એમએસ ધોનીનું ૯ નંબર પર બેટિંગ કરવા આવવું છે. પરંતુ આ દરમિયાન, ઓસ્ટ્રેલિયન દિગ્ગજ બેટ્સમેન શેન વોટસને, જે RCB અને CSK બંને માટે રમી ચૂક્યા છે, ધોનીના બેટિંગ ક્રમ વિશે એક મોટું નિવેદન આપ્યું છે. શેન વોટસન માને છે કે જો ધોની પહેલા બેટિંગ કરવા આવ્યો હોત તો કદાચ ચેન્નાઈની જીતની ટકાવારી વધી હોત.

## ૨૬/૧૧ના હુમલાના શહીદ તુકારામ ઓમ્બલેનું સ્મારક બનશે

। (એજન્સી) મુંબઈ, તા.૨૯ ।

મહારાષ્ટ્ર સરકારે ૨૬/૧૧ના આતંકી હુમલામાં શહીદ થયેલા મુંબઈ પોલીસ સબ ઈન્સ્પેક્ટર તુકારામ ઓમ્બલેના સન્માનમાં સ્મારક બનાવવાનો નિર્ણય લીધો છે. આ સ્મારક સતારા જિલ્લામાં તેમના મૂળ ગામ કેદામ્બેમાં બનાવવામાં આવશે, જ્યાં તુકારામ ઓમ્બલેનો જન્મ થયો હતો.

મહારાષ્ટ્ર સરકારે આ સ્મારકના નિર્માણ માટે ૧૩.૪૬ કરોડ રૂપિયાની રકમ મંજૂર કરી છે. આ મંજુરી બાદ શુક્રવારે જિલ્લા વહીવટી તંત્રને રૂ. ૨.૭૦ કરોડની મંજૂર રકમનો પ્રથમ હપ્તો આપવામાં આવ્યો છે. મહત્વનું છે કે આ સ્મારક તુકારામ ઓમ્બલેની બહાદુરી અને બલિદાનને માન આપવા માટે બનાવવામાં આવશે, જેમણે ૨૬/૧૧ના હુમલા દરમિયાન આતંકવાદીઓ સામે લડતી વખતે પોતાના જીવનનું બલિદાન આપ્યું હતું.

૨૬/૧૧/૨૦૦૮નો એ કાળો દિવસ જ્યારે દેશની આર્થિક રાજધાની મુંબઈમાં દરિયાઈ માર્ગે પાકિસ્તાનથી આવેલા ૧૦ આતંકવાદીઓ દ્વારા લોહિયાળ રમત રમાઈ હતી. આ હુમલામાં અનેક નિર્દોષો માર્યા ગયા હતા. આ આતંકવાદીઓમાં સૌથી ખતરનાક આતંકવાદી અજમલ કસાબ હતો જેણે રક્તપાતની એવી લોહિયાળ રમત રમી કે આખી દુનિયા સ્તબ્ધ થઈ ગઈ. કસાબ એકમાત્ર પાકિસ્તાની આતંકવાદી હતો જે તે આતંકવાદી હુમલાઓમાં જીવતો પકડાયો હતો. આ હુમલાના માસ્ટરમાઈન્ડ આતંકવાદી કસાબને જીવતો પકડવા માટે ઘણા પ્રયત્નો કરવામાં આવ્યા હતા પરંતુ તે વારંવાર છટકતો રહ્યો હતો. અંતે, તુકારામ ઓમ્બલે, જેઓ મુંબઈ પોલીસમાં આસિસ્ટન્ટ ઈન્સ્પેક્ટર તરીકે પોસ્ટેડ હતા, તેમણે માત્ર લાકડીની મદદથી તેને પકડી લીધો. હુમલાના પગલે સમગ્ર વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

## છત્તીસગઢમાં એન્કાઉન્ટરમાં ૧૬ નક્સલીઓને ઠાર કરાયા

। (એજન્સી) રાયપુર, તા.૨૯ ।

છત્તીસગઢમાં નક્સલવાદીઓ વિરુદ્ધ સુરક્ષા દળોનું ઓપરેશન ચાલુ છે. બસ્તરના આઈજી સુંદરરાજ પીએ જણાવ્યું છે કે ૧૬ નક્સલીઓના મૃતદેહ મળી આવ્યા છે. બે સૈનિકોને સામાન્ય ઈજાઓ થઈ છે. સુકમાના એસપી કિરણ ચવ્હાણે જણાવ્યું હતું કે સુકમા-દંતેવાડા સરહદ પર ઉપમપલ્લી કેરાલાપાલ વિસ્તારના જંગલોમાં સુરક્ષા દળો સાથેની એન્કાઉન્ટરમાં નક્સલીઓ માર્યા ગયા હતા. ગોળીબાર હજુ પણ ચાલુ છે. પ્રાપ્ત માહિતી અનુસાર, સૈનિકોએ ઘટનાસ્થળેથી INSAS, SLR જેવા ઓટોમેટિક હથિયારો પણ જપ્ત કર્યા છે. માર્યા ગયેલા નક્સલીઓની સંખ્યા વધવાની શક્યતા છે. આ પહેલા ૨૫ માર્ચે સુરક્ષા દળોએ ૩ નક્સલીઓને ઠાર માર્યા હતા, જેમાં નક્સલી સુધીર ઉર્ફે સુધાકરનો પણ સમાવેશ થાય છે, જેના માથા પર ૨૫ લાખ રૂપિયાનું ઈનામ હતું. ૨૦૨૫માં, બસ્તર રેન્જમાં સૈનિકોએ એક એન્કાઉન્ટરમાં ૧૦૦ નક્સલીઓનું એન્કાઉટર કર્યું છે. એક અધિકારીએ જણાવ્યું કે આ કામગીરીમાં ડિસ્ટ્રિક્ટ રિઝર્વ ગાર્ડ (DRG) અને સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (CRPF) ના જવાનો સામેલ છે. શુક્રવારે રાત્રે આ વિસ્તારમાં નક્સલીઓની હાજરી અંગે ગુપ્ત માહિતી મળ્યા બાદ આ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. છત્તીસગઢના બસ્તર વિભાગમાં ૨૦ માર્ચે બે મોટા એન્કાઉન્ટર થયા. આમાં ૩૦ નક્સલીઓ માર્યા ગયા છે. પહેલું એન્કાઉન્ટર બીજાપુર-દંતેવાડા બોર્ડર પર અને બીજું કાંકેર-નારાયણપુર બોર્ડર પર થયું. બસ્તરના આઈજી સુંદરરાજ પી.એ જણાવ્યું હતું કે બીજાપુરમાં થયેલા એન્કાઉન્ટરમાં ૨૬ નક્સલીઓ માર્યા ગયા હતા. આ એન્કાઉન્ટરમાં એક ડીઆરજી (જિલ્લા રિઝર્વ ગાર્ડ) સૈનિક પણ શહીદ થયો હતો.

### પારૂલ યુનિવર્સિટીમાં સી.એસ.આર કન્વેન્શન અને બેસ્ટ પ્રેક્ટિસિસ એવોર્ડ વિતરણ સમારોહ યોજાયો

# વસુદેવ કુટુમ્બકની ભારતીય સંસ્કૃતિની વિભાવના સમગ્ર વિશ્વનું માર્ગદર્શન કરી રહી છે : પ્રફુલભાઈ પાનશેરિયા

। વડોદરા, તા.૨૯ ।

રાજ્ય મંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરિયાએ જણાવ્યું હતું કે, વસુદેવ કુટુમ્બકની ભારતીય સંસ્કૃતિની વિભાવના સમગ્ર વિશ્વનું માર્ગદર્શન કરી રહી છે.હકારાત્મક વિચારધારા સાથે જરૂરિયાતમંદોને મદદરૂપ થવા તેમણે અનુરોધ કર્યો હતો.

પારુલ યુનિવર્સિટી દ્વારા સી.એસ.આર કન્વેન્શન અને બેસ્ટ પ્રેક્ટિસિસ એવોર્ડ એનાયત કાર્યક્રમમાં શિક્ષણ રાજ્ય મંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરિયા ઉપસ્થિત રહ્યા હતા. મંત્રીશ્રીના હસ્તે ૨૪ કેટેગરીમાં વિવિધ સંસ્થાઓને એવોર્ડ અર્પણ કરવામાં આવ્યા હતા.મંત્રીશ્રીએ સક્ષમથર્ડ ફાઉન્ડેશનના વર્ષ ૨૦૨૩ - ૨૪ના વાર્ષિક અહેવાલનું વિમોચન કર્યું હતું. રાજ્ય મંત્રીશ્રીએ ભારતીય સંસ્કૃતિ ભોગ વિલાસની નહિ, પરંતુ ત્યાગ અને સમર્પણ ભાવ શીખવે છે.હજુ પણ જ્યાં અંધકાર છે,ત્યાં ઉજાસના દિપ પ્રગટાવી જીવનમાંથી અહંકાર, રાગ, દ્વેષ અને ઈર્ષાને તિલાંજલી આપવા તેમણે જણાવ્યું હતું.

પ્રારંભમાં પારુલ યુનિવર્સિટીના વાઈસ પ્રેસિડેન્ટ ડો.ગીતિકા પટેલે સૌનો આવકાર કર્યો હતો.અંતમાં શ્રી વિનોદ પરમારે આભારવિધિ કરી હતી. આ પ્રસંગે વાઘોડિયાના ધારાસભ્યશ્રી ધર્મેન્દ્રસિંહ વાઘેલા, પારુલ યુનિવર્સિટીના હોદ્દેદારો,વિધાર્થીઓ, સ્વાયત સંસ્થાઓના પ્રતિનિધિઓ, રિસર્ચ સ્કોલર,નીતિ નિર્ધારકો તેમજ વિવિધ કંપનીઓના સી.એસ.આર વિભાગના વડાઓ ઉપસ્થિત રહ્યા હતા.




## કાળઝાળ ગરમી વચ્ચે ડભોઈમાં સર્જાયો હિલ સ્ટેશન જેવો માહોલ

। (એજન્સી) ડભોઈ, તા.૨૯ ।

હવામાન વિભાગ અને હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલ, પરેશ ગોસ્વામી કરેલી માવઠાની આગાહી વચ્ચે વડોદરાના ડભોઈ તાલુકાના વાતાવરણમાં પલટો આવ્યો છે. ડભોઈમાં ધુમ્મસ આવતા હિલ સ્ટેશન જેવો માહોલ જોવા મળ્યો હતો. ધુમ્મસના કારણે વાહન ચાલકોને હાલાકીનો સામનો કરવો પડ્યો છે. જો કે કાળઝાળ ગરમી વચ્ચે વાતાવરણમાં પલટો આવતા સ્થાનિકોને અંગ દઝાડતી ગરમીમાંથી રાહત મળી છે. એટલું જ નહીં ભર ઉનાળે શિયાળા જેવો માહોલ સર્જાયો હતો. કમોસમી વરસાદની આગાહી વચ્ચે અચાનક વાતાવરણમાં પલટો આવતા કાળઝાળ ગરમીથી લોકોને રાહત તો મળી છે. પરંતુ આ સાથે જ ખેડૂતોમાં ચિંતાનો માહોલ પણ જોવા મળ્યો છે. જો કમોસમી વરસાદ પડે તો પાક બગડી જાય તેની ભીંતિ છે. હવામાન શાસ્ત્રી અંબાલાલ પટેલની આગાહી અનુસાર માર્ચ મહિનાના અંત અને એપ્રિલ મહિનાની શરૂઆત ગુજરાત માટે ખુબ જ ભારે રહી શકે છે.

## ૧૨ વર્ષની માગ બાદ રાજ્યના HTAT બદલી નિયમોમાં કરાયો સુધારો

। (એજન્સી) અમદાવાદ, તા.૨૯ ।

ગુજરાતભરના પ્રાથમિક શાળાઓના મુખ્ય શિક્ષકને લઈને સારા સમાચાર સામે આવ્યા છે. જેમાં રાજ્યના **HTAT** સંવર્ગના બદલી નિયમોનો સુધારા ઠરાવ આજે શુક્રવારે (૨૮ માર્ચ, ૨૦૨૫) બહાર પાડ્યો છે. આ મામલે શિક્ષણમંત્રીએ સોશિયલ મીડિયામાં પોસ્ટ શેર કરીને જાણકારી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, 'ટૂંક સમયમાં જિલ્લા ફેરબદલી કેમ્પ કરવામાં આવશે.' રાજ્યમાં છેલ્લા ૧૨ વર્ષથી પ્રાથમિક શિક્ષણ વિભાગમાં મુખ્ય શિક્ષકોની જિલ્લા ફેરબદલી કરવામાં આવી ન હોવાનો શિક્ષકોનો દાવો છે, ત્યારે છેલ્લા ઘણા સમયથી શિક્ષકો દ્વારા આંદોલન કરવામાં આવી રહ્યું છે.

### સુરતની ભાગોળેથી વાગતા લાલ ટાવરના ટકોરા સમગ્ર સુરતમાં સંભળાતા

# ૧૮મી સદીમાં બનેલો ભાગળનો ઐતિહાસિક લાલ ક્લોક ટાવર સુરતના ગૌરવભર્યા ઈતિહાસનો સાક્ષી

। સુરત, તા.૨૯ ।

સુરત એક સમયે સમગ્ર ભારતનું અગ્રણી વ્યાપારી શહેર અને વિશ્વના જગપ્રસિધ્ધ બંદરોમાંનું એક ગણાતું હતું. સમગ્ર ભારતના ઈતિહાસના મધ્યયુગથી સુરત એક અગત્યના વેપાર કેન્દ્ર તરીકે પ્રસિદ્ધ છે. સુરતનો ભાગળ વિસ્તાર અને ભાગળ રોડ રાજમાર્ગ તરીકે ઓળખાય છે. રાજમાર્ગ પર આવેલી પુરાતન હવેલીઓ, મસ્જિદો અને મંદિરો તેમજ અન્ય ઐતિહાસિક સ્મારકો માટે જાણીતો છે.

ભાગળ પાસે ઝાંપાબજાર વિસ્તારમાં આવેલો ક્લોક ટાવર આજે પણ અડીખમ ઉભો છે. ૧૮મી સદીમાં બનેલો ભાગળનો આ ઐતિહાસિક લાલ ક્લોક ટાવર સુરતના ગૌરવભર્યા ઈતિહાસનો સાક્ષી છે, જે શહેરના સમૃદ્ધ ઈતિહાસને પ્રતિબિંબિત કરે છે. ક્લોક ટાવરનું નિર્માણ ૧૮૭૧ના દાયકામાં થયું હતું. તે સમયે સુરત એક મહત્વપૂર્ણ વેપારી કેન્દ્ર હતું અને ક્લોક ટાવર શહેરની આગવી ઓળખ બન્યો હતો. યુરોપિયન શૈલીથી તૈયાર



થયેલો ક્લોક ટાવર સુરતના સૌથી જૂના સ્મારક અને સ્થાપત્ય કળાનું આગવું પ્રતિક છે. ટાવરની ઘડિયાળ રૂ.૨૨૩ પાઉન્ડ અને સંપૂર્ણ ટાવર તે સમયે ૧૪૦૦૦ રૂપિયાની લાગતથી તૈયાર થયો હતો. ઈ.સ. ૧૮૭૧ના સમયકાળમાં સુરત દેશવિદેશના વેપારીઓ માટે મોટું વ્યાપારી કેન્દ્ર હતું. તે સમયના જાણીતા પારસી વ્યાપારી ખાન બહાદુર બરજોરજી મેરવાનજી ફ્રેઝરના પિતાજી મેરવાનજી ફ્રેઝરનું અવસાન થયું હતું. તે સમયે યાદગીરી માટે સ્મારકો બંધાવવાનું ચલણ હતું. એટલે ખાનબહાદુર બરજોરજી ફ્રેઝરે પોતાના પિતાની યાદમાં શહેરના મધ્યભાગમાં ભાગળ પાસે ઝાંપાબજારમાં આવેલા એક મોટા કૂવાના સ્થાન પર ૮૦ ફૂટની ઊંચાઈનો ક્લોક ટાવર બંધાવ્યો હતો. એ સમયે સમગ્ર સુરત શહેરના કોઈ પણ ખુણેથી ટાવર જોઈ શકાતો હતો અને દર કલાકે વાગતા ટકોરા સમગ્ર શહેરમાં સાંભળી શકાતા હતા. ક્લોક ટાવરના ઘડિયાળની કલા અને ડિઝાઈન સૌ કોઈને મોહિત કરે તેવી છે. તેમાં રોમન અંકમાં આંકડાઓ લગાડવામાં આવ્યા છે. આ ક્લોક ટાવરમાં ચારેય દિશામાં ચાર ઘડિયાળ છે. ટાવરમાં એક મોટું ઘંટાઘર છે. ઐતિહાસિક ક્લોક ટાવર વિષે જૂની યાદો વાગોળતા સુરતના ૮૩ વર્ષીય દુકાનદાર ઈબ્રાહિમ અબ્દુલ હુસેન માંજનીવાલાએ કહ્યું હતું કે, સુરતના ભવ્ય ભૂતકાળનો હું સાક્ષી રહ્યો છું.. સુરતના રાજમાર્ગ ઉપર રેલ્વે સ્ટેશનથી ડચ ગાર્ડન સુધી ઘોડાગાડીઓ ચાલતી. સુરતનો ક્લોક ટાવર અને અંગ્રેજોની કોઠી સુપ્રસિધ્ધ હતી.

# સરકારશ્રીના બાગાયતી વિભાગ તરફથી ફૂલવંતીબેનને નેટ બાંધકામ માટે રૂ. ૨ લાખ ૫૨ હજાર ૫૦૦ની સહાય મળી

। દાહોદ, તા.૨૯ ।

દાહોદ જિલ્લાના સંજેલી તાલુકાના ભામણ ગામના રહેવાસી હુરસીંગભાઇ માલ પોતે સરકારી શિક્ષક તરીકે સેવા આપી રહ્યા છે, સાથોસાથ તેઓ વર્ષોથી ખેતી પણ કરે છે. તેમનું માનવું છે કે, આપણે મૂળ ખેડૂત છીએ જેથી કરીને ગમે એવી નોકરી કરવા છતાં ખેતી કરવી ન છોડવી જોઈએ. તેઓ તમામ પ્રકારના સીઝનલ પાક તેમજ શાકભાજી કરીને ખેતી માટે અગ્રેસર પણ રહ્યા છે. વર્ષ ૨૦૧૨ માં આત્મા પ્રોજેક્ટના સંપર્કમાં આવ્યા પછી તેઓએ પ્રાકૃતિક ખેતી અપનાવી હતી.

હુરસિંગભાઈના પત્ની કે જેઓ મોટેભાગે ખેતીકામ સંભાળે છે, તેમની જોડે વાત કરતા તેમણે પોતાનો અનુભવ જણાવતા કહ્યું હતું કે, પહેલા અમે શાકભાજી ખુલ્લા ખેતરમાં કરતાં હતા ત્યારે પશુ-પક્ષીઓ અને ભુંડના ત્રાસના કારણે શાકભાજી અને કરેલ વાવેતરમાં અમને મોટું નુકસાન થતું હતું. ખેતી પાછળ કરેલો ખર્ચો પણ તેમાંથી નીકળતો ન હતો. ઊભો પાક બરબાદ થતો અને ઉપરથી તેની પાછળ કરેલી મહેનત અને ખર્ચ બધું એળે જતું હતું. એમ કહીએ કે, ખોટ જ ભાગે આવતી હતી.

અમને સરકારશ્રીના બાગાયતી વિભાગ તરફથી મળતી સ્વ-રોજગારલક્ષી બાગાયતી નર્સરી વિકાસ કાર્યક્રમ હેઠળ મળતી આર્થિક સહાય વિષે જાણકારી મળી, એટલે અમે સહાય મેળવવા ઓનલાઈન



પ્રોસેસ કરી હતી. ગુજરાત સરકારના ઇ-ખેડૂત પોર્ટલ પર જઈને સ્વ રોજગારલક્ષી બાગાયતી નર્સરી યોજના માટે પૂર્વ મંજૂરી માટે અરજી કરી હતી. અરજીની મંજૂરી મળ્યા બાદ સ્વખર્ચે ૩ લાખ ૫૦ હજારનો ખર્ચ કરી સરકાર દ્વારા પસંદ કરેલી સર્ટીફાઇડ કંપની દ્વારા નર્સરી બનાવી હતી.

ત્યારબાદ બાગાયતી વિભાગની ટીમ દ્વારા સ્થળ પર જઈ ચકાસણી કરીને નર્સરી ખરેખર કેટલી જગ્યામાં બનાવેલ છે. નક્કી કરેલ માપ મુજબ છે કે નહી તેની તપાસ કરી વિગતો લઈ સાધન સામગ્રીના કાગળો જમા લઈને રૂપિયા ૨ લાખ ૬૨ હજાર ૫૦૦ ની સહાય મંજુર કરી ૭૫ % જેટલી સરકારે સહાય ચૂકવી હતી. જે આપણા જેવા સામાન્ય ખેડૂતો માટે કઈ નાની રકમ કહેવાય નહી.

### વોરંટ ઇસ્યુ કરી મિલકતો સીલ કરવાની ઝુંબેશ હાથધરવામાં આવી

# ગાંધીનગરમાં મનપાએ મિલકત વેરો ન ભરનાર ૯૯ દુકાનોને સીલ માર્યા

।(એજન્સી) ગાધીનગર, તા.૨૯।

વેરો નહીં ભરપાઈ કરનારા ગાંધીનગર શહેરના મિલકત ધારકો સામે મહાનગરપાલિકાની મિલકતવેરા શાખાને આખરે લાલ આંખ કરવાની ફરજ પડી છે અને બાકીદારો સામે ટાંચ અને જપ્તી વોરંટ ઈસ્યુ કરી મિલકતો સીલ કરવાની ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. તેના પગલે ગુરૂવારે મનપા તંત્ર દ્વારા ૯૯ દુકાનોને સીલ મારી દેવામાં આવ્યા છે. ઉલ્લેખનિય છે કે ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫માં કુલ ૧,૨૦,૭૦૩ મિલકત ધારકો દ્વારા રૂ.૭૨.૯૩ કરોડનો મિલકતવેરો ભરપાઇ કરવામાં આવ્યો છે. ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ઘણાં સમયથી વેરો નહીં ભરનારા અને મોટી રકમ ચઢી ગઇ હોય તેવા મિલકત ધારકોની યાદી બનાવવામાં આવી હતી.

તે પછી તે તમામને વેરો ભરપાઇ કરવા માટે આખરી નોટિસો આપવામાં આવી હતી. તે પછી પણ મિલકતવેરો ભરપાઈ કરવામાં નહીં આવતા તંત્રએ બાકીદારો સામે ટાંચ અને જપ્તી વોરંટ ઇસ્યુ કરી મિલકતો સીલ કરવાની ઝુંબેશ હાથધરવામાં આવી છે.

### રાજ્યની વધુ એક નગરપાલિકાએ દેવાળું ફૂંક્યુ

# સલાયા નગરપાલિકાનું ૪૫ લાખનું વીજ બિલ બાકી હોવાથી PGVCLએ કનેક્શન કાપી નાખ્યું

। (એજન્સી) દ્વારકા, તા.૨૯ ।

જો કોઈ સામાન્ય માનવી વીજળી બિલ ના ભરે તો તેના કનેક્શન કાપવાથી લઈને ડબલ દંડની ભરપાઈ કરવા માટે દબાણ કરાય છે. પણ લોકો પાસેથી વેરા તેમજ ટેક્સના રૂપિયા ઉઘરાવી શહેરમાં સગવડો પુરી પાડવાની વાતો કરતી પાલિકા બિલ ન ભરે તો તેના પર શુ કાર્યવાહી તે સૌથી મોટો સવાલ ઉભો થાય છે. ત્યારે વર્તમાનમાં પણ કંઈક આવા જ હાલ છે.

રાજ્યમાં અનેક નગર પાલિકાના બિલ બાકી છે. જેના કારણે સામાન્ય માણસને મુશ્કેલીનો સામનો કરવાનો વારો આવે છે. જો કે, તે સામાન્ય માનવી ટાઈમસર તેનો વેરો ભરી દે છે, પરંતુ સામે સગવડો ઝાંખી મળે છે. ત્યારે રાજ્ય વધુ એક નગર પાલિકા સામે આવી છે. જેનો લાખોમાં બિલ બાકી છે. દ્વારકાની સલાયા નગરપાલિકાનું લાખોનું વીજ બાકી હોવાથી વિજ કનેક્શન કાપી નાખવામાં આવ્યું છે.

રાજ્યની વધુ એક નગર પાલિકાએ દેવાળું ફૂંક્યું છે. દ્વારકાની સલાયા નગરપાલિકાનું ૪૫ લાખનું વીજ બિલ બાકી હોવાથી **PGVCL**એ કનેક્શન કાપી નાખ્યું છે. સલાયા પાલિકાના ૩ જેટલા વીજ જોડાણ કાપી નખાયા છે. પાલિકાનું બિલ્ડિંગ, સ્ટ્રીટ લાઈટ અને કોમ્યુનિટી હોલનું કનેક્શન પણ કાપી નાંખવામાં આવ્યું છે. પાલિકાની બેદરકારીના કારણે સલાયા શહેરમાં અંધારપટ છવાયું છે. રાજ્યની કેટલીય નગર પાલિકાઓને લાખોથી કરોડો રૂપિયાના બિલ બાકી હોવાનું સામે આવ્યુ છે. ઉત્તર ગુજરાત હોય, મધ્ય ગુજરાત હોય કે હોય સૌરાષ્ટ્ર અને કચ્છ. તમામ ઝોનની નગર પાલિકાઓથી લઈને અનેક કચેરીઓના લાખો રૂપિયાના વીજબિલ બાકી હોવાનો પર્દાફાશ થયો છે.

## ભરૂચમાં શેરડીના ખેતરમાં થી ૭ દિવસમાંથી 3 માનવ કંકાલ-મૃતદેહ મળ્યા

। (એજન્સી) ભરૂચ, તા.૨૯ ।

ભરૂચ જિલ્લામાં શેરડીના ખેતરોમાંથી સતત મૃતદેહો મળવાનું ચાલુ રહેતા ચકચાર મચી છે. અંકલેશ્વરના બાકરોલ, ઝઘડિયાના કરાડમાં ખેતરમાંથી માનવ કંકાલ મળ્યા બાદ હવે વાલીયામાં શેરડીના ખેતરમાંથી અર્ધ સળગેલી હાલતમાં મૃતદેહ મળી આવતા ખળભળાટ મચી જવા પામ્યો છે ત્યારે શેરડીના ખેતરો મોતની અગનભઠ્ઠી બની રહ્યા હોય એવું લાગી રહ્યું છે. દક્ષિણ ગુજરાતમાં અનુકૂળ જમીનના કારણે શેરડીના પાકનું મહત્તમ વાવેતર કરવામાં આવે છે પરંતુ આ શેરડીના ખેતરો જાણે હવે મોતની અગનભઠ્ઠી બની રહ્યા હોય તેવું લાગી રહ્યું છે.

# સમગ્ર શિક્ષા અભિયાન અંતર્ગત બોરસદના ધનાવશીની પ્રાથમિક શાળાના નવનિર્મિત વર્ગખંડોનું લોકાર્પણ કરતા નાયબ મુખ્ય દંડક શ્રી રમણભાઈ સોલંકી







। (માહિતી) આણંદ ।

આણંદ,શનિવાર:: સમગ્ર શિક્ષા અભિયાન અંતર્ગત બોરસદના ધનાવશીની પ્રાથમિક શાળાના નવનિર્મિત વર્ગખંડોનું લોકાર્પણ કાર્યક્રમ નાયબ મુખ્ય દંડક શ્રી રમણભાઈ સોલંકીના અધ્યક્ષપદે યોજાયો હતો. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના વિકાસ મંત્ર "સૌના સાથ, સૌના વિકાસ, સૌના વિશ્વાસ, સૌના પ્રયાસને" યાદ કરતાં જણાવ્યું કે,વિકાસના કોઈ પણ કામને ચરિતાર્થ કરવા હોય જન પ્રતિનિધિઓએ સૌના વિશ્વાસ પર સાચા ઉતરવા માટે સૌના પ્રયાસની જરૂરીયાત રહેતી હોય છે.આથી લોકભાગીદારી વિના વિકાસનો કામો પાર પાડવા એ મુશ્કેલ કાર્ય નાયબ મુખ્ય દંડકશ્રીએ ગણાવ્યું હતું. રૂ.૪૭ લાખના ખર્ચે નિર્માણ પામેલ વર્ગખંડોના લોકાર્પણ પ્રસંગે નાયબ મુખ્ય દંડકશ્રીએ ઉમરેતા વધુમાં જણાવ્યું હતું કે, ભારતનું સાચું ભવિષ્ય નાના ભૂલકાઓ ગણાવતા તેમના શૈક્ષણિક ક્ષેત્રે બાળકોને સકારાત્મક વાતાવરણ પૂરું પાડવામાં આવશે તો વડાપ્રધાનશ્રીના વિકસિત ભારત જ ૨૦૪૭ના સ્વપનને ઝડપથી પૂર્ણ કરાશે,તેમ તેમણે વિશ્વાસપૂર્વક જણાવ્યું હતું. આ વેળાએ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી હસમુખભાઈ પટેલે પ્રાસંગિક પ્રવચન કરતા જણાવ્યું હતું કે,બાળકોને સવારના નાસ્તામાં ચણા આપવામાં તેમ વાલીઓએ ઘરે પણ બાળકોને પૌષ્ટિક આહાર આપીને બાળકની તંદુરસ્તી જળવાય તેના પર વિશેષ ભાર પ્રમુખશ્રીએ મૂક્યો હતો.વધુમાં વરિષ્ઠ ગામજનોને આયુષ્યમાન કઢાવીને આરોગ્ય સહિત અન્ય સરકારી યોજનાઓ લાભ લેવા અનુરોધ કર્યો હતો. આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી હસમુખભાઈ પટેલ,જિલ્લા શિક્ષણ સમિતિના અધ્યક્ષ સુનિલભાઈ સોલંકી,નાયબ જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી આર.આર. સોલંકી, સરપંચશ્રી, ઉપસરપંચશ્રી, તલાટી કમ મંત્રીશ્રી, ધનાવશી પ્રાથમિક શાળાના આચાયશ્રી અને શિક્ષણ ગણ સહિત પદાધિકારીશ્રીઓ તથા અધિકારીશ્રીઓ સહિત મોટી સંખ્યામાં વાલીગણ ઉપસ્થિત રહ્યાં હતા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

### બીટનું સેવન કરવાથી ઇમ્યુનિટી સિસ્ટમ બુસ્ટ થાય છે

## બીટની તાસીર ઠંડી હોય કે ગરમ?

**બીટની ચિપ્સ બનાવીને પણ ખાઈ શકો છો, બીટની ચિપ્સ તમે બાળકોને નાસ્તામાં પણ આપી શકો છો**



બીટ પોષક તત્વોથી ભરપૂર હોય છે. બીટનું સેવન તમે નિયમિત કરો છો તો હેલ્થને ગજબનાં ફાયદાઓ થાય છે. પરંતુ બહુ ઓછા લોકો જાણે છે કે બીટની તાસીર ઠંડી હોય કે ગરમ? બીટ અનેક ગુણોથી ભરપૂર હોય છે. બીટમાં રહેલાં ગુણો ઓવરઓલ હેલ્થ માટે ફાયદાકારક છે. બીટનું સેવન કરવાથી સ્વાસ્થ્યને લગતી અનેક નાની-મોટી બીમારીઓ દૂર થાય છે. બીટ એક નહીં, પરંતુ અનેક પ્રકારનાં ઔષધીય ગુણોથી ભરપૂર હોય છે. પરંતુ શું તમે જાણો છો બીટની તાસીર ઠંડી હોય છે કે ગરમ? આ વિશે મોટાભાગનાં લોકો જાણતા નથી. આ સાથે જાણી લો બીટનું સેવન કરવાની સાચી રીત કઈ છે. કેવી હોય છે બીટની તાસીર?: તમારી જાણકારી અનુસાર જણાવી દઈએ કે બીટની તાસીર ઠંડી હોય છે. આ કારણે ઠંડીની સિઝન કરતાં તમે ગરમીમાં ખાઓ છો તો હેલ્થને અઢળક ફાયદો થઈ શકે છે. બીટમાં મેગેનીઝ, પોટેશિયમ, આયરન, ફોલેટ, વિટામીન એ, વિટામીન બી૬, વિટામીન સી સહિત અનેક પ્રકારનાં તત્વો હોય છે જે હેલ્થ માટે અનેક રીતે ગુણકારી છે. બીટનું સેવન કેવી રીતે કરશો?: કેટલાક લોકો બીટને કાચું પણ ખાતા હોય છે. સલાડમાં મિક્સ કરીને તમે બીટ ખાઓ છો તો પણ ફાયદો થાય છે. હેલ્થ એક્સપર્ટ અનુસાર બીટને તમે સ્ટીમ કરીને તમે કુક કરીને ખાઓ છો તો વધારે ફાયદો થઈ શકે છે. તમે ઈચ્છો છો તો બીટને તમે બાફીને પણ ખાઈ શકો છો. આમ, તમે બીટનું આ રીતે સેવન કરશો તો હેલ્થને અઢળક ફાયદાઓ થાય છે. જાણો ફાયદાઓઃ બીટનું સેવન કરવાથી ઈમ્યુનિટી સિસ્ટમ બુસ્ટ થાય છે. આ સાથે ગટ હેલ્થ ઈમ્પ્રુવ કરે છે. તમારા શરીરમાં લોહીની ઉણપ છે તો તમે બીટનું સેવન કરો. બીટનું સેવન તમે રેગ્યુલર કરો છો તો બ્રેન હેલ્થ માટે અનેક રીતે ગુણકારી છે. હાર્ટને લગતી બીમારીઓમાંથી રાહત અપાવવા માટે બીટ અનેક રીતે ગુણકારી છે. તમે બીટનો જ્યૂસ પણ પી શકો છો. બીટનો જ્યૂસ તમે ફટાફટ અને સરળતાથી ઘરે કાઢી શકો છો.

## વારંવાર પેટમાં થઈ રહી છે બળતરા અને ગેસ?

**એસિડિટીથી રાહત મેળવવા માટે નિયમિત ભોજન કરો, મસાલેદાર અને તળેલું ખાવાનું ટાળો, કેફીન અને કોલ્ડ ડ્રિંક્સથી દૂર રહો**



એસિડિટીથી રાહત મેળવવા માટે નિયમિત ભોજન કરો, મસાલેદાર અને તળેલું ખાવાનું ટાળો, કેફીન અને કોલ્ડ ડ્રિંક્સથી દૂર રહો, ફાઈબરયુક્ત આહાર લો અને પાણીની માત્રા વધારો. જો તમને વારંવાર એસિડિટી થાય છે અને રાહત મળતી નથી, તો તમારા ખોરાકમાં થોડો ફેરફાર કરીને આ સમસ્યાથી છુટકારો મેળવી શકાય છે. એસિડિટી સામાન્ય રીતે ખોટા ખોરાક અને અનિયમિત જીવનશૈલીના કારણે થાય છે. પરંતુ જો તમે તમારા દૈનિક ખોરાકની આદતોમાં થોડો ફેરફાર કરો, તો રાહત મેળવવી સરળ બની શકે છે. જાણો કેટલાક સરળ અને અસરકારક ટિપ્સ, જે એસિડિટીથી બચવામાં તમારી મદદ કરી શકે છે. દરરોજ એક નક્કી સમય પર ભોજન કરો. તમારા ખાવાના સમયને નક્કી કરો કે, ક્યારે ભોજન કરવું છે અને લાંબા સમય સુધી ભૂખ્યા ન રહો, કારણ કે આનાથી પેટમાં ગેસ થવાની સમસ્યા થઈ શકે છે. દર ૨થી ૩ કલાકે કંઈક હળવું અને પૌષ્ટિક જરૂર ખાઓ, જેથી પાચન યોગ્ય રહે. મસાલેદાર અને તળેલું ખાવાનું ટાળો. વધુ મસાલેદાર, તળેલું અથવા શેકેલું ખાવું ટાળો, કારણ કે તે એસિડિટી વધારી શકે છે. સારું રહેશે કે, તમે હળવું, ઉકાળેલું અને ઓછા મસાલાવાળું ખાવાનું કરો, જેથી પાચન યોગ્ય રહે અને એસિડિટી ન થાય. મસાલેદાર અને તળેલું ખાવાનું ટાળો. વધુ મસાલેદાર, તળેલું અથવા શેકેલું ખાવું ટાળો, કારણ કે તે એસિડિટી વધારી શકે છે. સારું રહેશે કે, તમે હળવું, ઉકાળેલું અને ઓછા મસાલાવાળું ખાવાનું કરો, જેથી પાચન યોગ્ય રહે અને એસિડિટી ન થાય. ફાઈબરયુક્ત આહાર લો. લીલા શાકભાજી, ફળ, સંપૂર્ણ અનાજ અને સલાડનું સેવન વધુ કરો, કારણ કે ફાઈબરયુક્ત આહાર પાચન શક્તિને સંતુલિત કરે છે. તમે કેળા, કાકડી, તરબૂચ અને નાળિયેર પાણીનું સેવન કરી શકો છો, જે આરોગ્ય માટે ફાયદાકારક હોય છે અને એસિડિટી ઘટાડવામાં મદદ કરે છે. પાણીની માત્રા વધારો. દિવસભર ઓછામાં ઓછા ૧૦થી ૧૫ ગ્લાસ પાણી જરૂર પીવો, કારણ કે તે શરીરમાંથી એસિડિટી વધારનાર તત્વોને બહાર કાઢવામાં મદદ કરે છે. આ સાથે, તમે તુલસી અને આદુનું સેવન પણ કરી શકો છો, જે પાચનતંત્રને મજબૂત બનાવવામાં અને એસિડિટીથી રાહત અપાવવામાં અસરકારક હોય છે.

### ઈમિગ્રેશન સિસ્ટમને તબક્કાવાર સંપૂર્ણ ડિજિટાઇઝ કરવાની યોજના

# શું ઉનાળામાં લસણ ખાવાથી કિડનીને નુકસાન થાય છે?

**ઉનાળામાં લસણ ખાવાથી કિડનીને નુકસાન થતો છે કે નહીં, તે બાબત પર સ્પષ્ટતાપૂર્વક જણાવવું શક્ય નથી**





ઉનાળામાં લસણ ખાવાની ચિંતાઓઃ ઉત્તમ પ્રમાણમાં ખાવુંઃ લસણનો વધુ પ્રમાણમાં ઉપયોગ, ખાસ કરીને કાચું, પાચકતંત્રને બગાડી શકે છે અને આથી છાલ અને પેટના સમસ્યાઓ પેદા કરી શકે છે. કિડની પર અસરઃ જો કોઈ વ્યક્તિ પહેલેથી કિડનીની સમસ્યાઓથી પીડિત હોય, તો લસણમાં રહેલા વિટામિન ઝ અને આયોડિન કે અન્ય તત્ત્વો વધુ કીડની પર ભાર પાડી શકે છે. સંતુલિત આહાર, લસણ ખાવું, પરંતુ યોગ્ય પ્રમાણમાં અને વિવિધ આહાર સાથે બેલેન્સ કરવું વધુ ફાયદાકારક છે. માત્ર લસણ પર આધાર રાખવાનું કરતા, હલકો અને પોષણથી ભરપૂર આહાર પર ધ્યાન આપવું મહત્વપૂર્ણ છે. વિશેષ સલાહઃ જો તમારી પાસે કિડનીની બીમારી હોય અથવા આરસાથી સંકોચેલી બીમારીઓ (જેમ કે લોહીનું દબાણ, આરોગ્યની અન્ય સમસ્યાઓ), તો ડોકટરની સલાહ મુજબ લસણનો ઉપયોગ કરવો. સારાંશરૂપે, જો તમે સ્વસ્થ છો અને સામાન્ય રીતે લસણ ખાવામાં સંકોચ નથી, તો લસણનું સંતુલિત અને શ્રેષ્ઠ પ્રમાણમાં સેવન ખાવાથી કોઈ ખાસ નુકસાન થતો નથી. આ માત્ર ભોજનનો સ્વાદ વધારતું નથી, પરંતુ તેમાં ઘણા ઔષધિય ગુણો પણ છે, જે આપણા શરીરને ફિટ રાખવામાં મદદ કરે છે. તેમાં વિટામિન A, B, C ઉપરાંત સલ્ફયુરિક એસિડ, આયર્ન, કાર્બોહાઈડ્રેટ, ફેટ અને પ્રોટીન મળે છે. જેનાથી આપણા શરીરનો ઈન્ફેક્શન દૂર થાય છે. આ માત્ર ભોજનનો સ્વાદ વધારતું નથી, પરંતુ તેમાં ઘણા ઔષધિય ગુણો પણ છે, જે આપણા શરીરને ફિટ રાખવામાં મદદ કરે છે. તેમાં વિટામિન છ, મ, ઝ ઉપરાંત સલ્ફયુરિક એસિડ, આયર્ન, કાર્બોહાઈડ્રેટ, ફેટ અને પ્રોટીન મળે છે. જેનાથી આપણા શરીરનો ઈન્ફેક્શન દૂર થાય છે. સાથે જ આ શરીરના તાપમાનને પણ નિયંત્રિત રાખે છે. ઘણા લોકો માને છે કે લસણ શરીર માટે ફાયદાકારક છે, પરંતુ ઉનાળામાં તેને ખાવું ન જોઈએ. શું આ વાત સાચી છે? સૌથી પહેલા લસણના ફાયદાઓની વાત કરીએ. લસણના સેવનથી જૂની સર્દી, ફેફસાંનો દુખાવો, જુકામ, ન્યુમોનિયા અને અસ્થમા ઓછા થાય છે. તેને ખાવાથી હૃદય સાથે-સાથે શ્વાસની બીમારીઓ પણ દૂર થાય છે. આ માટે તમે રોજ સવારે નિત્યક્રિયા પછી ખાલી પેટ લસણની એક કળી ખાઈ શકો છો. જેઓને હાઈ બ્લડ પ્રેશરની સમસ્યા હોય છે, તેમના માટે પણ લસણ ખાવું ફાયદાકારક માનવામાં આવે છે. તેમાં એન્ટીબાયોટિક અને એન્ટી ઈન્ફ્લેમેટરી ગુણો હોય છે, જેનાથી બ્લડ સર્ક્યુલેશન સુધરે છે અને માથાનો દુખાવો અને ઉલટીની સમસ્યા દૂર થાય છે. લસણ ખાવાથી લોહી પાતળું થાય છે અને તેના પ્રવાહની ગતિ તેજ થાય છે, જેનાથી હાર્ટ એટેકનો ખતરો ઘટે છે. જો કોઈના દાંતમાં દુખાવો હોય તો તેના માટે લસણ રામબાણ માનવામાં આવે છે. તેમાં કેલ્શિયમ ઉપરાંત એન્ટી બેક્ટેરિયલ અને એન્ટી ઈન્ફ્લેમેટરી ગુણો હોય છે, જેનાથી દાંતના દુખાવામાં જલ્દી રાહત મળે છે. તેને યોગ્ય રીતે ઉપયોગ કરવા માટે લસણની એક કળી પીસી દાંતના દુખાવાવાળી જગ્યાએ લગાવો. આવું કરવાથી તમને રાહત મળશે. હવે વાત આવે છે કે શું ઉનાળામાં લસણ ખાવું જોઈએ કે નહીં, તો તેનો જવાબ છે કે તમે ખાઈ શકો છો. હેલ્થ એક્સપર્ટોના મતે ઉનાળામાં લસણ ખાવામાં કોઈ તકલીફ નથી. પરંતુ તેની માત્રા ઓછી રાખવી જોઈએ. હકીકતમાં લસણની તાસીર ગરમ હોય છે.

## વારંવાર થાય છે માથાનો દુખાવો? ચા છોડો, ભૂખ્યા રહેવાનું ટાળો

**ગરમીની તીવ્રતા દિવસેને દિવસે વધી રહી છે, ઘણા સ્થળોએ તાપમાન ૪૦ ડિગ્રી કે તેથી વધુ થઈ ગયું છે**





ગરમીની તીવ્રતા દિવસેને દિવસે વધી રહી છે. ઘણા સ્થળોએ તાપમાન ૪૦ ડિગ્રી કે તેથી વધુ થઈ ગયું છે. આ ભયંકર ગરમીમાં પણ ઘણા લોકોને મહેનતના કામ કરવા પડે છે. ગરમીની તીવ્ર તડકામાં મહેનત કરનારા લોકોએ ખાસ ધ્યાન રાખવું જોઈએ. કારણ કે, તીવ્ર તડકાના કારણે માઈગ્રેનની સમસ્યા થઈ શકે છે. માઈગ્રેનના શું લક્ષણો છે અને તેનાથી બચવા માટે શું કરવું જોઈએ? તીવ્ર તડકામાં રહેવાથી માઈગ્રેનની સમસ્યા થઈ શકે છે. આ સાથે જ સતત ઠંડુ પાણી પીવાથી પણ અડધા માથામાં દુખાવો થઈ શકે છે. આ અડધા માથાનો દુખાવો ખૂબ જ તીવ્ર હોઈ શકે છે. કોઈ વ્યક્તિ માટે તીવ્ર સુગંધ પણ માઈગ્રેનનું કારણ બની શકે છે. તેથી તીવ્ર સુગંધથી દૂર રહેવું જોઈએ. જ્યારે ગરમીની તીવ્રતા વધારે હોય છે, ત્યારે આંખો સામે ચમક આવી શકે છે. ગળું સુકાઈ શકે છે, લાંબા સમય સુધી ભૂખ્યા રહેવાથી માઈગ્રેનની સમસ્યા થવાની સંભાવના વધી જાય છે. ઘણી વખત ખાવાના સમયે ચા કે નાસ્તો કરીને અડધા પેટ ભૂખ્યા રહેવાની આદત થઈ જાય છે. પરંતુ આ આદતના કારણે તેમને માઈગ્રેન જેવી બીમારીનો સામનો કરવો પડી શકે છે. તેથી લાંબા સમય સુધી ભૂખ્યા પેટ ન રહેવું જોઈએ. લાંબા સમય સુધી ભૂખ્યા પેટે ન રહેવું, તીવ્ર તડકામાં કામ કરવાથી બચવું, મહિલાઓએ કસીને વાળ ન બાંધવા, ઠંડા પાણીથી નહાવાથી બચવું. માઈગ્રેનના લક્ષણો અલગ-અલગ હોઈ શકે છે. તેથી સમસ્યા થાય ત્યારે નિષ્ણાતની સલાહ લો, તેમની સલાહ મુજબ દવાઓ લો. ગરમીની તીવ્રતા વધી રહી છે. તડકામાં મહેનત કરનારા લોકોને તડકાથી પૂરતી સુરક્ષા લઈને કામ કરવું જોઈએ. પૂરતી માત્રામાં પાણી પીવું, માથા પર રૂમાલ બાંધવો કે ટોપી પહેરીને કામ કરવું. લાંબા સમય સુધી તડકામાં રહેવાથી આંખો સામે ચમક આવી શકે છે, અડધા માથામાં દુખાવો થઈ શકે છે. જેમને સુગંધથી એલર્જી છે, તેઓ તીવ્ર સુગંધના સંપર્કથી દૂર રહેવું, જો તીવ્ર માથાનો દુખાવો થાય તો નિષ્ણાત ડૉક્ટરની સલાહ લો.

### પેટ સાફ ન થવાને કારણે અનેક સમસ્યા થતી હોય છે

## શું તમે પણ કબજિયાતની સમસ્યાથી કંટાળ્યા છો?

**કબજિયાતની સમસ્યા વ્યક્તિને હેરાન કરી દે છે, ઘરેલુ ઉપાયોની મદદથી જડમૂળમાંથી કબજિયાતની સમસ્યા દૂર કરી શકો છો**



કબજિયાત એક એવી સમસ્યા છે જેમાં મળ કઠોર થઈ જાય છે જેના કારણે તમારું પેટ સાફ થતું નથી. પેટ સાફ ન થવાને કારણે અનેક સમસ્યા થતી હોય છે. આ કારણે ઘણીવાર વારંવાર વોશરૂમ પણ જવું પડે છે. પેટ સાથે જોડાયેલી આ સમસ્યા અનેક કારણો થઈ શકે છે, જેમ કે ડાયટમાં ફાઈબરની કમી, વધારે તળેલો ખોરાક ખાવાની આદત, બોડી એક્ટિવિટીમાં કમી, સ્ટ્રેસ, ડિહાઈડ્રેશન જેવી અનેક સમસ્યા થતી હોય છે. તમને કબજિયાતની તકલીફ વધારે છે તો તમે મોડું કર્યા વગર ડોક્ટરનો સંપર્ક કરો. આમ, તમે કબજિયાતની સમસ્યામાંથી છુટકારો મેળવવા માટે આ ઘરેલુ ઉપાયો પણ કરી શકો છો. સફેદ અને કાળા તલ બંનેમાં ભરપૂર પોષક તત્વ હોય છે. તમે સફેદ તેમજ કાળા એમ બંનેમાંથી એક તલનું સેવન કરો છો તો કબજિયાત સાથે જોડાયેલી સમસ્યામાંથી છુટકારો મળી જાય આ આંતરડામાં જમા થયેલા મળને મુલાયમ કરે છે. આ કારણે સવારમાં તમારું પેટ એકવાર સાફ થઈ જાય છે. તલમાં એન્ટી ઈન્ફ્લેમેન્ટરી ગુણ હોય છે જે પાચન તંત્રને સારું કરવાનું કામ કરે છે. આ કારણે આંતરડા પણ મજબૂત થાય છે. સફેદ તલ શરીરનો થાક દૂર કરવાનું કામ કરે છે. સફેદ તલમાં આયરનની માત્રા સારામાં સારી હોય છે. આમ, જે લોકોને આયરનની સમસ્યા રહે છે એમને સફેદ તલનું સેવન કરવું જોઈએ. આ શરીરમાં હિમોગ્લોબીનની ઉણપ ને પૂરી કરે છે. આ રીતે તલનું સેવન કરો એક ચમચી તલને એક ગ્લાસ પાણીમાં આખી રાત પલાળી રાખો. સવારમાં આ પાણી પીઓ. ત્યારબાદ આ તલનું સેવન કરો. આ કબજિયાતની સમસ્યામાંથી છુટકારો અપાવે છે. આ પાણી તમે રાત્રે પણ પી શકો છો. રાત્રે પાણી પીવું હોય તો સવારમાં પાણીમાં તલ પલાળી દો.

## રોજ પીવો આ લીલા પાનનો શરબત, શરીર રહેશે ઠંડુ, મળશે અનેક ફાયદા

**ગરમીમાં ઠંડા પીણાંની માંગ વધી જાય છે, પરંતુ, આરોગ્ય માટે શું સારું છે, તે જાણવું જરૂરી છે**





ગરમીમાં ઠંડા પીણાંની માંગ વધી જાય છે. પરંતુ, આરોગ્ય માટે શું સારું છે, તે જાણવું જરૂરી છે. નિષ્ણાતોનું માનવું છે કે બજારમાં મળતા કોલ્ડ ડ્રિંક્સ અને પેકેજ્ડ જ્યુસની જગ્યાએ કુદરતી રીતે ઠંડક આપતા પીણાં વધુ ફાયદાકારક હોય છે. એવું જ એક આરોગ્યવર્ધક વિકલ્પ છે ફૂદીના અને તુલસીનું મિક્સ શરબત, જે ન માત્ર પીવામાં સ્વાદિષ્ટ હોય છે પરંતુ, આરોગ્ય માટે પણ લાભકારી છે. ફૂદીનો એક ઔષધીય છોડ છે, જેનો ઉપયોગ પ્રાચીન સમયથી આરોગ્ય લાભ માટે કરવામાં આવે છે. સહાયક બાગાયતી વિભાગના અધિકારી સોહાવલ સુધા પટેલે લોકલ ૧૮ને જણાવ્યું હતું કે, ફૂદીનામાં વિટામિન A, B, C, મેગ્નેશિયમ, ફાઈબર અને કેલ્શિયમ જેવા પોષક તત્વો હોય છે, જે પાચન તંત્રને મજબૂત કરવામાં મદદ કરે છે. ગરમીમાં ઘણીવાર લોકોને ગેસ, અપચો, દસ્ત અને ઉલટી જેવી સમસ્યાઓ થાય છે, ત્યારે ફૂદીનાનું શરબત અથવા કાઢો આ સમસ્યાઓથી રાહત અપાવવામાં મદદ કરે છે. તુલસીને ભારતીય આયુર્વેદમાં વિશેષ સ્થાન આપવામાં આવ્યું છે. તે દરેક ઘરમાં સરળતાથી મળી જાય છે અને તેના ઔષધીય ગુણો માટે જાણીતી છે. તુલસીમાં રહેલા એન્ટીઓક્સિડન્ટ અને એન્ટી બેક્ટેરિયલ તત્વો રોગપ્રતિકારક શક્તિ વધારવામાં મદદ કરે છે. ગરમીમાં તુલસીનું સેવન કરવાથી શરીરની ગરમી ઘટે છે અને તાવ, ખાંસી જેવી સમસ્યાઓથી બચાવ થાય છે. નિષ્ણાતોનું કહેવું છે કે ફૂદીના અને તુલસી બંનેનું મિક્સ શરબત, કાઢો અથવા ચટણીના રૂપમાં લેવાય તો વધુ સારું છે.ગરમીના દિવસોમાં ઠંડક મેળવવા માટે આ બંનેને મિક્સ કરીને શરબત બનાવવું સૌથી સરળ અને અસરકારક રીત છે. તમે ઈચ્છો તો તુલસી અને ફૂદીનાના પાન કાચા પણ ચાવી શકો છો. ડોક્ટર અને ન્યુટ્રિશનિસ્ટ પણ આ વાત પર ભાર મૂકે છે કે, ગરમીમાં શરીરને ઠંડક આપવા માટે કુદરતી પીણાંનો સેવન કરવો જોઈએ. કોલ્ડ ડ્રિંક્સ અને વધુ શુગરવાળા જ્યુસ શરીરને નુકસાન પહોંચાડી શકે છે. જ્યારે ફૂદીના અને તુલસીનું શરબત સંપૂર્ણ રીતે કુદરતી અને ફાયદાકારક હોય છે, તેથી આ વખતે ગરમીમાં આરોગ્યને ધ્યાનમાં રાખીને આ હર્બલ ડ્રિંકને તમારી ડાયેટમાં જરૂરથી સામેલ કરો.

## તંત્રી લેખ...

# મ્યાનમારમાં અડધી રાત્રે ફરી આવ્યા ભૂકંપના આચકાં

શુક્રવારે મ્યાનમારમાં તબાહી મચાવ્યા બાદ, મોડી રાત્રે ફરી એકવાર ભૂકંપના આંચકા અનુભવાયા છે. જોકે, આ ભૂકંપ દિવસ દરમિયાન આવેલા ભૂકંપ જેટલો શક્તિશાળી નહોતો. નેશનલ સીસ્મોલોજી સેન્ટર અનુસાર, ૨૮ માર્ચે રાત્રે ૧૧.૫૬ વાગ્યે આવેલા આ ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૪.૨ માપવામાં આવી હતી. આ ભૂકંપ પહેલા, દિવસ દરમિયાન સતત બે ભૂકંપમાં ૧૫૦ થી વધુ લોકો મૃત્યુ પામ્યા હતા. ભૂકંપના આંચકા એટલા તીવ્ર હતા કે તેણે પડોશી દેશ થાઈલેન્ડમાં પણ વિનાશ મચાવ્યો. ભારતના ઘણા રાજ્યોમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. NCS અનુસાર, શુક્રવારે (૨૮ માર્ચ) રાત્રે ૧૧.૫૬ વાગ્યે મ્યાનમારમાં ભૂકંપ આવ્યો હતો. રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા ૪.૨ માપવામાં આવી હતી. તેનું કેન્દ્ર જમીનની અંદર ૧૦ કિલોમીટર ઊંડે હતું. અગાઉ દિવસે ભૂકંપના કારણે ભારે વિનાશ થયો હતો, ત્યારબાદ સેનાએ દેશના ઘણા રાજ્યોમાં કટોકટી જાહેર કરી હતી. તમને જણાવી દઈએ કે શુક્રવારે મ્યાનમાર અને તેના પડોશી દેશ થાઈલેન્ડમાં ભૂકંપના તીવ્ર આંચકા અનુભવાયા હતા. આ ભૂકંપમાં બહુમાળી ઈમારતો, પુલો અને ડેમને ભારે નુકશાન થયુ હતું. આ ભૂકંપને કારણે મ્યાનમારમાં ઓછામાં ઓછા ૧૪૪ લોકોનાં મોત થયા છે, જ્યારે ૭૩૦ લોકો ઘાયલ થયા છે. તે જ સમયે, થાઈલેન્ડની રાજધાની બેંગકોકમાં એક નિર્માણાધીન બહુમાળી ઈમારતના ધરાશાયી થવાનો વીડિયો સામે આવ્યો છે. અહીં પણ ઓછામાં ઓછા ૧૦ લોકોના મોત થયા. શુક્રવારે બપોરે આવેલા ભૂકંપની તીવ્રતા ૭.૭ હતી અને તેનું કેન્દ્રબિંદુ મ્યાનમારના બીજા સૌથી મોટા શહેર માંડલે નજીક હતું. આ પછી, ૬.૪ ની તીવ્રતાનો બીજો શક્તિશાળી ભૂકંપ અનુભવાયો.આ ઘટના બાદ, મ્યાનમારની લશ્કરી સરકારના વડાએ શુક્રવારે સાંજે ટેલિવિઝન પર લોકોને સંબોધિત કર્યા. પોતાના સંબોધનમાં તેમણે કહ્યું કે ભૂકંપમાં ઓછામાં ઓછા ૧૪૪ લોકો માર્યા ગયા અને ૭૩૦ લોકો ઘાયલ થયા. આ દરમિયાન, યુએન સેક્રેટરી-જનરલ એન્ટોનિયો ગુટેરેસે કહ્યું કે વિશ્વ સંસ્થા મ્યાનમારની આંતરરાષ્ટ્રીય મદદની અપીલનો જવાબ આપવા તૈયાર છે.

## ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ 'પર્યાવરણ' પર રાષ્ટ્રીય પરિષદનું ઉદ્ઘાટન કર્યું

### આવનારી પેઢીઓને સ્વચ્છ પર્યાવરણનો વારસો પૂરો પાડવો એ આપણી નૈતિક જવાબદારી છે : રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ



ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ આજે (૨૯ માર્ચ, ૨૦૨૫) નવી દિલ્હીમાં 'પર્યાવરણ - ૨૦૨૫' પર બે દિવસીય રાષ્ટ્રીય પરિષદનું ઉદ્ઘાટન કર્યું. આ પ્રસંગે બોલતા રાષ્ટ્રપતિએ કહ્યું કે પર્યાવરણને લગતા બધા દિવસો એ સંદેશ આપે છે કે આપણે તેમના ઉદ્દેશ્યો અને કાર્યક્રમોને દરરોજ ધ્યાનમાં રાખવા જોઈએ અને શક્ય હોય ત્યાં સુધી તેમને આપણા રોજિંદા જીવનનો ભાગ બનાવવા જોઈએ. પર્યાવરણ સંરક્ષણ અને પ્રોત્સાહન જાગૃતિ દરેકની ભાગીદારી પર આધારિત સતત સક્રિયતા દ્વારા જ શક્ય બનશે. રાષ્ટ્રપતિએ કહ્યું કે આપણા બાળકો અને યુવા પેઢીએ મોટા પાયે પર્યાવરણીય પરિવર્તનનો સામનો કરવો પડશે અને તેમાં યોગદાન આપવું પડશે. તેમણે ભાર મૂક્યો કે દરેક પરિવારમાં, વડીલોને ચિંતા હોય છે કે તેમના બાળકો કઈ શાળા કે કોલેજમાં અભ્યાસ કરશે અને તેઓ કઈ કારકિર્દી પસંદ કરશે. આ ચિંતા વાજબી છે. પરંતુ, આપણે બધાએ એ પણ વિચારવું પડશે કે આપણા બાળકો કેવા પ્રકારની હવામાં શ્વાસ લેશે, તેમને કેવા પ્રકારનું પાણી પીવા મળશે, તેઓ પક્ષીઓના મધુર અવાજો સાંભળી શકશે કે નહીં, તેઓ લીલાછમ જંગલોની સુંદરતાનો અનુભવ કરી શકશે કે નહીં. તેમણે કહ્યું કે આ મુદ્દાઓમાં આર્થિક, સામાજિક અને વૈજ્ઞાનિક પાસાઓ છે, પરંતુ સૌથી અગત્યનું આ બધા મુદ્દાઓ સાથે સંકળાયેલા પડકારોનું એક નૈતિક પાસું પણ છે. આપણી ભાવિ પેઢીઓને સ્વચ્છ પર્યાવરણનો વારસો સોંપવાની આપણી નૈતિક જવાબદારી છે. આ માટે આપણે પર્યાવરણ પ્રત્યે જાગૃત અને સંવેદનશીલ જીવનશૈલી અપનાવવી પડશે જેથી પર્યાવરણનું રક્ષણ જ નહીં, પણ તેનું સંવર્ધન પણ થાય અને પર્યાવરણ વધુ જીવંત બની શકે. સ્વચ્છ પર્યાવરણ અને આધુનિક વિકાસ વચ્ચે સંતુલન જાળવવું એ એક તક અને પડકાર બંને છે. રાષ્ટ્રપતિએ કહ્યું કે આપણે માનીએ છીએ કે પ્રકૃતિ, માતાની જેમ આપણું પોષણ કરે છે, અને આપણે પ્રકૃતિનું સન્માન અને રક્ષણ કરવું જોઈએ. વિકાસના ભારતીય વારસાનો આધાર પોષણ છે, શોષણ નહીં; સંરક્ષણ છે, નાબૂદી નહીં. આ પરંપરાને અનુસરીને અમે વિકસિત ભારત તરફ આગળ વધવા માંગીએ છીએ. તેણીએ એ વાતનો આનંદ માણ્યો કે છેલ્લા દાયકામાં ભારતે આંતરરાષ્ટ્રીય કરારો અનુસાર તેના રાષ્ટ્રીય રીતે નિર્ધારિત યોગદાનને વહેલા પૂર્ણ કરવાના ઘણા ઉદાહરણો પ્રાપ્ત કર્યા છે. રાષ્ટ્રપતિએ કહ્યું કે નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ (NGT) એ આપણા દેશના પર્યાવરણીય ન્યાય અથવા આબોહવા ન્યાયના ક્ષેત્રમાં નિર્ણાયક ભૂમિકા ભજવી છે. NGT દ્વારા આપવામાં આવેલા ઐતિહાસિક નિર્ણયોનો આપણા જીવન, આપણા સ્વાસ્થ્ય અને આપણી પૃથ્વીના ભવિષ્ય પર વ્યાપક પ્રભાવ પડે છે. તેમણે પર્યાવરણ વ્યવસ્થાપન ઈકો-સિસ્ટમ સાથે સંકળાયેલી સંસ્થાઓ અને નાગરિકોને પર્યાવરણીય સંરક્ષણ અને પ્રોત્સાહન માટે સતત પ્રયત્નશીલ રહેવાનો આગ્રહ કર્યો. રાષ્ટ્રપતિએ કહ્યું કે આપણા દેશ અને સમગ્ર વિશ્વ સમુદાયે પર્યાવરણને અનુકૂળ માર્ગ અપનાવવો પડશે. ત્યારે જ માનવતા વાસ્તવિક પ્રગતિ કરશે. તેમણે જણાવ્યું હતું કે ભારતે તેની ગ્રીન પહેલ દ્વારા વિશ્વ સમુદાય સમક્ષ ઘણા અનુકરણીય ઉદાહરણો રજૂ કર્યા છે.

### આજે આપણે સાત ચક્ર વિશેની પ્રાથમિક જાણકારી, અને શાસ્ત્રીય વાત મુજબ જે સાત શરીરની વાત કરવામાં આવી છે, એને વિશે ઉપલબ્ધ જોઈશું

# ચૈત્રીનાં ચમકતા દિવસોમાં જીવન ચમકતું બનાવવા થોડું જાગીને કુંડલિની જાગરણ કરીએ



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**કુંડલીની જાગરણ એ શબ્દ તંત્ર વિદ્યામાં બહુ પ્રચલિત છે, અને એ યોગ સિદ્ધિની અંતિમ પરાકાષ્ઠા દર્શાવે છે, દરેક જીવમાં આમ તો ઘણા ચક્ર હોય છે, પણ સાત ચક્રો શક્તિ માટેના આવેલા છે, અને પ્રથમ ચક્ર આગળ આ શક્તિ લીંગ ફરતે કુંડલી મારીને સુષુપ્ત અવસ્થામાં પડી હોય છે, એને જાગૃત કરી.**

આજથી ચૈત્રી નવરાત્રીનો પ્રારંભ થઈ રહ્યો છે, તો મા જગત જનની જગદંબાનાં ચરણોમાં કોટી કોટી પ્રણામ કરી આપણે પણ આ હિન્દુ સનાતન ધર્મનાં નવા વર્ષથી સાધના, ઉપાસના, કે આરાધના વિશે વિશિષ્ટ ચિંતન કરીએ, જે આપણને હર્ષ શોકથી મુક્ત કરી નવી સકારાત્મક ઉર્જા આપે. સૌ પ્રથમ તો ચૈત્રીના ચમકતા દિવસોની આપ સૌને ખૂબ ખૂબ વધાઈ, અને સ્વયંમાં થોડો સુધારો કરી જીવન ચમકતું બનાવવાં હાર્દિક આમંત્રણ.આપણે ત્યાં ચાર નવરાત્રી મનાવવામાં આવે છે, એમાંથી બે મુખ્ય છે, અને બે ગુપ્ત નવરાત્રી તરીકે ઓળખાય છે. મહા મહિનાની, અને અષાઢ મહિનાની નવરાત્રી ગુપ્ત નવરાત્રી છે, જ્યારે ચૈત્ર મહિનાની નવરાત્રી અને આસો એટલે કે શારદીય નવરાત્રીને મુખ્ય માનવામાં આવે છે. પરંતુ ચૈત્રી નવરાત્રી શેરીએ શેરીએ મા આદ્યશક્તિનાં મંડપ કે ગરબીની સ્થાપના થતી નથી, ચૈત્રી નવરાત્રીમાં વિશિષ્ટ પ્રકારની સિદ્ધિ હાંસલ કરવા માટેનાં મા જગદંબાના અનુષ્ઠાનો થાય છે. શક્તિ અને સિદ્ધિ આ બંનેનો સંયોગ રચીને વિશેષ કર્મો કરવા માટે કુંડલિની જાગરણની સાધનાઓ કરતા હોય છે. મહારાષ્ટ્ર રાજ્યમાં ગુડી પડવો એટલે કે મહારાષ્ટ્રીયનનું નવું વર્ષ પણ ચૈત્ર મહિનાથી શરૂ થાય છે. શિવ અને શક્તિ બંને અભિન્ન છે, અને આપણે તેમના સંતાનો છીએ, પણ અંતે તો પરમ તત્વમાં આપણે એકાકાર થવાનું છે. પરંતુ કાળચક્રનું પૈડું સતત ફરતું રહે છે, અને કળિયુગની અપરંપાર લીલાઓ આપણી આસપાસ એટલી હદે વિસ્તરી ચુકી છે કે, આપણે એ સત તત્વને મહેસુસ કરવા માટે સતત ચિંતન કરવું પડે છે. ચિંતનની આ ધારામાં મા આદ્યશક્તિની કેટલીય સ્તુતિઓ અને કેટલી એ શક્તિપીઠો વિશે અલગ અલગ ચિંતન થયું છે. પરંતુ બાહ્ય પ્રકૃતિ કે બાહ્ય અસ્તિત્વમાં એને એટલું ઝડપથી અનુભવી શકાતું નથી! એટલે કે આપણી મલિનતા અને ધર્મ સંસ્થામાં પ્રવેશી ગયેલા ભ્રષ્ટાચારને કારણે દર્શન માત્રથી પુલકિત થવાતું નથી. પરંતુ આપણી અંદર પણ એ પરમેશ્વરી છે, અને એ આદ્ય શક્તિને અનુભવવા માટે ચિંતનની ધારા આ વખતે સદગુરુ કૃપાથી કુંડલિની જાગરણની શાસ્ત્રીય પંરપરાગત વાતને આપણે આપણા વ્યવહાર જીવનમાં કંઈ રીતે વણીને જાગૃતિ પૂર્વક જીવી શકે! એ તટ પર વહેવા જઈ રહી છે! તો સૌ પ્રથમ તો આપ સૌના આશીર્વાદ ઈચ્છું છું, અને આ જીવ શક્તિ જાગરણ પ્રદેશનો ભોમિયો નથી, એટલે જો કોઈ ત્રુટિ હોય તો ક્ષમા કરશો. પણ દરેક એ કક્ષાએ ન પહોંચી શકે, અને આપણા જેવા ભોગી અને સંસારી જીવનું જાગરણ અમુક કક્ષા સુધી થાય તો પણ મનુષ્ય જન્મ સફળ બની જાય ! બસ આ જ અહેતુ હેતુ છે. તો ચાલો નવ દુર્ગાનાં પ્રથમ સ્વરૂપ શૈલપુત્રીને હૃદયથી નમન કરી થોડે અંશે જાગવાની શરુઆત કરીએ. કુંડલીની જાગરણ એ શબ્દ તંત્ર વિદ્યામાં બહુ પ્રચલિત છે, અને એ યોગ સિદ્ધિની અંતિમ પરાકાષ્ઠા દર્શાવે છે. દરેક જીવમાં આમ તો ઘણા ચક્ર હોય છે, પણ સાત ચક્રો શક્તિ માટેના આવેલા છે, અને પ્રથમ ચક્ર આગળ આ શક્તિ લીંગ ફરતે કુંડલી મારીને સુષુપ્ત અવસ્થામાં પડી હોય છે, એને જાગૃત કરી અને ઉપર ઉઠાવવાની હોય છે. એક એક ચક્રમાંથી આ શક્તિ પસાર થઈને સૌથી ઉપરના ચક્ર પર પ્રસ્થાપિત કરીને વિશેષ સિદ્ધિ પ્રાપ્ત કરવામાં આવે છે. એટલે કે પ્રાણને ઉપર ઉઠાવીને છેક ઉપરના ચક્ર પર લઈ જઈને અસ્તિત્વનાં કે ઈશ્વરનાં દેવીય તત્વ સાથે એકાકાર કરી પરમ જ્યોતમાં ભેળવી તેમાં તલ્લીન થઈ જવાનું છે. યોગ એટલે જોડાવું! એટલે કે આપણી અંદર જે આત્મતત્વ છે એને પરમાત્મા સાથે જોડવાની ક્રિયાને યોગ કહેવાય છે. ભગવાન પતંજલિ ના યોગના સાત અંગો વિશે આપણે યોગ દિવસ પર ઘણી વાર લખી ચૂક્યા છીએ, અને સમાધિ અવસ્થાએ પહોચે પછી જીવ પરમ તત્વ સાથે એકાકાર થાય છે, અને એને સમાધિ લાગી એમ કહેવાય છે. પરંતુ આપણે આધિ વ્યાધિ અને ઉપાધિમાં એટલાં ઘેરાયેલ છીએ, અને ઉપરથી આ ભોગ એ બધું સમાધિ લાગવા દેતું નથી. આજે આપણે સાત ચક્ર વિશેની પ્રાથમિક જાણકારી, અને શાસ્ત્રીય વાત મુજબ જે સાત શરીરની વાત કરવામાં આવી છે, એને વિશે ઉપલબ્ધ જોઈશું.પછી રોજ એક એક ચક્ર વિશે વાત કરીશું, જેથી સાચું જાગરણ થાય તો રામ નવમી એ રામ તત્વને અંતરમાં જન્માવી શકીએ! આ સાત ચક્રોના નામ આ પ્રમાણે છે (૧) મૂલાધાર ચક્ર. (૨) સ્વાધિષ્ઠાન ચક્ર. (૩). મણિપુર ચક્ર. (૪)અનાહત ચક્ર (૫) વિશુદ્ધિ ચક્ર. (૬) આજ્ઞાચક્ર, (૭) સહસ્રાર ચક્ર. ક્યાંક ષડ્ ચક્રો તો ક્યાંક અષ્ટ ચક્રોનો પણ ઉલ્લેખ છે. યોગશાસ્ત્ર એમ માને છે કે આ સ્થૂળ શરીર ઉપર બીજા છ શરીરનું આવરણ છે.પ્રાણશરીર, સુક્ષ્મ શરીર, કારણ શરીર, મહાકારણશરીર, વિરાટ શરીર અને ચૈતન્ય શરીર. કુંડલિની શક્તિ ચોથા કારણ શરીરમાં આવેલ છે. ઉપર કહ્યું તેમ આપણી અનુભૂતિનો વિષય નથી, પણ કોઈક સિદ્ધ મુની કહે છે કે મનુષ્ય શરીરમાં સાડા ત્રણ કરોડ નાડીઓ આવેલી છે, તો કોઈ કહે છે કે ૭૨૦૦૦ નાડીઓ છે, અને એમાંથી ૧૨ મુખ્ય છે એમાં પણ ત્રણ મુખ્ય એટલે ઈડા, પિંગળા અને સુષુમણા જેના દ્વારા આ યોગશક્તિને જાગૃત કરી, ઉપર ઉઠાવવામા આવે છે. જે કોઈ ત્યાં સુધી પહોંચી શક્યા હોય એ સમસ્ત સિદ્ધજનને મારા પ્રણામ, પરંતુ સદગુરુ કૃપાથી એવું સમજાય છે, કે આપણાથી આપણા પહેરણનું નાડુ પણ ઉલજી જાય તો સુલઝાવી શકાતું નથી! ત્યાં આટલી નાડીઓ અને એને સુલઝાવવામાં ભવ નીકળી જાય ! આમ પણ આ બધું વિશેષ સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે છે. આપણે તો એકમેકના મન સુધી પહોંચી શકાય કે સામેવાળાના હૃદયમાં સ્થાન પ્રાપ્ત કરી શકીએ, તો પણ ઘણું છે! પણ હું અને તમે આપણે ન કરી શકીએ, એનો મતલબ એ નથી કે આ બધું ખોટું છે. આ ખરેખર સાચું છે, અને ભારતીય અધ્યાત્મમાં સિદ્ધ થયેલી વાતો છે. કેટલાયે ઋષિઓ મુનિઓ સિદ્ધ પુરુષ કે માતાઓ આ રીતે કુંડલીની જાગૃત કરી ચૂક્યા છે. કેટલાય બુદ્ધ પુરુષો ત્યાં સુધીની સિદ્ધિ પ્રાપ્ત કરેલાં છે, અને આવી અસંખ્ય ચેતનાઓ આજે પણ હિમાલયમાં વિચરે છે. જે ઈચ્છા મૃત્યુ અને ઈચ્છા જન્મની સિદ્ધિ સુધી પહોંચેલા છે, અને સમય આવે ત્યારે આપણી સંસ્કૃતિને ટેકો દેવા જન્મે છે, અને એટલે જ કળીયુગનો આટલો બધો પ્રભાવ હોવા છતાં, સમયાંતરે કોઈને કોઈ બુદ્ધ પુરુષ આ ધરા પર જન્મીને માનવતાને મરી જતી બચાવે છે. આ ઉપરાંત આપણી આસપાસમાં પણ સામાન્ય પહેરવેશ અને સામાન્ય રીતે જીવતા કેટલાય મહાપુરુષો હશે, જેમણે કોઈને કોઈ રીતે પોતાનામાં આ શક્તિને જાગૃત કરી છે. ચાહે યોગથી હોય કે ભક્તિથી હોય કે સંયોગથી હોય. તો તૈયાર થઈ જાઓ આવતીકાલથી આપણે આ સાતેય ચક્રોની શાસ્ત્રીય વાતો કરી, આમ માનવી એને કઈ રીતે મુલવી શકે છે, એ વિશે ચિંતન કરીશું. કોઈને કોઈ સ્વરૂપે મા આદ્યશક્તિ જગદંબા બસ જાગરણ કરાવે અને વિશ્વમાં શાંતિની સ્થાપના થાય. મનુષ્ય ફરી માનવી બની પોતાનો જન્મ સફળ બનાવે, અને આપણી આંતર બાહ્ય ધરા પાપમુક્ત થાય! અને તો એ રામ પરબ્રહ્મ સ્વરૂપે પ્રગટ થઈ આપણાં જીવનમાં સચ્ચિદાનંદની ઝાંખી કરાવે.જય સીયારામ.

### ભગવાન આનંદ સ્વરૂપ છે, ભગવાનને આનંદની જરૂર નથી, ગોપીઓને આનંદનું દાન કરવા ભગવાને આ લીલા કરી છે, ગોપીઓને પરમાનંદનું દાન કર્યું

# શક્તિની ઉપાસનાનું પર્વ ચૈત્રી નવલા નોરતા-૧, યા દેવી સર્વભૂતેષુ શક્તિરૂપેણ સંસ્થિતા નમસ્તસ્યે નમસ્તસ્યે નમસ્તસ્યે નમો નમઃ



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**જીવનના છેલ્લા દિવસ સુધી સેવા બરાબર કરવાની છે, જીવનના છેલ્લા દિવસ સુધી રોજના નિયમ પ્રમાણે જપ, સેવા, કીર્તન ચાલુ રહે જે દિવસે જીવનની સમાપ્તિ, તે દિવસે સેવાની સમાપ્તિ. મનુષ્ય સાધના કરે છે, સાધના કરતાં થોડી સિદ્ધિ મળે છે, સિદ્ધિ મળે એટલે પ્રસિદ્ધિ મળે છે, પ્રસિદ્ધિ મળે એટલે લોકો પાછળ પડે છે, એટલે અભિમાન આવે છે, અભિમાન આવે એટલે તેનું પતન થાય છે, કેટલીક વખત સાધુઓને બગાડનાર તેમના ચેલા હોય છે.**

આજે ત્રીસમી માર્ચ રવિવારે ચૈત્ર સુદ એકમથી ચૈત્રી વાસંતી નવરાત્રિ શરૂ થશે. ઘણા ભકતો શ્રીઝુલેલાલ દરિયાલાલ જયંતીની શાનદાર ઉજવણી ઘરે બેસીને મનાવશે. વિશેષમાં આ દિવસે ગૂડી પડવાની ઊજવણી પણ શ્રદ્ધા ભાવપૂર્વક કરવામાં આવશે. જ્યોતિષાચાર્યના મતે વર્ષની ચાર નવરાત્રિમાં આ નવરાત્રિનું વિશેષ મહત્વ સાધના સિદ્ધિ કરવા માટે ગણાય છે. આધ્યાત્મિક ઊર્જા વધારવા, નવદુર્ગા ઊપાસના કરવા,સહસ્ત્ર અર્ચન, રાજોપચાર તથા ગાયત્રી અનુષ્ઠાન તેમજ મંત્ર-તંત્રના પ્રયોગ બગલામુખી સાધના સિદ્ધ કરવા માટે અતિ મહત્ત્વની ગણાય છે. આજથી ચૈત્રી નોરતા શરૂ થશે માતાજી હાથીની સવારી ઉપર નીકળવાથી માવઠા પડવાના એંધાણ સુચવે છે. તા.૩૧,મી માર્ચે બીજું તથા ત્રીજું નોરતું સાથે રહેશે. તા.પમીએપ્રિલ આઠમ તથા તા. છઠ્ઠી એપ્રિલના રોજ નોમ સાથે રામનવમી મનાવાશે રવિવારથી રવિવારના આઠ દિવસની રાત્રિ રહેવાથી સરકારી નીતિ-રીતિનો ભય ચિંતાઓ સતત વધારશે.આપના પરિવારમાં આર્થિક ઉન્નતિ કરવા માટે ચૈત્ર મહિનામાં બજારમાંથી મીઠું નમક ખરીદી કરશો નહીં. આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો આજની અશાંતિનું કારણ જીવ ઈશ્વરને ભૂલ્યો છે તે છે. રાયને શાંતિ નહીં, રંકને શાંતિ નહીં, મૂર્ખને શાંતિ નહીં, વિદ્વાનને શાંતિ નહીં, ક્યાંય શાંતિ કેમ નથી તેનો વિચાર કરો. ભગવાન આનંદ સ્વરૂપ છે. ભગવાનને આનંદની જરૂર નથી, ગોપીઓને આનંદનું દાન કરવા ભગવાને આ લીલા કરી છે. ગોપીઓને પરમાનંદનું દાન કર્યું. જીવ અને ઈશ્વરનું મિલન થયું. પરમાત્મા સાથે મિલન થયા પછી પણ સાધકે સાધન ચાલુ રાખવું પડે છે. સાધન કરતાં અનેક સિદ્ધિ ઓ મળશે, પરમાત્મા મળશે,પણ સાધન છોડશો નહીં. મન દગાખોર છે,કપટી છે. રૂપાળી દલીલો કરતાં તેને આવડે છે. તેની દલીલોમાં ફસાશો નહીં.અરે ખુદ ભગવાન કદાચ તમને કહે છે કે, મારા નામનો જપ કરવાની જરૂર નથી, સેવા કરવાની જરૂર નથી તો ભગવાનનેય કહી દેજો કે મારાથી તમારી આજ્ઞા નહીં પળાય. જીવનના છેલ્લા દિવસ સુધી સેવા બરાબર કરવાની છે. જીવનના છેલ્લા દિવસ સુધી રોજના નિયમ પ્રમાણે જપ,સેવા,કીર્તન ચાલુ રહે જે દિવસે જીવનની સમાપ્તિ,તે દિવસે સેવાની સમાપ્તિ. મનુષ્ય સાધના કરે છે.સાધના કરતાં થોડી સિદ્ધિ મળે છે.સિદ્ધિ મળે એટલે પ્રસિદ્ધિ મળે છે,પ્રસિદ્ધિ મળે એટલે લોકો પાછળ પડે છે,એટલે અભિમાન આવે છે.અભિમાન આવે એટલે તેનું પતન થાય છે. કેટલીક વખત સાધુઓને બગાડનાર તેમના ચેલા હોય છે. ચેલાઓની જમાત,બાપજી બાપજી કરે એટલે સાધુમાં હુંપણું આવે. પછી કહે કે હું તો મનથી સેવા કરું છું, હું સિદ્ધ છું. પણ મનમાં દંભ પેઠો, અભિમાન પેઠું, કીર્તિની લાલસા પેઠી એનું શું? ખાડામાં પડેલો માણસ શું પહાડ પર બેઠો છું એમ માને એથી શું? તુકારામજી જેવા સંત પણ કહે છે કે, આ તુકો પાંડુરંગ થઈ ગયો છે, પણ ભજન કરવાની એને એવી આદત પડી ગઈ છે કે એ જતી નથી. એમ આદત પડી જવી જોઈએ.ઈશ્વરનાં દર્શનપછી પણ જપ વગેરે સાધન છોડાય નહીં. સાધ્યની પ્રાપ્તિ થઈ એટલે પછી કેટલાકને સાધન પ્રત્યે ઉપેક્ષા થાય છે. આમ ન બનવા પામે તેની કાળજી રાખજો.સાધન છોડવામાં ભારે જોખમ છે. બળવાન હાથીને પણ અંકુશની જરૂર છે,તેમ મનને પણ અંકુશમાં રાખવા માટેનું સાધન છે ભજન. ભજનમાં દૈન્યભાવ જરૂર નો છે. સર્વ સાધન કરે પણ જેને સાધનનું અભિમાન નથી તે દીન છે. દીનતાથી ભક્તિ દૃઢ થાય છે. આટલા આત્મસમર્પણવાળી ગોપીને પણ અભિમાન થાય છે કે, અમે બધું ત્યજીને આવીએ છીએએટલે કે સાધકે સાવધાન રહેવાની જરૂર છે. જેને બહુ માન મળે તેનામાં અભિમાન આવે છે. ગોપીઓને અભિમાન થયું કે શ્રી કૃષ્ણ ભગવાને અમારો ત્યાગ જોઈ અમને માન આપ્યું અને અમને અપનાવી.ગોપીઓને લાગ્યું કે,ભગવાન ઉપર ઉપરથી ના પાડતા હતા. બાકી અમારા સ્વરૂપમાં તે આસક્ત છે. ગોપીઓમાં આવો લૌકિક ભાવ જાગ્યો,આવું અભિમાન થયું તે સમયે પરમાત્મા ત્યાંથી અંતર્ધ્યાન થઈ જાય છે. ગોપીઓનું આ અભિમાન દૂર કરવા શ્રીકૃષ્ણ ત્યાંથી અદશ્ય થયા. ભગવાન તો વ્યાપક છે,સર્વત્ર છે, તે અંતર્ધ્યાન થઈ શકે નહીં. અંત ર્ધ્યાન થયા એનો અર્થ એટલો જ છેકે અભિમાનરૂપી પડદો આંખ ઉપર આવ્યો એટલે ભગવાન દેખાતા નથી. ગોપીને એટલે જીવને અભિમાન થયું તેથી સખીઓને શ્રીકૃષ્ણ દેખાતા નથી. ભગવાને તે સમયે પીતાંબરથી લાજ કાઢી છે. ગોપીઓ માને છે કે આ તો અમારામાંની એક છે, એટલે ઓળખી શકાતી નથી. શ્રીકૃષ્ણ પરમાત્મા તો વ્યાપક છે. ગોપીઓ શ્રીકૃષ્ણને બહાર શોધે છે, પણ એમને અંદર શોધવાના છે.ભગવાનને હૃદયમાં જ શોધવાના છે, પણ અજ્ઞાનને લીધે એ સૂઝતું નથી. દશ પંડિતો વિદ્યાભ્યાસ કરવા ગયેલા. રસ્તામાં એક નદી આવી, નદી ઓળંગીને બધા સામે પાર આવ્યા. ત્યાં તેઓને લાગ્યું કે, આપણામાંનો કોઈ રહી ગયો તો નથી ને? એટલે તેઓએ ગણતરી શરૂ કરી. એક પછી એક પંડિત સંખ્યા ગણે. પણ પોતાને તેમાં ગણે નહીં, એટલે સંખ્યા દશને બદલે નવ થયા. હાય, હાય દશમો ગયો કયાં?નક્કી નદીમાં તણાઈ ગયો. એમ માની પંડિતો રડવા લાગ્યા.એક મહાત્મા ત્યાંથી પસાર થયા. પંડિતોને રડવાનું કારણ પૂછયું, પંડિતોએ પોતાની મૂંઝવણ રજૂ કરી. મહાત્માએ એમનો ભ્રમ ભાંગ્યો. અજ્ઞાનને લીધે જીવ પોતાને ગણતો નથી.જ્ઞાનીએ પૂરાં દશ ગણી બતાવ્યા. સંખ્યા પૂરી દશ તો હતી જ, પણ અજ્ઞાનને લીધે દશ દેખાતા ન હતા. એટલે કે અજ્ઞાનને લીધે જ દેખાતું નથી તે જ્ઞાનથી દેખાવા લાગે છે. આ પ્રસંગ સૂચવે છે,કે પરમાત્મા નો સાક્ષાત્કાર થયા પછી પણ સાવધ રહેજો. ઘણી વખત જ્ઞાનીઓ પણ સાક્ષાત્કાર પછી ભાન ભલ્યા છે. કારણ સિદ્ધિઓ મળે એટલે પ્રતિષ્ઠા વધે એટલે મનુષ્ય સાધન છોડ છે.સાધન છોડે છે ને ઈશ્વરથી વિમુખ થાય છે. પરમાત્માની અનુભૂતી થયા પછી પણ માનવ સાધન છોડે તો તે પડે છે.પુંડલિકની માતાપિતા પ્રત્યેની ભક્તિ જોઈ, દ્વારિકાનાથ ને પણ તેનાં દર્શન કરવાની ઈચ્છા થઈ.દ્વારિકાનાથ દ્વારિકાથી પંઢર પુર આવ્યા. માતાપિતા કુષ્ઠરોગથી પિડાતા હતા તો પણ પુંડલિક તેઓની સેવા કરે છે.કોઈ વખત માતાપિતા સ્વભાવને કારણે ગુસ્સો કરે છે છતાં પણ પુંડલિક નમ્રતાથી સેવા કરે છે. ભગવાન પુંડલિકની ઝૂંપડીના દ્વાર પાસે આવી ઊભા.ભગવાન કહે, પુંડલિક, હું તને દર્શન આપવા આવ્યા છું. તારી માતા પિતાની સેવાથી હું પ્રસન્ન થયો છું. ત્યારે પુંડલિક ભગવાનને મળવા દોડી જવાને બદલે ભગવાનને કહે છે, હું મારાં માતા પિતાની સેવામાં રોકાયેલો છું, અને ઝૂંપડીમાં જગ્યા નથી, આપ બહાર ઊભા રહો? મારાં માતા પિતાની સેવાથી પરવારી હું બહાર આવું છું. પુંડલિકે વિચાર કર્યો કે,મને ભગવાન મળ્યા તે માતા પિતાની સેવાથી મળ્યા.એટલે શ્રેષ્ઠ કોણ? માતાપિતા કે ભગવાન?એણે તરત નિર્ણય કરી લીધો,ને માતા પિતાની સેવાને જ વળગી રહ્યો. પુંડલિકનું કહેવું એ જ છેકે સાધન હાથમાં છે તો સાધ્ય કયાં જવાનું છે?માટે સુખ-સંપત્તિ મળે તો પણ ભગવાનનું ભજન છોડશો નહીં. ભક્ત ભગવાનને કહી શકે છે, બહાર ઊભા રહો. ભગવાનને ઊભા રહેવા પુંડલિકે એક ઈંટ ફેંકી. બહાર ભગવાન ઈંટ ઉપર ઊભા રહ્યા. પુંડલિકને આવતાં સમય થયો, ભગવાન થાક્યા એટલે કેડ ઉપર હાથ રાખ્યા તે સૂચવે છેકે કેડપૂર જળમાં કોઈ ડૂબે નહીં,જે મારાં ચરણનો આશ્રય કરે તેને માટે સંસાર આટલો જ ઊંડો છે.કેડ સમાણો!બાકી તો ઘણા આ સંસાર-સાગરમાં ડૂબી ગયા છે. તેઓનો પત્તો પણ નથી. પુંડલિક માતાપિતાની સેવા કરીને પછી બહાર આવે છે. પુંડલિકને પ્રત્યક્ષ પરમાત્મા મળ્યા, તો પણ માતાપિતાની સેવા છોડીને ભગવાનને મળવા ગયા નથી એટલે કે એણે સાધન છોડયું નથી.સાધન છૂટશે તો ભગવાન અંત ર્ધ્યાન થશે,અદશ્ય થશે. પુંડલિક ની જેમ સાધ્ય મળે, તો પણ સાધન છોડશો નહીં.રાસમાં ગોપીઓને અભિમાન થયું તેથી ભગવાન અદશ્ય થયા. અભિમાન પ્રભુ આડે પડદો ઊભો કરે છે. અભિમાન જાગે ત્યારે જ સાધન માં ઉપેક્ષા જાગે છે,ને પછી પતન થાય છે.ભગવાન ત્યાં જ હતા પણ ગોપીઓને દેખાતા નથી અંતર્ધ્યાન થયા એટલે શ્રી કૃષ્ણે ગોપીઓનાં હૃદયમાં પ્રવેશ કર્યો પણ હૃદયમાં શોધવાને બદલે શ્રીકૃષ્ણને બહાર શોધવા લાગી એટલે શ્રીકૃષ્ણ ન દેખાયા. ઈશ્વર સર્વના હૃદયમાં છે, છતાં તે દેખાતા નથી. જીવ ભગવાન સન્મુખ ન આવે ત્યાં સુધી ભગવાન તેની સુધ લેતા નથી. ભગવાન કહે છે, હું તો જીવને અપનાવવા તૈયાર છું પણ તે મારી સન્મુખ, મારી પાસે આવે ત્યારે હું તેને અપનાવું ને! ગોપીઓ શ્રીકૃષ્ણને બહાર શોધે છે, અંદર શોધતી નથી તેમ જીવ પણ આનંદ બહાર શોધે છે, અંદર નહીં.એટલે એને આનંદ મળતો નથી. તમારો આનંદ બીજી ચીજ પર આધારિત ન હોવો જોઈએ. સ્ત્રીથી, કપડાંથી,ધનથી આનંદ મળે તો તેના વિયોગથી તમને દુઃખ થશે. તમારો આનંદ કોઈને આધીન હશે, તો તે દુઃખ આપશે જ.માટે દુઃખી ન થવું હોય તો અંતર્મુખ દષ્ટિ કરી પરમાત્માને હૃદયમાં નિહાળો. ફક્ત એક ભગવાન આનંદ રૂપ છે.બાકી આ જગત તો દુઃખરૂપ છે,ને અનિત્ય છે. વાચક ચાહક મિત્રો જય માતાજી સુપ્રભાત,આજે ચૈત્રી નવરાત્રીના પ્રથમ દિવસે જ્યોતિષાચાર્યના મતે, ઘટસ્થાપન પૂર્વ દિશામાં ઘઉં, મગ, અક્ષત, કળશ, શ્રીફળ, આસોપાલવના પાન કે આંબાના પાન, સવા રૂપિયો,માતાજીની તસવીર સફેદ કે લાલ કલરના કપડાં ઉપર મૂકીને સ્થાપન કરવું. ઘણા બધા સાધકો મીઠા વગરની ચીજવસ્તુ ખાઈને ઉપાસના કરતા હોય છે. તેમજ કડવા લીમડાના મોરનો રસ પીવાનું આરોગ્ય માટે આયુર્વેદિક આચાર્યો ઉત્તમ માને છે. કુળદેવી, ગાયત્રી, મહાકાળી, બગલામુખી ઉપાસના કરવાનું શીઘ્ર ફળદાયી માનવામાં આવે છે. ઘણા બધા ભક્તો દેવી કવચ, ગાયત્રી ચાલીસા કે શતકના પાઠ નિયમિત કરતાં હોય છે. જો કોઈ વ્યક્તિ માતાજીની વિશેષ ઉપાસના અનુષ્ઠાન કે ઉપવાસ ન કરી શકતો હોયતે પણ માતાજી ની તસવીર ઉપર ગુલાબ,કમળ કે જાસૂદના પુષ્પ અર્પણ કરે તો તેને પણ માતાજી પ્રસન્ન થતા હોય છે. ચૈત્રી નવરાત્રિની શુભકામનાઓ સાથે અસ્તુ..

### મારું શરીર પણ તમારી માતા બહેન જેવું જ : શ્રુતિ નારાયણન

# ૧૪ મિનિટનો પ્રાઈવેટ વીડિયો લીક થતાં ભડકી



તમિલ અભિનેત્રી શ્રુતિ નારાયણ હાલમાં ચર્ચામાં છે. કારણ કે, કથિત રુપે તેના કાસ્ટિંગ કાઉચનો વીડિયો સોશિયલ મીડિયા પર લીક થયો છે. જેના કારણે તેની મજાક ઉડાવવામાં આવી રહી છે. ૧૪ મિનિટના વાયરલ વીડિયોમાં એક મહિલાને નગ્ન અવસ્થામાં બતાવવામાં આવી છે. તેનો ચહેરો શ્રુતિ નારાયણન જેવો છે. આ ક્લિપ સોશિયલ મીડિયા X પર વ્યાપકપણે શેર થઈ રહી છે.આ દરમિયાન સોશિયલ મીડિયા પર પણ હોબાળો મચી ગયો છે. જે બાદ એવા પણ સવાલ ઉઠી રહ્યા છે કે, આ વીડિયો AI નો ઉપયોગ કરીને બનાવવામાં આવ્યો છે કે પછી ડીપફેક હોઈ શકે છે. તો અહીં શ્રુતિ નારાયણન અને તેનો પરિવાર પણ ચિંતિત છે. શ્રુતિ નારાયણન આ સમગ્ર મામલે ભડકી ઉઠી છે. અને તેથી તેણે પોતાની ઈન્સ્ટા સ્ટોરી પર એક નિવેદન જારી કરીને વીડિયો શેર કરનારાઓરાઓ પર ગુસ્સો ઠાલવ્યો હતો. અભિનેત્રીએ કહ્યું કે, 'આ મારા અને મારા પરિવાર માટે મુશ્કેલ સમય છે.' શ્રુતિએ લખ્યું, 'હું પણ એક છોકરી છું અને મને પણ લાગણીઓ છે. મારા પણ સગાંસંબંધિઓ છે. તમે લોકો આને વધુ ખરાબ કરી રહ્યા છો. હું તમને વિનંતી કરું છું કે આને જંગલની આગની જેમ ન ફેલાવો. અભિનેત્રીએ યુઝર્સની ટીકા કરતાં કહ્યું કે, જો તેમને એટલી જ મજા આવતી હોય તો, તેમણે તેમની માતા કે બહેનના વીડિયો જોવા જોઈએ, કારણ કે તેમનું શરીર પણ શ્રુતિ જેવું છે. આ સિવાય શ્રુતિ નારાયણને કહ્યું કે, 'એક પીડિતાનો ન્યાય કરવો અને તેના પર આરોપ લગાવવા એ ખોટું છે. આ ઉપરાંત કોઈના પણ આવા વીડિયો શેર કરવા એ પણ કાયદાકીય રીતે ગુનો છે. અને લોકોએ માનવતાને ભૂલવી ન જોઈએ.' શ્રુતિ નારાયણ તમિલ સિનેમાની જાણીતી અભિનેત્રી છે. ચેન્નઈની રહેવાસી શ્રુતિ ટીવી શો માં જોવા મળી છે.

# ફરી વધુ એક વખત અક્ષય કુમારની ફિલ્મમાં બી પ્રાકનું ગીત સંભળાશે

### અક્ષયની 'કેસરી'માં બી પ્રાકે ગાયેલું 'તેરી મિટ્ટી' ખુબ લોકપ્રિય થયું હતું




અક્ષય કુમારની 'કેસરી'નું 'તેરી મિટ્ટી મે મિલ જાંવા' ગીત ફિલ્મ કરતાં પણ વધુ લોકપ્રિય થયું હતું, આ ગીત બી પ્રાક દ્વારા ગાવામાં આવ્યું હતું. આ ગીતથી બી પ્રાક પણ જાણીતો થયો હતો. હવે વધુ એક વખત બી પ્રાક અને અક્ષય કુમાર કોલબરેટ કરવા જઈ રહ્યા છે. અક્ષય કુમારની 'કેસરી ચેપ્ટર ૨'માં પણ બી પ્રાક એક ગીત ગાશે. પહેલી 'કેસરી' ૨૦૧૯માં રિલીઝ થઈ હતી, જેમાં સરદારોનાં સારાગ્રહીનાં યુદ્ધની વાત હતી. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર પણ હિટ રહી હતી. હવે ૧૮ એપ્રિલે 'કેસરી ચેપ્ટર ૨' રિલીઝ થઈ રહી છે, આ પહેલાં પણ બી પ્રાકે અક્ષય કુમાર માટે 'ક્યા લોગે તુમ', 'ફિલહાલ ૨ મહોબ્બત', 'માયે' જેવા ગીતો ગાયાં છે. સૂત્ર દ્વાર મળતી માહિતી અનુસાર વધુ એક વખત બી પ્રાક એક પાવરફૂલ ગીત ગાશે. ત્યારે દર્શકોને આશા છે કે આ ફિલ્મનું ગીત પણ 'તેરી મિટ્ટી' જેવો જ જાદુ ચલાવશે. આ ગીત પણ જાણે એક રાષ્ટ્ર કક્ષાએ દેશભક્તિની ભાવનાની ઓળખ બની જશે. જોકે, ગીત અંગેની અન્ય કોઈ માહિતી હજુ જાહેર થઈ નથી. બી પ્રાક દ્વારા ગવાયેલું અને કમ્પોઝ થયેલું આ ગીત પણ બી પ્રાકના અન્ય ગીતોની જેમ લાગણીસભર હશે. 'કેસરી ચેપ્ટર ૨'માં જલિયાંવાલા બાગની ઘટના બાબતે બ્રિટિશ સામ્રાજ્ય સામે લડત આપનાર વકીલનો રોલ કરશે, તેમાં અનન્યા પાંડે અને આર.માધવન પણ મહત્વના રોલમાં જોવા મળશે. તાજેતરમાં જ રિલીઝ થયેલાં ફિલ્મના ટીઝર પરથી આ ફિલ્મની ગંભીરતનો અંદાજ આવે છે.

# રણબીર-રણવીર કોરિયોગ્રાફરની પત્નીના બનાવેલા ફૂડના દિવાના

### પ્રખ્યાત કોરિયોગ્રાફર ગણેશ આચાર્યની પત્ની વિધિ આચાર્ય દ્વારા બનાવેલ ભોજન જે કોઈ ખાય છે

બોલિવૂડના પ્રખ્યાત કોરિયોગ્રાફર ગણેશ આચાર્યની પત્ની વિધિ આચાર્ય દ્વારા બનાવેલ ભોજન જે કોઈ ખાય છે તે તેનો સ્વાદ ક્યારેય ભૂલી શકશે નહીં. તે ખૂબ જ સ્વાદિષ્ટ ભોજન રાંધે છે, ઘણી મોટી હસ્તીઓ તેના દ્વારા બનાવેલા ભોજનના ચાહક છે.બોલિવૂડના પ્રખ્યાત કોરિયોગ્રાફર ગણેશ આચાર્યએ મોટા સુપરસ્ટાર્સને પોતાના સૂર પર નાચવા માટે મજબૂર કર્યા છે. તેઓ ઉત્તમ નૃત્ય ચાલ શીખવવા માટે જાણીતા છે. તેમની પત્ની વિધિ આચાર્યના હાથમાં જાદુ છે? જેણે પણ તેમના દ્વારા બનાવેલ ભોજન એક વાર ખાધું છે, તે તેનો સ્વાદ ક્યારેય ભૂલી શકતો નથી. મોટી મોટી હસ્તીઓ તેના દ્વારા બનાવેલા ભોજનના ચાહક છે. ગણેશ આચાર્યએ કહ્યું કે તેમની પત્ની વિધિ ખૂબ જ સ્વાદિષ્ટ ભોજન રાંધે છે. રણબીર કપૂર અને રણવીર સિંહ જેવા સેલિબ્રિટીઓ તેમના દ્વારા રાંધેલા ખોરાકની માંગ કરે છે. કોરિયોગ્રાફર ગણેશ આચાર્ય કહે છે કે 'પિન્ટુ કી પપ્પી' ગીતના શૂટિંગ દરમિયાન, તેમની પત્ની પોતાના હાથે ભોજન બનાવતી હતી અને ફિલ્મના તમામ કલાકારો અને ક્રૂ સભ્યોને ખવડાવતી હતી. જ્યારે ફિલ્મના ગીતો વિદેશમાં શૂટ થતા હતા, ત્યારે તે બધી વ્યવસ્થા જાતે કરતી હતી. પૂજા માટે જે પ્રસાદ તૈયાર કરવામાં આવ્યો હતો તે પણ વિધિએ પોતે જ તૈયાર કર્યો હતો. ગણેશ આચાર્ય આગળ કહે છે કે વિધિ દ્વારા તૈયાર કરાયેલ ચિકન માટે દરેક વ્યક્તિ દિવાના છે. પછી





ભલે તે રણવીર સિંહ હોય કે રણબીર કપૂર, અયાન મુખર્જી હોય કે લવ રંજન. દરેક વ્યક્તિ તેના દ્વારા તૈયાર કરાયેલ ચિકનનો ઓર્ડર આપે છે અને ખાય છે. તે કહે છે કે જ્યારે અમે શૂટિંગ કરી રહ્યા હોઈએ છીએ, ત્યારે અમે ખાતા નથી પણ તે ચોક્કસપણે તેના માટે ખાય છે. તેમના તરફથી ખાસ માંગ હોય છે, પાલક ચિકન, પાલક મગની દાળ અને એ બધી વસ્તુઓ. ગણેશ આચાર્ય આગળ કહે છે, રણબીર કપૂર, લવ રંજન, મારો ખાસ મિત્ર, બધાને તેના દ્વારા રાંધેલું ભોજન ખૂબ ગમે છે, અક્ષય કુમારને પણ તે ખૂબ ગમે છે, પણ તે વધારે મસાલેદાર ખોરાક ખાતો નથી.


### 'જાવેદ ઇચ્છતા હતા કે કંગના લેખિતમાં માફી માંગે'

# સમાધાનના એક મહિના બાદ શબાના આઝમીનો મોટો ખુલાસો

દિગ્ગજ ગીતકાર જાવેદ અખ્તર અને અભિનેત્રી કંગના રનૌત વચ્ચેની લાંબી કાયદાકીય લડાઈનો ફેબ્રુઆરી મહિનામાં અંત આવ્યો હતો. મુંબઈની એક અદાલતે બંને વચ્ચે પરસ્પર સમાધાન કરીને આ સમગ્ર મામલાનો અંત લાવ્યો હતો. પરંતુ હવે આ મામલાના સમાધાનના લગભગ એક મહિના બાદ જાવેદ અખ્તરની પત્ની અને બોલિવૂડ એક્ટ્રેસ શબાના આઝમીએ આ મામલે મોટો ખુલાસો કર્યો છે અને કહ્યું છે કે, 'વાસ્તવમાં આ કોઈ પરસ્પર સમજૂતી નહોતી.'મીડિયા રિપોર્ટ્સ અનુસાર, શબાના આઝમીએ કહ્યું, 'જાવેદ અખ્તર કંગના રનૌત પાસેથી આર્થિક કે નાણાકીય વળતરના બદલે લેખિત માફી માંગે એવું ઈચ્છતા હતા. એવામાં હવે જીત જાવેદ અને તેના વકીલ જય ભારદ્વાજની થઈ છે. હું એ વાતથી પરેશાન છું કે મીડિયાએ આ મામલાને પરસ્પર સમજૂતીની જેમ કેમ દર્શાવ્યું. મીડિયાએ જે રીતે જાવેદ અને કંગના વચ્ચેના સમાધાનને પરસ્પર સમજૂતી તરીકે વર્ણવ્યું તેનાથી હું ખુશ નહોતી. જાવેદ અખ્તરનો એક માત્ર હેતુ કંગના પાસેથી લેખિત માફીની માંગ કરવાનો હતો, જેના કારણે આ કેસ સાડા ચાર વર્ષ ચાલ્યો.'કંગના રનૌત અને જાવેદ અખ્તર વચ્ચેની આ લડાઈ વર્ષ ૨૦૧૬માં તેમની મુલાકાતને લઈને હતી. તે દરમિયાન અભિનેત્રી અને હીતિક રોશનના કેટલાક ઈ-મેઈલ હેડલાઈન્સમાં હતા. કંગનાએ અભિનેતા પર કેટલાક ગંભીર આરોપો પણ લગાવ્યા હતા. તે દરમિયાન રોશન પરિવારના નજીકના મિત્ર હોવાના કારણે જાવેદ અખ્તરે કંગનાને મનાવવાનો પ્રયાસ કર્યો.

**મીડિયાએ જે રીતે જાવેદ અને કંગના વચ્ચેના સમાધાનને પરસ્પર સમજૂતી તરીકે વર્ણવ્યું તેનાથી હું ખુશ નહોતી**






સેન્સર બોર્ડે ફિલ્મને મંજૂરી આપવા માટે લાંબા લાંબા ૨૦ કટની યાદી આપી હતી

# યુકેની ઓફિશિયલ ઓસ્કાર એન્ટ્રી 'સંતોષ' ભારતમાં રિલીઝ નહીં થઈ શકે

સેન્સર બોર્ડે આંતરરાષ્ટ્રિય સ્તરે ખ્યાતિ પ્રાપ્ત ફિલ્મ 'સંતોષ'ને ભારતમાં રિલીઝ થવા માટેની શક્યતા નહિંવત્ત છે. આ ફિલ્મ યુકે તરફથી ઓસ્કારમાં મોકલાયેલી ઓફિશિયલ એન્ટ્રી હતી, જે શોર્ટલિસ્ટના તબક્કા સુધી પહોંચી ગઈ હતી. સૂત્રો દ્વારા મળેલી માહિતી અનુસાર, સેન્સર બોર્ડે આ ફિલ્મને મંજુરી આપવા માટે લાંબા લાંબા ૨૦ કટની યાદી આપી હતી, જેમાં પોલિસ ફોર્સ અને અન્ય કેટલાંક સામાજિક મુદ્દાઓનો સમાવેશ થાય છે. ઉત્તર ભારતની વાત કરતી 'સંતોષ'માં એક યુવાન વિધવા સ્ત્રીની વાત છે, જે પોતાના પતિના અવસાન બાદ તેના સ્થાને પોલિસની નોકરી સ્વીકારે છે. તેને પહેલો જ કેસ એક દલિત છોકરીના મર્ડરની તપાસનો મળે છે. સંધ્યા સુરીની આ ફિલ્મમાં જાતિવાદના કારણે થતાં ભેદભાવ, પોલિસ દ્વારા થતી ક્રુરતા, જાતિય હિંસા અને ઈસ્લામોફોબિયા જેવા મુદ્દા દર્શાવાયા છે. આ અંગે એક ઈન્ટરવ્યુમાં 'સંતોષ'માં લીડ એક્ટ્રેસ તરીકે કામ કરનાર શહાના ગોસ્વામીએ કહ્યું, ‘‘સેન્સર બોર્ડે ફિલ્મ ભારતમાં રિલીઝ કરવા માટે જરૂરી ચેન્જનું એક લિસ્ટ આપ્યું છે પરંતુ ટીમ તરીકે અમે એ કટ સાથે સહમત નથી



**સંતોષને સેન્સર બોર્ડ તરફથી કટનું લાંબુ લિસ્ટ અપાયું**

કારણ કે તેનાથી ફિલ્મની વાર્તા બિલકુલ બદલાઈ જશે. તેથી અમે એવા તબક્કે પહોંચી ગયા છીએ કે આ ફિલ્મ ભારતમાં કદાચ રિલીઝ થશે જ નહીં.’’શહાનાએ એવું પણ કહ્યું કે, ફિલ્મને સ્ક્રિપ્ટના પડાવ સુધી તો સેન્સરની મંજુરી મળી ગઈ ગતી, પરંતુ હવે તે મુશ્કેલીની સામનો કરી રહી છે. ‘‘આ બહુ દુ:ખદ વાત છે કે સ્ક્રિપ્ટના તબક્કે મંજુર થઈ ગયેલી ફિલ્મને રિલીઝ કરવા યોગ્ય બનાવવા માટે આટલા બધા કટનો સામનો કરવો પડે છે.’’

### મ.પ્રદેશ ફિલ્મોના શૂટિંગ માટે એક ખાસ સ્થળ રહ્યું છે

# બોલીવુડના ફિલ્મ નિર્દેશકોની નજર મધ્યપ્રદેશના ચંદેરી પર ઠરી

### ૨૦૨૨ માં, વરુણ ધવન અને કૃતિ સેનન અભિનીત હોરર-કોમેડી ફિલ્મ 'ભેડિયા' ના કેટલાક ભાગો પણ અહીં શૂટ કરવામાં આવ્યા હતા



આઝાદી પછીથી મધ્યપ્રદેશ ફિલ્મોના શૂટિંગ માટે એક ખાસ સ્થળ રહ્યું છે. રાજ કપૂરે તેમની ફિલ્મ 'શ્રી ૪૨૦' નું ગીત 'મેરા જૂતા હે જાપાની' શાજાપુર, મધ્યપ્રદેશમાં અનેક સ્થળોએ શૂટ કર્યુ હતું. આ ઉપરાંત સિહોર, ભોપાલ, ગ્વાલિયર જેવા સ્થળો પણ બોલિવૂડને આકર્ષિત કરી રહ્યા છે. પરંતુ આજકાલ મધ્યપ્રદેશનું ચંદેરી ફિલ્મી લોકો માટે એક પ્રિય સ્થળ બની ગયું છે. ચંદેરી તેના ઐતિહાસિક વારસા, સુંદર કિલ્લાઓ અને સાંકડી શેરીઓને કારણે ઘણી ફિલ્મો અને વેબ સિરીઝના શૂટિંગ માટે એક પ્રિય સ્થળ બની ગયું છે. ૨૦૧૮માં રિલીઝ થયેલી રાજકુમાર રાવ અને શ્રદ્ધા કપૂર અભિનીત હોરર-કોમેડી ફિલ્મ 'સ્ત્રી' અને ત્યારબાદ ૨૦૨૩માં બનેલી 'સ્ત્રી ૨'નું ૯૦ ટકા શૂટિંગ ચંદેરીમાં થયું હતું.ફિલ્મ 'સુઈ ધાગા'નું લગભગ આખું શૂટિંગ પણ અહીં થયું હતું. વરુણ ધવન અને અનુષ્કા શર્માની આ ફિલ્મ ભારતીય કારીગરો અને હસ્તકલાની વાર્તા પર આધારિત હતી. આ પછી ૨૦૧૯ માં 'લુકા છુપી' આવી. કાર્તિક આર્યન અને કૃતિ સેનન અભિનીત આ રોમેન્ટિક-કોમેડી ફિલ્મના કેટલાક ભાગો ચંદેરીમાં પણ શૂટ કરવામાં આવ્યા હતા.ત્યારબાદ ૨૦૨૨ માં, વરુણ ધવન અને કૃતિ સેનન અભિનીત હોરર-કોમેડી ફિલ્મ 'ભેડિયા' ના કેટલાક ભાગો પણ અહીં શૂટ કરવામાં આવ્યા હતા. એટલું જ નહીં, ૨૦૧૮ માં, રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા ફિલ્મ 'ટર્ટલ' ના કેટલાક દ્રશ્યો ચંદેરીમાં શૂટ કરવામાં આવ્યા હતા, જેમાં પાણીની સમસ્યાને સારી રીતે ઉજાગર કરવામાં આવી હતી. ચંદેરીને ઘણી દસ્તાવેજી અને વેબ શ્રેણીઓમાં પણ દર્શાવવામાં આવી છે, ખાસ કરીને ભારતીય હસ્તકલા અને ઐતિહાસિક વારસા પર આધારિત પ્રોજેક્ટ્સમાં.તાજેતરમાં જ ત્યાં ફિલ્મ 'ચીમની'નું શૂટિંગ થયું હતું. આ ઉપરાંત, ચંદેરી 'કલંક', 'અક્કડ-બક્કડ', 'મહારાણી' જેવી એક પછી એક ફિલ્મોના શૂટિંગથી ચર્ચામાં આવી. જ્યારે કોઈ ઐતિહાસિક અને સુંદર સ્થળ ફિલ્મોમાં બતાવવામાં આવે છે, ત્યારે તે સ્થળ પર્યટનના દૃષ્ટિકોણથી પણ લોકોના ધ્યાન પર આવે છે. એક સમયે તેના ઐતિહાસિક કિલ્લાઓ, મંદિરો અને પ્રખ્યાત ચંદેરી સાડીઓ માટે જાણીતું ચંદેરી હવે બોલીવુડ ફિલ્મોને કારણે એક લોકપ્રિય પર્યટન સ્થળ બની રહ્યું છે. ખાસ કરીને 'સ્ત્રી' ફિલ્મ પછી, આ નાના શહેરને દેશભરમાં ઓળખ મળી.ગાઈડ મુઝફ્ફર અંસારી કહે છે, 'શૂટિંગ પછી, ચંદેરીમાં પ્રવાસીઓની સંખ્યામાં લગભગ ૫૦%નો વધારો થયો છે, જેમાં રાજા રાણી મહેલ, કટી ઘાટી, કોશક મહેલ, બાદલ મહેલ જેવા સ્થળો ખૂબ જ લોકપ્રિય બન્યા છે. કારણ કે આ શહેરનો ઈતિહાસ આ મહેલોમાં છુપાયેલો છે. તે કહે છે કે રાજા રાણી મહેલ, કટી ઘાટી ખાસ કરીને સ્ત્રી મંદિર અને સ્ત્રી લખેલું બારણું ફિલ્મ પછી ખૂબ જ પ્રખ્યાત થયું. 'ભેડિયા' અને 'સુઈ ધાગા' જેવી ફિલ્મોના શૂટિંગથી પણ આ સ્થળની સુંદરતા દુનિયા સમક્ષ આવી. હવે ફક્ત ઈતિહાસ પ્રેમીઓ જ નહીં, પરંતુ ફિલ્મ પ્રેમીઓ પણ ચંદેરીની શેરીઓમાં ફરવા અને તેની સુંદરતા જોવા આવવા લાગ્યા છે.મધ્યપ્રદેશની વાત કરીએ તો, માત્ર ચંદેરી જ નહીં પરંતુ અન્ય ઘણી જગ્યાઓ અનેક ફિલ્મો અને વેબ સિરીઝના શૂટિંગનું સ્થળ રહ્યું છે. ૧૯૫૭ની જેમ, 'રાણી રૂપમતી' અને 'નયા દૌર' ફિલ્મોનું શૂટિંગ સિહોર જિલ્લામાં થયું હતું. સિહોર તાજેતરમાં વેબ સિરીઝ 'પંચાયત' ના કારણે સમાચારમાં છે.

### ફર્સ્ટ લૂક વીડિયો જોયા પછી એ સ્પષ્ટ છે કે ચાહકોને બીજી એક દર્દનાક રોમેન્ટિક વાર્તા જોવા મળશે

# કાર્તિક આર્યનની આગામી ફિલ્મના સેટ પરથી ફોટા લીક

કાર્તિક આર્યન શ્રીલીલા સાથે બાઈક પર વધેલા વાળ અને વધેલી દાઢી સાથે ફરતો જોવા મળ્યો હતો. શૂટિંગ સેટ પરથી ફોટા લીક થયા. કાર્તિક આર્યન એક નવી ફિલ્મનું શૂટિંગ કરી રહ્યો છે. આ ફિલ્મમાં તે શ્રીલીલાના વિરુદ્ધ ભૂમિકામાં જોવા મળશે. ફર્સ્ટ લૂક વીડિયો જોયા પછી, એ સ્પષ્ટ છે કે ચાહકોને બીજી એક દર્દનાક રોમેન્ટિકવાર્તા જોવા મળશે સિલિગુડીમાં કાર્તિક આર્યન અને શ્રીલીલાની નવી રોમેન્ટિક ફિલ્મનું શૂટિંગ ચાલી રહ્યું છે. કાર્તિક આ દિવસોમાં એક નવી રોમેન્ટિક ફિલ્મના શૂટિંગમાં વ્યસ્ત છે. આ ફિલ્મમાં તે દક્ષિણની અભિનેત્રી શ્રીલીલા સાથે રોમાન્સ કરતો જોવા મળશે. આ ફિલ્મનું શીર્ષક હજુ સુધી જાહેર કરવામાં આવ્યું નથી. પરંતુ પહેલો લુક જાહેર થઈ ગયો છે.ફર્સ્ટ લૂક વીડિયો જોયા પછી, એ સ્પષ્ટ છે કે ચાહકોને બીજી એક દર્દનાક રોમેન્ટિક વાર્તા જોવા મળશે. ચાહકો બંને વચ્ચેની જાદુઈ કેમિસ્ટ્રી જોવા માટે ઉત્સુક છે. આ ફિલ્મ દિવાળીના અવસરે રિલીઝ થશે. આ ફિલ્મ ટી-સિરીઝ દ્વારા બનાવવામાં આવી રહી છે. આમાં કાર્તિક આર્યન એક ગીત ગાતો જોવા મળશે. ફર્સ્ટ લૂક વીડિયોમાં, કાર્તિક તુ મેરી ઝિંદગી ગીત ગાતો અને સિગારેટ પીતો જોવા મળ્યો હતો. આ ફિલ્મનું દિગ્દર્શન અનુરાગ બાસુ કરી રહ્યા છે અને સંગીત પ્રીતમનું છે.થોડા દિવસો પહેલા, ફર્સ્ટ લૂક વીડિયો જોયા પછી, એ સ્પષ્ટ છે કે ચાહકોને બીજી એક દર્દનાક રોમેન્ટિક વાર્તા જોવા મળશે શ્રીલીલાનો કાર્તિક આર્યનના પરિવાર સાથે પાર્ટી કરતો એક વીડિયો વાયરલ થયો હતો. આ પછી, તેમના ડેટિંગની અફવાઓ ઉડવા લાગી. જોકે, બંનેએ આ સમાચાર પર કોઈ પ્રતિક્રિયા આપી ન હતી. હવે સિલિગુડીમાં શૂટિંગ કરી રહેલા બંનેના પડદા પાછળના ફોટા લીક થયા છે. ફોટામાં, કાર્તિક અને શ્રીલીલા બાઈક રાઈડનો આનંદ માણતા જોઈ શકાય છે. કાર્તિક વિખરાયેલા વાળ અને વધેલી દાઢી સાથે જોવા મળ્યો હતોજ્યારે શ્રીલીલા તે શોલ્ડર ટોપ અને ડેનિમ જીન્સમાં જોવા મળી હતી. તેણે વાળમાં રૂમાલ બાંધ્યો છે અને ચશ્મા પહેર્યા છે. તે ખૂબ ખુશ દેખાતી હતી.





## ‘‘નર્મદે હર’’ ઉત્તરવાહિની નર્મદા પરિક્રમા-૨૦૨૫

# ભારતની મુખ્ય નદીઓમાં નર્મદા નદીનું આગવું મહત્વ છે નર્મદા પરિક્રમાની પુરાણોમાં ઉલ્લેખ અને જાણકારી વિધમાન છે નર્મદા શબ્દની ઉત્પતિ નર્મ અર્થાત આનંદ અને દા અર્થાત દેનારી જળદેવી નર્મદા મૈયા છે

**સ્કંદપુરાણના અનેક ગ્રંથોમાં વિસ્તૃત જાણકારી ઉપલબ્ધ છે, ચૈત્ર માસમાં નર્મદા નદીની પરિક્રમાનું મહત્વ બતાવ્યું છે, આ પરિક્રમાને ઉત્તરવાહિની પંચકોશી કહેવામાં આવે છે**





**ચૈત્ર માસમાં ૨૯મી માર્ચ-૨૦૨૫ થી ૨૭મી એપ્રિલ-૨૦૨૫ સુધી એક મહિનો આ પરિક્રમા યોજનાર છે જેમાં હજારો લાખોની સંખ્યામાં ભાવિકો શ્રદ્ધાળુઓ આ પગપાળા પરિક્રમા કરે છે અને પરિક્રમાના રૂટમાં આવતા પ્રાચીન મંદિરો, આશ્રમોના દર્શન પ્રસાદનો લાભ લે છે. પરિક્રમા વહેલી સવારથી શરૂ થાય છે અને રાત્રી દરમિયાન પણ પદયાત્રા ભાવિકો અનુકૂળ સમય પરિક્રમા કરી શકે છે**




**ઉત્તરવાહીની પરિક્રમા રામપુરા, કીડીમકોડી ઘાટ, રણછોડરાયના મંદિરથી પ્રારંભ થઈને માંગરોળ, ગુવાર, શહેરાવ, તિલકવાડા ઘાટ, રેંગણ-વાસણ ગામ થઇને નર્મદા નદી બોટ મારફત પાર કરી પરત રામપુરા ઘાટ પર સ્નાન કરીને પરિક્રમા અંદાજે ૧૪ કિ.મી. પૂરી થાય છે**



**લેખન અને રજૂઆત**
અરવિંદ બી. મછાર, નાયબ માહિતી નિયામક

નર્મદા ૫૫ દુનિયામાં ભારતીય સંસ્કૃતિ પ્રાચીન અને આગવી ઓળખ ધરાવે છે સાથે-સાથે ભારતીય માનવ સંસ્કૃતિ સભ્યતાનો પણ ભવ્ય ઈતિહાસ અને વારસો ધરતીનો ધબકાર ધબકતો રહ્યો છે. વેદ, ઉપનિષદ, રામાયણ-મહાભારત કાળનો પ્રાગ ઈતિહાસ આંખે ઉડીને વળગે તેવો ઉજળો અને ભવ્ય રહ્યો છે. નાલંદા અને તક્ષશિલા, ગુરુકુળ-આશ્રમો વિદ્યાના કેન્દ્રો રહ્યા છે. યોગ આધ્યાત્મ, ધર્મ, વર્ણ, વ્યવસ્થા વિકસિત હતી. કાળક્રમે તેમાં બદલાવ આવ્યો. ઈતિહાસમાં કથાવાર્તા ધરબાયેલી રહી છે. સમયની માંગ અને પરિવર્તનના કારણે કાળક્રમ બદલાતો ચાલ્યો. ભારતીય માનવ સંસ્કૃતિ જગતમાં આગવી-નોખી નિરાળી છાપ ધરાવે છે જે દુનિયાના અન્ય દેશોમાં નથી જોવા મળતી વિવિધતામાં એકતાના દર્શન કરાવે છે. સદભાવના ભાઈચારો આદર સત્કાર દરેક ધર્મનું મૂળ છે. ઉત્સવો વાર તહેવારે ભારતીય સંસ્કૃતિમાં જોવા મળે છે. પ્રાચીન માનવ સંસ્કૃતિ નદી-સરોવર-પહાડો-મેદાનોમાં પાંગરી છે. વિકસિત થઈ છે. નદીને લોકમાતા કહી છે. દરેક લોકોનો અધિકાર એટલે જ તેની આસપાસ માનવી-પશુ-પક્ષી-જળચર પ્રાણી, નદીના નિરમા વિકસિત થઈ માનવીના હીર સાથે ફાલીફૂલીને વિકસિત થતી આવી છે. આદિમાનવોનો વસવાટ પણ જળ-જંગલના-પહાડો-મેદાનોમાં થયો હોવાનું પુરાણોમાં પ્રસિદ્ધ છે. આદિમાનવ એ અગ્નિ પેટાવી ખોરાક-પાણી અને શિકાર કરીને જંગલના ફળ-ફૂલ-કંદ ખાઈને જીવન ગુજારતો હતો અને કાળક્રમે ચક્રની શોધ પથ્થરના ઓજાર- ધાતુના ઓજાર બનાવી ખેતીની શરૂઆત કરી પ્રગતિની પગદંડી શરૂ કરી આજે, માનવી અંતરીક્ષ, અવકાશમાં ઘુમતો થયો છે, શહેર અને નગરોનો તેજ ગતિએ વિકાસ થયો છે. ઈન્ફ્રાસ્ટ્રકચર અને ભૌતિક સુખ સુવિધામાં અનેક ગણો વધારો થયો છે. માનવીએ ઘણી પ્રગતિ કરી છે. છતાં શાંતિ, આધ્યાત્મિકતા, યોગ, નિજાનંદ, તપ, ધ્યાન, પ્રકૃતિ સાથે કદમ મિલાવવા તે વેદ, ઉપનિષદ અને ભારતીય સંસ્કૃતિ, ગ્રંથોનો સહારો ગ્રામીણ ક્ષેત્રના મંદિરો, મેળા-ઉત્સવો, પદયાત્રા, નૈસર્ગીક કુદરતના ખોળે પાછો વળતો માનવી દેખાય છે. આજે આપણે ભારતની મુખ્ય નદીઓમાંની એક નર્મદા મૈયાના આગવા મહત્વ અને પુરાણોમાં ઉલ્લેખ અને આગવા મહત્વ વિશે નર્મદા ઉત્તરવાહિની પંચકોશીય પરિક્રમા વિશે જાણીએ નર્મદા શબ્દની ઉત્પતિ નર્મ અર્થાત આનંદ અને દા અર્થાત દેનેવાલી (આપનારી) જળદેવી નર્મદા મૈયાની ગુજરાત રાજ્યના નર્મદા જિલ્લામાં આવેલી પવિત્ર નર્મદા નદીની વાત કરીએ. નર્મદા નદીનું ઉદગમ સ્થાન મધ્યપ્રદેશના સુરમ્ય અને રમણીય સ્થળ અમરકંટકથી નીકળી નર્મદા નદી પૂર્વથી પશ્ચિમ તરફ વહે છે. ત્યાંથી શરૂઆત થાય છે. અહીંથી નદીઓનો પ્રવાહ મેકલ પર્વતશ્રેણીથી થઈને જાય છે તેના કારણે તેને મેકલ કન્યા પણ કહેવામાં આવી છે. અમરકંટકમાંથી એક નાની ધારા અને કેટલીક જગ્યાએ ગુપ્ત રીતે વહેવા વાળી નર્મદા મૈયાનો પ્રવાહ આગળ જતા વિશાળ જળરાશિમાં પરિવર્તિત થઈ મધ્યપ્રદેશના અનેક ગામો-શહેરો-જંગલો અને પર્વતોમાંથી ખળખળ વહેતી જઈને મહારાષ્ટ્ર અને ગુજરાત રાજ્યમાં છોટાઉદેપુરના કવાંટ તાલુકાના હાફેશ્વર મહાદેવ મંદિર, સરદાર સરોવર ડેમના તટીય વિસ્તાર રેવાના તીરે ખળખળ નિર્મળ પવિત્ર જળરાશીથી વહીને ગોરાઘાટ, રામપુરા, શહેરાવ, તિલકવાડા થઈને વડોદરા જિલ્લામાંથી પસાર થઈ ભરૂચ પાસે વમલેશ્વર ગામ પાસે ખંભાતના અખાતમાં સમુદ્રમાં સમાઈ જાય છે. આની કુલ લંબાઈ ૧૩૯૦ કિ.મી. છે. આ સફર યાત્રામાં નર્મદા મૈયા બાળ રૂપમાં તો ક્યાંક દુગ્ધધારાના રૂપમાં તો ક્યાંક સપ્તધારા (સહસ્ત્રધારા) અને કપિલધારા રૂપમાં આનંદિત કરે છે. શૂળપાણેશ્વરની ઊંચી ઊંચી સાતપુડા-વિધ્યાચળ પર્વતમાળામાં નર્મદામૈયાના પ્રવાહથી ભારત વર્ષનું માનો માનચિત્ર હી નિર્મિત થઈ ગયું છે. તો અમરકંટકમાં આના પ્રવાહથી આકારનો દ્વિપ પણ બની ગયો છે. ભેડાઘાટમાં આના પ્રવાહથી બંનેને કિનારા પર સંગમરમરની સુંદર ચટ્ટાને મુખારીત થઈ ગઈ છે. તેનાથી નર્મદા મૈયાનું સૌંદર્ય બહુગુણિત થઈ ગયું છે. આવો સુમધુર અને પવિત્ર જળની સમસ્ત માનવસૃષ્ટિ-પ્રાણીઓની તરસ છીપાવીએ તેમના પર કાયમ કૃપા કરીએ આશીર્વાદ રાખીએ નર્મદા મૈયા નર્મદા નદી પૂર્વથી પશ્ચિમ દિશામાં અનેક પર્વત ઘાટ પાર કરીને કાળાડિબાંગ નિર્મળ જળ પ્રવાહથી વિશાળ પટ્ટમાં શર્પાકારે ખંભાતની ખાડી પાર કરીને સમુદ્રના વિશાળ જળરાશિમાં સમાઈ જાય છે, એટલે જ નર્મદા નદીને ભારત વર્ષની મુખ્ય નદી માનીને પ્રાચીન નદીઓમાં સ્થાન આપવામાં આવ્યું છે. ભુગર્ભશાસ્ત્રના સંશોધન અનુસાર પણ આ તથ્યની પુષ્ટિ કરે છે સાથે સાથે એ પણ નોંધે છે કે, સામાન્ય રીતે નદીઓનો પ્રવાહ મોટેભાગે પશ્ચિમથી પૂર્વની દિશામાં હોય છે. પરંતુ અપવાદરૂપ માત્રને માત્ર નર્મદા અને તાપી નદીઓ જ મુખ્ય નદીઓ પૂર્વ સે પશ્ચિમ દિશામાં પ્રવાહીત થાય છે. વહે છે. લોકો તેને શિવપુત્રી (નર્મદા) તાપીને સૂર્યપુત્રી પણ કહે છે. ભારતમાં નર્મદા એકમાત્ર નદી છે કે જેની પૂર્ણ પરિક્રમા અને ઉત્તરવાહિની પંચકોશી એમ બે પ્રકારની પરિક્રમા શ્રધ્ધાળુંઓ કરે છે. પંચકોશીય ઉત્તરવાહિની પરિક્રમા એટલે રાજપીપળા નજીક જ્યા રામપુરા ઘાટ માં નર્મદાનો પ્રવાહ ઉત્તર તરફ વહે છે તે ઉત્તરવાહિની મોક્ષ પ્રદાન કરનારી પરિક્રમા જ્યારે પૂર્ણ પરિક્રમા એટલે નર્મદા નદીના ઉદગમ સ્થાનથી સમુદ્ર સંગમ સ્થાન સુધી. જે લોકો નર્મદા નદીમાં સવારે નર્મદાના નીરથી સ્નાન કરે છે તેના પાપ નષ્ટ થઈને પાણીમાં ધોવાઈ જાય છે માં નર્મદા રેવાનો જન્મ તેજોમય લીંગ સે હુઆ જાણીને સર્વ સૃષ્ટિમાં આ ધારણા દ્રઢ થઈ કે બધા તીર્થોમાં ઈચ્છિત ફળ આપનારી નર્મદા નદી સવર્શ્રેષ્ઠ છે હર એક કંકર કંકર મે શંકર કા વાસ હૈ માં નર્મદા નદીના દર્શનથી લોકો પવિત્ર પાવનકારી થઈ જાય છે. નર્મદે હર... મારી દ્રષ્ટિએ નર્મદા કેવળ એક નદી ન રહેતા તેના તટ પર સ્થિત સર્વ પશુ-પંક્ષી જીવજંતુઓને સમસ્ત માનવ જાતિના કલ્યાણ કરવાવાળી જળદેવી છે. તેનું પ્રાકૃતિક સૌંદર્ય અને અલગ-અલગ રૂપ જોઈને હર કોઈનું મનમોહિત થઈ જાય તેવી મનમોહક નર્મદા મૈયા છે. તેના જળની મીઠાશ-મધુરતા ચોખ્ખાઈ આંખને ગમી જાય છે. વિશાળ મનને રિલેક્ષ, શાંત અને અલૌકિક અનુભૂતિ કરાવે છે તેના કિનારે આવેલ વનરાજી, લીલા કેળના ખેતરો, હરિયાળી, પ્રાકૃતિક સૌંદર્ય આધ્યાત્મિકતાના ભાવ, આસ્થા, શ્રદ્ધા, વિશ્વાસ બેવડાઈ જાય છે. નદી કિનારે ઉત્તરે આવેલા પ્રાચીન મંદિરો રણછોડરાય, ધનેશ્વર મંદિર, પાંડવ ગુફા જોઈને, મંગલેશ્વર, તપોવન આશ્રમ, મારૂતિ મંદિર, ગોપારેશ્વર, રામાનંદ આશ્રમ, સિતારામ બાપા આશ્રમ, તિલકવાડા સામેના કિનારે વાસુદેવ કુટિર, ગુરૂઘર, ગૌમતેશ્વર, તિલકેશ્વર, મણિનાગેશ્વર, ખોડિયાર માતા મંદિર (ભવાની માતા મંદિર) કપિલેશ્વર જેવા પ્રાચીન ધાર્મિક મંદિરો આવેલા છે. સમગ્ર વિશ્વમાં એકમાત્ર નર્મદા નદીની જ પરિક્રમા યોજાય છે સમગ્ર વિશ્વમાં ૧.૫૦ લાખ, ભારતમાં ૪૦૦ અને ગુજરાતમાં અંદાજે ૧૮૫ નદીઓ છે. ભારતના દષ્ટિકોણથી જોઈએ, તો આપણા દેશમાં લગભગ તમામ નદીઓની પૂજા થાય છે. સૌથી પવિત્ર ગંગા નદી પર આવેલ ગંગા-યમુના-સરસ્વતી (અદશ્ય)ના ત્રિવેણી સંગમ પર તો મહાકુંભ મેળો યોજાય છે, પરંતુ ગુજરાત-ભારત સહિત વિશ્વમાં નર્મદા સિવાય કોઈ પણ નદીની પરિક્રમા નથી યોજાતી. એકમાત્ર નર્મદા નદી જ એવી છે કે જેની પરિક્રમા કરવામાં આવે છે. પુરાણોમાં ઉલ્લેખ છે કે ‘ગંગા સ્નાને, યમુના પાને, નર્મદા દર્શને તથા તાપી સ્મરણે’ મુક્તિ મળે છે. એટલે કે ગંગામાં સ્નાન કરવાથી, યમુનાના જળનું પાન કરવાથી મુક્તિ મળે છે, પરંતુ નર્મદા નદીના દર્શનમાત્રથી મુક્તિ મળે છે. એટલા માટે જ લાખો લોકો નર્મદાનાં ઉદ્ગમ સ્થળ અમરકંટક થી સમુદ્ર સંગમ સ્થળ ખંભાતના અખાત સુધીની નર્મદા પરિક્રમા કરે છે. આ નર્મદા પરિક્રમા માર્ગ લગભગ ૨૬૨૪ કિલોમીટરનો હોય છે. જોકે કેટલાક શ્રદ્ધાળુઓ આટલી લાંબી પરિક્રમા નથી કરી શકતા, તેને પૂર્ણ કરતા મહિનાઓ લાગે છે. તેથી તેઓ નર્મદાની ઉત્તરવાહિની પંચકોશી યાત્રા કરીને પણ મુક્તિ પ્રાપ્ત કરે છે. કહેવાય છે કે ઉત્તરવાહિની પંચકોશી નર્મદા પરિક્રમા કરવાથી પણ સંપૂર્ણ નર્મદા પરિક્રમા જેટલું જ ફળ પ્રાપ્ત થાય છે. પરિક્રમાર્થીઓની સુવિધા માટે પૂરજોશમાં તૈયારીઓ ઉત્તરવાહિની પંચકોશી નર્મદા પરિક્રમા માટે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડશે, તેને ધ્યાનમાં રાખીને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર, ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ તથા નર્મદા જિલ્લા વહીવટીતંત્ર દ્વારા શ્રદ્ધાળુઓ પરિક્રમાવાસીઓની સુવિધાઓ માટે પૂરજોશમાં તૈયારીઓ ચાલી રહી છે. ખાસ કરીને ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા ૧૪ કિલોમીટરની સમગ્ર પરિક્રમા દરમિયાન ઉમટનાર હજારો ભક્તો માટે રૂા. ૩.૮૨ કરોડના ખર્ચે અનેક સુવિધાઓ ઊભી કરવામાં આવી છે. યાત્રાધામ બોર્ડ પરિક્રમાર્થીઓની સેવામાં ખડેપગે બોર્ડ દ્વારા અનેકવિધ હંગામી સુવિધાઓ ઊભી કરાઈ છે. ઉત્તરવાહિની પંચકોશી નર્મદા પરિક્રમાના માર્ગમાં નર્મદા નદીના શહેરાવ ઘાટ, રેંગણ ઘાટ, રામપુરા ઘાટ અને તિલકવાડા ઘાટ આવેલ છે. બોર્ડ દ્વારા આ તમામ ઘાટો પર મોટી સાઈઝના મંડપો, ખુરશી, બેરીકેડિંગ, લાઈટિંગ, ટૉયલેટ બ્લૉક, ચેન્જિંગ રૂમ, મેડિકલ બૂથ, પબ્લિક એડ્રેસ સિસ્ટમ, પોલીસ બૂથ માટે મંડપ, પીવાના પાણીની સુવિધા, સીસીટીવી કેમેરા, ચેતવણી બોર્ડ, ડી. જી. સેટ, સાઈનબોર્ડ્સ, પાર્કિંગ, યાત્રિકોને લાઈનમાં ઊભા રહેવા માટેની રેલિંગ, વૉચ ટાવર, ફૂડ સ્ટોલ તથા સ્નાન માટેની વ્યવસ્થાઓ કરવામાં આવી છે. તેવી જ રીતે સમગ્ર પરિક્રમા માર્ગ પર લાઈટિંગ, સાઈનેજિસ, કચરાપેટી, સીસીટીવી કેમેરા, સીનિયર સિટીઝન માટે બેઠક વ્યવસ્થા, ટૉયલેટ યુનિટ, ઈમર્જન્સી કામગીરી માટે જેસીબી, હિટાચી, ક્રેન, દોરડા જેવી મશીનરી તથા વસ્તુઓની વ્યવસ્થા કરવામાં આવી છે ઐતિહાસિક સરદાર સરોવર ડેમ ગુજરાતની કાયા પલટવામાં મહત્વની ભૂમિકાઃ ત્રણ રાજ્યોના લોકોને આશીર્વાદ સમાન. સરદાર સરોવર ડેમ માટે વર્ષ સને ૧૯૪૭ માં નર્મદા યોજનાનું મોજણી અને સંશોધનનું કાર્ય શરૂ કરવામાં આવ્યું હતું અને ૧૯૬૦ માં ભારત સરકાર દ્વારા નિમણૂંક કરાયેલ કન્સલ્ટન્ટશ્રીઓએ નવાગામ બંધ સ્થળની મુલાકાત લીધી સરોવરની પૂર્ણ જળ સપાટી ૩૨૦ ફૂટની ભલામણ કરી એ અરસામાં ૧લી મે, ૧૯૬૦ ના રોજ ગુજરાત રાજ્યની સ્થાપના થઈ હતી. વર્ષ ૧૯૬૧ માં નર્મદા યોજના ભરૂચ સિંચાઈ યોજનાને ગુજરાત સરકાર દ્વારા વહીવટી મંજૂરી મળી ભારતના તાત્કાલિન વડાપ્રધાનશ્રી પંડિત જવાહરલાલ નેહરૂએ ભરૂચ સિંચાઈ યોજના (નર્મદા યોજના) જેની પૂર્ણ જળસપાટી ૧૬૧ ફૂટ માટે તા. ૫મી એપ્રિલ-૧૯૬૧ ના રોજ પાયાનો પથ્થર મૂક્યો. વર્ષ સને ૧૯૬૫માં ડૉ. એ.એન. ખોસલા ઓરિસ્સાના ગવર્નરો તથા એન. ડબલ્યુ.આર.ડી.સી. ના ચેરમેન નવાગામ બંધની મુલાકાત લીધી. એપ્રિલ માસમાં મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્ર વચ્ચે જળસંધિ કરાર થયા તથા સપ્ટેમ્બર માસમાં નર્મદા પાણી પ્રાપ્તિ સ્થાન વિકાસ સમિતિએ નવાગામ બંધની પૂર્ણ જળસપાટી ૫૦૦ ફૂટ રાખવી તેવો અહેવાલ રજૂ કર્યો. ત્યારબાદના વર્ષોમાં આ સરદાર સરોવર ડેમની પ્રગતિ—અંતરાયો આવતા ગયા અને તબક્કાવાર તેનું નિરાકરણ અને સંવાદ થકી સમસ્યાનો ઉકેલ કાઢતા ગયા અને સરદાર સરોવરના સ્વપ્નને આગળ ધપાવતા ગયા પૂર્ણતાને આરે સંકલ્પ બધ્ધ રીતે મૂર્તિમંત કરવાના સામૂહિક પ્રયાસ થકી આજે આ સરદાર સરોવર ડેમ ત્રણ રાજ્યોને સુખ-સુવિધા પ્રદાન કરીને લોકઉપયોગી બહુહેતુક યોજના સાબિત થઈ છે. ગુજરાતની જીવાદોરી એવી સરદાર સરોવર ડેમ યોજના તેની જળાશયની સપાટી ૧૩૮.૬૮ મીટર (૪૫૫ ફૂટ) મહત્તમ પર પહોંચે ત્યારે ડેમ ઓવરફ્લો થાય છે અને ડેમ પૂર્ણ સપાટીએ ભરાય ત્યારે આહલાદક અને મનમોહક લાગે છે. જ્યારે તેના ગેટ ખોલવામાં આવે ત્યારે પ્રવાસીઓને આનંદનો પાર રહેતો નથી તેને જોવા માટે ડેમ વ્યુ પોઈન્ટની સુવિધા પણ વિકસાવી છે. રેવાનું રૈમ્ય સ્વરૂપ જોઈને સૌ કોઈ પુલકિત થઈ જાય છે અને તે ક્ષણ અદભૂત હોય છે. તત્કાલિન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ડેમનું કામ પૂર્ણ કરવામાં ખૂબ જહેમત ઉઠાવી છે અને શ્રી નરેન્દ્રભાઈ મોદી દેશના વડાપ્રધાન તરીકે કાર્યભાર સંભાળ્યા પછી માત્ર ૧૭ દિવસ માંજ તારીખ ૧૨-૬-૨૦૧૪ના રોજ નર્મદા ડેમનું બાકી કામ પુરૂ કરવાની મંજૂરી આપી તરત જ ડેમની ઊંચાઈ વધારવાનું કામ શરૂ કરવામાં આવ્યું અને ડેમના ૩૦ દરવાજાઓ બેસાડવાની કામગીરી તારીખ ૧૦-૭-૨૦૧૬ના રોજ ૯ માસ વહેલાં પૂર્ણ કરવામાં આવ્યું ડેમના દરવાજા બંધ કરવાની મંજૂરી તા. ૧૭-૬-૨૦૧૭ ના રોજ મુખ્ય બંધના બધાજ ૩૦ રેડિયલ ગેટસને બંધ કરવામાં આવ્યા અને માનનીય વડાપ્રધાનશ્રી દ્વારા તા. ૧૭-૯-૨૦૧૭ ના રોજ દરવાજા બંધ કરીને ડેમને રાષ્ટ્રને અર્પણ કરવામાં આવ્યો. રાષ્ટ્રને અર્પણ કર્યા બાદ અત્યાર સુધીમાં કુલ-૫ વખત વર્ષ ૨૦૧૯,૨૦૨૦, ૨૦૨૨,૨૦૨૩ અને ૨૦૨૪ માં તેની મહત્તમ સપાટીએ ડેમ ભરાયો છે આ ડેમ ૧૩૮.૬૮ મીટરની સપાટીએ પહોંચે ત્યારે તેની જળ સંગ્રહ ક્ષમતા ૯૪૬૦ મીલીયન ઘન મીટર પાણી સંગ્રહાય છે. આ ડેમ કૃષિ, પીવાના પાણી અને વીજળી પુરવઠા માટે દેશને મહત્વ પૂર્ણ સાબિત થયો છે અને ગુજરાતના ભવિષ્ય માટે સમૃધ્ધિના દ્વાર ખોલ્યા છે ગુજરાતની પ્રગતિમાં નર્મદા યોજનાનો અમુલ્ય ફાળો છે. નર્મદા નદીના પાણીથી સુજલામ્ સુફલામ્ યોજના દ્વારા ઉત્તર ગુજરાતના દાંતીવાડા, મુક્તેશ્વર, ધરોઈ વિગેરે ૩ મોટા-મધ્યમ ડેમોમાં પાણી નાખવામાં આવે છે અને ૯૦૯ તળાવો ભરવામાં આવ્યા છે. નર્મદા યોજના દ્વારા સૌની યોજનામાં ૧૧૫ ડેમોમાં પાણી નાખવામાં આવે છે તથા નાના-મોટા ચેકડેમોમાં પાણી ભરવામાં આવે છે. નર્મદા યોજના દ્વારા ૧૦,૦૧૪ ગામો ૧૮૩ શહેરો તથા ૭ મહાનગર પાલિકાઓ મળીને ગુજરાતની આશરે ૪ કરોડની પ્રજાને નર્મદાનું પીવાનું પાણી આપવામાં આવી રહ્યું છે એટલું જ નહીં આ યોજનાથી ગુજરાતની અંદાજે ૧૭.૯૨ લાખ હેક્ટર જમીન અને રાજસ્થાનની ૨.૪૬ લાખ હેક્ટર જમીનને સિંચાઈનો લાભ મળશે. નર્મદા યોજનાના રીવર બેડ પાવર હાઉસ તથા કેનાલ હેડ પાવર હાઉસમાંથી વીજળી ઉત્પન્ન કરવામાં આવેલ છે. ચાલુ વર્ષે એટલે કે, ડેમ તા.૧૧/૦૮/૨૦૨૪ના રોજ ઓવરફ્લો થવાનું શરૂ થયું હતું તેના ૫૧ દિવસ સુધી ઓવરફ્લો થયો અને કુલ ૧૦,૦૧૨ મીલીયન ધનમીટર **(8.177 MAI)** ઓવરફ્લો થયો ચાલુ વર્ષે નર્મદા બંધના ઓવરફ્લો દરમ્યાન રાજ્યની ૧૦ નદીઓ જેવી કે, પુષ્પાવતી, રૂપેણ, બનાસ, સરસ્વતી, સાબરમતી, વાત્રક, કુણ, કરાડ, દેવ અને હેરણ નદીઓમાં પાણી વહેવડાવી જીવંત કરવામાં આવેલ છે. નર્મદા મૈયાના પાવન જળ કેવડીયા એકતાનગરથી ૭૪૩ કિ.મી.ની યાત્રા પુરી કરીને કચ્છના છેવાડાના વિસ્તાર મોડકુબા સુધી રાજ્યના ઈજનેરી કૌશલ્યથી પહોંચ્યા છે. નદી કિનારે નારિયેળી રે... ભાઈ... નારિયેળી રે... હેજી મારે નર્મદા મૈયા ઉત્તવાહિની પરિક્રમાને કાજ રે... ભાઈ... નારિયેળી રે... પહેલું તે પગલું રામપુરા રણછોડરાય મંદિર કિડી-મકોડી ને ઘાટ રે... ભાઈ... નારિયેળી રે... બીજું તે પગલું શહેરાવ પુલ ઘાટ નર્મદા નદીના પટમાં રે... ભાઈ... નારિયેળી રે... ત્રીજું તે પગલું તિલકવાડા મણિનાગેશ્વર મંદિરને દ્વાર રે... ભાઈ... નારિયેળી રે... ચોથું તે પગલું રેંગણ ઘાટ જેટી નાવડીને માય રે... ભાઈ... નારિયેળી રે... પાંચમું તે પગલું રામપરા કિડી-મકોડીને ઘાટ રે... ભાઈ... નારિયેળી રે... પંચકોશી પરિક્રમા સ્નાન કરી પૂર્ણ થઈ રે... ભાઈ... નારિયેળી રે... નર્મદે હર...નર્મદે સર્વદે...સૌને સુખ દે...

## PLI સ્કીમથી ૯૧ હજારથી વધારે લોકોને મળશે રોજગારી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।

કેન્દ્ર સરકારે પેસિવ અથવા નોન-સેમિકન્ડક્ટર ઈલેક્ટ્રોનિક્સ કમ્પોનન્ટ્સ માટે પ્રોડક્શન લિંક્ડ ઈન્સેન્ટિવ (PLI) સ્કીમ શરૂ કરવાની શુક્રવારે મંજૂરી આપી છે. આ મંજૂરી કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં આપવામાં આવી છે. કેન્દ્રીય ઈલેક્ટ્રોનિક્સ અને મંત્રી અશ્વિની વૈષ્ણવે આજે કેબિનેટની બેઠકમાં લેવામાં આવેલા નિર્ણયોની માહિતી આપી છે. અશ્વિની વૈષ્ણવે કહ્યું કે, નોન-સેમિકન્ડક્ટર ઈલેક્ટ્રોનિક્સ કમ્પોનન્ટ્સ સેક્ટર માટે લાવવામાં આવેલી આ પ્રોત્સાહક યોજનાથી લગભગ ૫૯,૩૫૦ કરોડ રૂપિયાનું રોકાણ લાવશે. પૈસિવ ઈલેક્ટ્રોનિક કમ્પોનન્ટ્સના મેન્યુફેક્ચરિંગને પ્રોત્સાહન આપવા માટે લાવવામાં આવેલી આ પહેલી યોજના છે. અશ્વિની વૈષ્ણવે કહ્યું કે, આ યોજનાથી ૯૧,૬૦૦ લોકોને સીધી રોજગારી મળશે. સાથે જ લગભગ ૫૯,૩૫૦ કરોડ રૂપિયાનું રોકાણ પણ લાવશે. આ યોજના માટે ૨૨,૯૧૯ કરોડ રૂપિયાનું કુલ પેકેજ ૬ વર્ષ માટે હશે. અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે, આ સેગમેન્ટ ટેલિકોમ, કન્ઝ્યુમર ઈલેક્ટ્રોનિક્સ, ઓટોમોબાઈલ, મેડિકલ ડિવાઈસ, પાવર સેક્ટર વગેરે સહિતના ઘણા ક્ષેત્રોની જરૂરિયાતો પૂરી કરશે. આ યોજનાથી ૪.૫૬ લાખ કરોડ રૂપિયાની આવક થવાની અપેક્ષા છે. સરકાર વિવિધ ક્ષેત્રો (સેક્ટર્સ)માં લોકલ મેન્યુફેક્ચરિંગને પ્રોત્સાહન આપવા માટે PLI યોજના ચલાવી રહી છે. હવે આમાં નોન-સેમિકન્ડક્ટર ઈલેક્ટ્રોનિક્સ કમ્પોનન્ટ્સ સેક્ટરને પણ સ્થાન મળ્યું છે. ઈલેક્ટ્રોનિક કમ્પોનન્ટ મેન્યુફેક્ચરિંગ કંપનીઓની સંસ્થા અલ્સિના (ઈલેક્ટ્રોનિક ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન ઓફ ઈન્ડિયા) અનુસાર, ભારતમાં નોન-સેમિકન્ડક્ટર કમ્પોનન્ટનું ઉત્પાદન ૨૦૨૨માં આશરે ૧૩ અરબ અમેરિકી ડોલર હતું. જે ૨૦૨૬ સુધી તેના લગભગ ૨૦.૭ અરબ ડોલર અને ૨૦૩૦ સુધી લગભગ ૩૭ અરબ ડોલર સુધી પહોંચે તેવી અપેક્ષા છે.

### દર વર્ષે લાખો શ્રદ્ધાળુઓ આ યાત્રા પર આવે છે

# ૩૦ એપ્રિલથી શરૂ થશે ચારધામ યાત્રા, આ વખતે REEL ક્રિએટર્સ માટેનો એન્ટ્રી

**સોશિયલ મીડિયા પર વીડિયો અને રીલ બનાવનારાઓ માટે ખાસ નિયમો છે મંદિરની અંદર વીડિયો અને રીલ બનાવવા પર પ્રતિબંધ છે**

। (એજન્સી) દહેરાદુન, તા.૨૯ ।

ઉત્તરાખંડમાં ચારધામ યાત્રા આ વર્ષે ૩૦ એપ્રિલથી શરૂ થઈ રહી છે. દર વર્ષે લાખો શ્રદ્ધાળુઓ આ યાત્રા પર આવે છે. આ વખતે ચારધામ યાત્રામાં કેટલાક નવા નિયમો બનાવવામાં આવ્યા છે. સોશિયલ મીડિયા પર વીડિયો અને રીલ બનાવનારાઓ માટે ખાસ નિયમો છે. મંદિરની અંદર વીડિયો અને રીલ બનાવવા પર પ્રતિબંધ છે. જો તમે આમ કરશો તો તમને દર્શન કર્યા વિના જ પાછા મોકલી દેવામાં આવશે. આ ઉપરાંત VIPP દર્શન પણ બંધ કરી દેવામાં આવ્યા છે. આ વખતે ચારધામ યાત્રા માટે ૯ લાખ લોકોએ રજીસ્ટ્રેશન કરાવ્યું છે. યાત્રાને



સુરક્ષિત બનાવવા માટે ઘણી વ્યવસ્થા કરવામાં આવી છે. કેદારનાથ-બદ્રીનાથ પાંડા સમાજે નિર્ણય લીધો છે કે આ વખતે યાત્રા દરમિયાન રીલ બનાવનારાઓને મંદિરમાં પ્રવેશવા દેવામાં આવશે નહીં. ગયા વર્ષે મુસાફરો દ્વારા વીડિયો બનાવવાને કારણે ઘણી જગ્યાએ સ્થિતિ બગડી હતી. કેદારનાથ ધામમાં માત્ર વીડિયો બનાવવા માટે ઢોલ વગાડવામાં આવી રહ્યા હતા. જેના કારણે પ્રકૃતિ અને ભક્તોની શાંતિ ખોરવાઈ રહી હતી. તેથી, આ વખતે વહીવટીતંત્રે કેમેરા ચલાવવા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂક્યો છે. આ વર્ષે ચારધામ યાત્રા દરમિયાન VIP દર્શન પણ બંધ કરી દેવામાં આવ્યા છે. બદ્રીનાથ ધામની પાંડા પંચાયતના ખજાનચી અશોક ટોદરિયાએ કહ્યું કે દર્શન માટે પૈસા લેવા એ ભગવાનની ગરિમાની વિરુદ્ધ છે. તેથી આ વખતે તમામ શ્રદ્ધાળુઓ સામાન્ય દર્શન જ કરી શકશે. આ સાથે દરેકને સમાન રીતે દર્શનની તક મળશે. ચારધામ યાત્રા ૩૦ એપ્રિલ, ૨૦૨૫ (અક્ષય તૃતીયા) થી શરૂ થશે. સૌથી પહેલા ગંગોત્રી અને યમુનોત્રી ધામના દરવાજા ખુલશે.

### ભાજપ નેતાએ લોકસભામાં ઉઠાવ્યા સવાલ

## ‘દેશમાં ઘણા રન-વે બેકાર, ફ્લાઈટ ભાડું-પાયલટની ટ્રેનિંગ પણ મોંઘી’

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।

લોકસભામાં બિહારના સારણ ક્ષેત્રના ભાજપ સાંસદ અને પૂર્વ નાગરિક ઉડ્ડયન મંત્રી રાજીવ પ્રતાપ રુડીએ ફ્લાઈનું ભાડું, રન-વેની સ્થિતિ, પાયલટની ટ્રેનિંગ સહિતના મુદ્દા ઉઠાવી પોતાની જ કેન્દ્ર સરકાર પર પ્રહારો કર્યા છે. એટલું જ નહીં આ દરમિયાન તેમણે મોદી સરકારના વખાણ પણ કર્યા છે.લોકસભામાં રુડીએ મોદી સરકારના વખાણ કરતાં કહ્યું કે, ‘પીએમ મોદીના નેતૃત્વ હેઠળની સરકાર દ્વારા શરૂ કરાયેલ પહેલોથી આવનારા સમયમાં દેશનો વિકાસ થશે અને વિમાની મુસાફરી સુલભ બનશે.’ ઉડાન યોજનાના વખાણ કરતા રુડીએ એવું પણ કહ્યું કે, ‘આ યોજના નાના શહેરોના વિમાની નેટવર્કને જોડવા માટેનો સારો પ્રયાસ છે, જોકે તેનો અસરકારક અમલ કરવા માટે કેન્દ્ર સરકારે સારા ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સસ્તા ભાડાની ખાતરી કરવી પડશે.’ એટલું જ નહીં, તેમણે સરકારને જણાવ્યું કે ભાડું કેવી રીતે ઘટાડી શકાય?તેમણે કહ્યું કે, ‘ભારત છેલ્લા બે દાયકામાં એવિએશન સેક્ટરમાં ઘણું આગળ વધ્યું છે, જોકે સામાન્ય માણસોને ટિકિટોની કિંમતો પરવડે તેમ નથી, બીજીતરફ ઈંધણ ખર્ચ, ભારે કર અને એરપોર્ટ પર વધારાના શુલ્કના કારણે એરલાઈન્સ કંપનીઓ પણ અનેક પડકારોનો સામનો કરી રહી છે. રાજ્યો મુજબ ઉત્તર પ્રદેશમાં ATF ટેક્સ એક ટકા છે.

## રેસિપ્રોકલ ટેરિફથી બચવા માગતા દેશો સામે ટ્રમ્પે મૂક્યો વિકલ્પ

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૯ ।

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ૨ એપ્રિલથી તમામ દેશો પર રેસિપ્રોકલ ટેરિફ લાદવાની તૈયારી કરી લીધી છે. જોકે, ટ્રમ્પ કહે છે કે જે દેશ આ પ્રકારના ટેરિફથી બચવા માગતો હોય તે મારી સાથે અલગ અલગ કરાર કરવા વાટાઘાટો કરી શકે છે હું તૈયાર છું. ટ્રમ્પે કહ્યું છે કે અમારી સરકાર દ્વારા ૨ એપ્રિલથી ટેરિફ લાદવામાં આવ્યા બાદ પણ અલગ અલગ કરારો માટે વાટાઘાટો કરવા દરવાજા ખુલ્લા રહેશે. એટલું જ નહીં ટ્રમ્પે મેડિકલ ક્ષેત્ર પર ટેરિફ લાદવાની યોજનાનો પણ ઉલ્લેખ કર્યો. જોકે, તેમણે આ અંગે વિગતવાર માહિતી આપી ન હતી.

### સુપ્રીમ કોર્ટે કહ્યું ‘કડવું સત્ય’

# વસુધૈવ કુટુમ્બકમની વાતો થાય છે પણ કોઇ સાથે રહેવા નથી માગતું

**માતા-પિતાની માગ પર ટ્રિબ્યૂનલે પુત્રને ઘર ખાલી કરવા કહ્યું, પુત્રની અપીલ પર હાઇકોર્ટે સ્ટે મુક્યો જેની સામે માતા સુપ્રીમ પહોંચી**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।

માતા અને પુત્ર વચ્ચે સંપત્તિનો વિવાદ સુપ્રીમ કોર્ટ સુધી પહોંચ્યો હતો, જેની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે હાલની પરિવારની ભાવનાને લઈને એક અત્યંત મહત્વપૂર્ણ ટિપ્પણી કરી હતી. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે ભારતમાં વસુધૈવ કુટુમ્બકમની વાતો તો થાય છે પરંતુ બીજી તરફ સ્થિતિ એ છે કે આપણે પોતાના સ્વજનની સાથે એક થઈને રહેવામાં પણ નિષ્ફળ નિવડયા છીએ. માતા પિતાથી પુત્રો તો પુત્રોથી માતા પિતા અલગ રહેવા માગે છે તે અંગે સુપ્રીમે આ ચિંતા વ્યક્ત કરી હતી. સુપ્રીમના ન્યાયાધીશ પંકજ મિતલ અને એસ એન વી ભટ્ટીની બેંચે કહ્યું હતું કે પરિવારનો કોન્સેપ્ટ બદલાઈ રહ્યો છે અને વ્યક્તિ એકલો જ રહેવા માગે છે અને તે જ પોતાનામાં એક પરિવાર છે, લોકો પોતાના સગા કે પરિવારજનોની સાથે રહેવા માટે પણ તૈયાર નથી. પરિવારની વ્યવસ્થામાં થઈ રહેલા આ ફેરફારો અંગે સુપ્રીમે ચિંતા વ્યક્ત કરી હતી. ઉત્તર પ્રદેશના સુલતાનપુરની રહેવાસી ૬૮ વર્ષીય સમતોલા દેવીની અરજી પર સુપ્રીમે આ સુનાવણી કરી હતી, સમતોલા દેવીએ પોતાના મોટા પુત્ર કૃષ્ણ કુમારને ઘરમાંથી કાઢી મુકવાની માગ કરી હતી. આ ઘર અરજદાર વૃદ્ધા અને તેના પતિના નામે છે, બન્ને વચ્ચે ત્રણ પુત્રો અને બે પુત્રીઓ છે. મોટા પુત્રએ વર્ષ ૨૦૧૪માં પિતા સાથે ઝઘડો કર્યો હતો, જેને લઈને પિતાએ એસડીએમ સુધી ફરિયાદ કરી હતી. બાદમાં માતા-પિતાએ ફેમેલી કોર્ટમાં અરજી કરીને પુત્રો પાસેથી ભરણપોષણની માગ કરી હતી. સાથે જ ઘર ખાલી કરાવવા ટ્રિબ્યૂનલમાં અપીલ કરી હતી.કોર્ટે મહિને ચાર હજાર રૂપિયા ભરણપોષણ આપવા પુત્રોને આદેશ કર્યો હતો. સાથે જ પિતાની સહમતિ વગર પુત્રો ઘરના કોઈ પણ હિસ્સા પર કબજો નહીં કરી શકે તેવો આદેશ આપ્યો હતો. પણ ઘર ખાલી કરવા આદેશ નહોતો થયો, બાદમાં માતા-પિતાની અપીલ પર તે આદેશ પણ થયો હતો જે બાદ પુત્ર હાઈકોર્ટ પહોંચ્યો હતો, હાઈકોર્ટે ફેમેલી કોર્ટના આદેશ પર સ્ટે મુકી દીધો હતો. બાદમાં માતા દ્વારા સુપ્રીમમાં અપીલ કરાઈ હતી. સુપ્રીમે હાઈકોર્ટના આદેશને યોગ્ય ઠેરવ્યો હતો અને કહ્યું હતું કે આ મામલામાં માતા પિતા એ સાબિત ના કરી શક્યા કે તેમનું પુત્ર દ્વારા અપમાન થયું હતું કે તેમને ઉત્પિડનનો સામનો કરવો પડયો હતો.

## નેપાળમાં રાજાશાહીના સમર્થકો અને પોલીસ વચ્ચે ઉગ્ર હિંસાઃ બેનાં મોત

। (એજન્સી) કાઠમાંડુ, તા.૨૯ ।

નેપાળમાં ફરી રાજાશાહી લાગુ કરવાની માગ સાથે હજારો લોકો પ્રદર્શન કરી રહ્યા છે. જેમને રોકવા માટે નેપાળ સરકાર પોલીસ અને સેનાનો બળ પ્રયોગ કરી રહી છે. જેને પગલે નેપાળના અનેક વિસ્તારોમાં સુરક્ષાદળો અને પ્રદર્શનકારીઓ વચ્ચે હિંસા ફાટી નીકળી છે. પ્રદર્શનકારીઓએ અનેક વાહનોને આગ લગાવી દીધી હતી. ટોળાને વિખેરવા માટે પોલીસે આંસુ ગેસનો મારો ચલાવ્યો હતો સાથે જ રબરની ગોળીઓ ચલાવી હતી. સ્થિતિને કાબુમાં લેવા માટે નેપાળ સેનાને રસ્તા પર ઉતારવામાં આવી છે. આ ઘર્ષણમાં બેનાં મોત જ્યારે ૩૦ને ઈજા થઈ છે. સ્થાનિક મીડિયાના રિપોર્ટ અનુસાર પ્રદર્શનકારીઓએ સુરક્ષા ઘેરો તોડવાનો પ્રયાસ કર્યો હતો સાથે જ પોલીસ પર પથ્થરમારો કર્યો હતો. જવાબમાં પોલીસે આંસુ ગેસનો મારો ચલાવ્યો અને રબરની ગોળીઓ ચલાવી હતી જેનાથી પ્રદર્શનકારીઓ વધુ ભડકી ગયા હતા અને બિઝનેસ શોપિંગ મોલ, રાજકીય પક્ષોની ઓફિસો, મીડિયા હાઉસ વગેરેમાં તોડફોડ કરીને આગ લગાવી દીધી હતી. આ દરમિયાન ૧૨થી વધુ પોલીસ જવાનો ઘવાયા હતા. હાલ જે પ્રદર્શન ચાલી રહ્યું છે તેમાં નેપાળના કેટલાક રાજાશાહી પરિવાર પણ જોડાયેલા છે.

### ‘પ્રચંડ’ ઊંચાઈવાળા વિસ્તારોમાં સરળતાથી ઉડી શકશે

# ભારતની સંરક્ષણ ક્ષેત્રે અત્યાર સુધીની સૌથી મોટી ડીલ, ૧૫૬ ‘પ્રચંડ’ હેલિકોપ્ટર ખરીદશે

**આ હેલિકોપ્ટરને હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડએ વિકસાવ્યું છે અને તેને ઊંચાઈવાળા વિસ્તારોમાં સરળતાથી સંચાલન કરી શકાય**

। (એજન્સી) નવીદિલ્હી, તા.૨૯ ।

કેન્દ્ર સરકારે ભારતીય સેનાને મજબૂત કરવા માટે સંરક્ષણ ક્ષેત્રની સૌથી મોટી ડીલ કરી છે. ભારતે ૧૫૬ સ્વદેશી લાઈટ કોમ્બાટ હેલિકોપ્ટલ પ્રચંડ ખરીદવા માટે મંજૂરી આપી દીધી છે. વાસ્તવમાં આજે કેબિનેટની બેઠક યોજાઈ હતી, જેમાં કેબિનેટ કમિટી ઑન સિક્યોરિટી ડીલને મંજૂરી આપી દીધી છે.

સંરક્ષણ અધિકારીઓના જણાવ્યા અનુસાર, સંરક્ષણ મંત્રાલયે આ નાણાંકીય વર્ષમાં ૨.૦૯ લાખ કરોડ રૂપિયાથી વધુના કોન્ટ્રાક્ટ પર હસ્તાક્ષર કર્યા છે. ભારત આ સૌથી મોટી ડીલથી સેના શક્તિશાળી તો બનશે જ, સાથે સાથે સ્વદેશી સ્વદેશી સંરક્ષણ ઉત્પાદનને પણ પ્રોત્સાહન મળશે. LCH પ્રચંડની વાત કરીએ તો આ હેલિકોપ્ટરને હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડએ વિકસાવ્યું છે અને તેને ઊંચાઈવાળા વિસ્તારોમાં સરળતાથી સંચાલન કરી શકાય, તે રીતે ડિઝાઈન કરવામાં આવ્યું છે. આ એક અત્યાધુનિક હેલિકોપ્ટર છે.

પાકિસ્તાન અને ચીનની સરહદો પહાડી પણ હોવાથી ત્યાં આ હેલિકોપ્ટર વધુ કામ આવશે. કેમ કે આ હેલિકોપ્ટરની રેંજ અન્ય હેલિકોપ્ટર કરતા વધુ છે. આ હેલિકોપ્ટર્સ મુખ્ય એરો સ્પેસ કંપની ‘હિન્દુસ્તાન એરોનૉટિક્સ લિમિટેડ’ એચએએલ દ્વારા બનાવવામાં આવ્યા છે. LCA પર પ્રચંડ હેલિકોપ્ટરની તૈનાતી ભારતીય સેનાની મજબૂતીને વધારશે. આની સૌથી મોટી ખાસિયત એ છે કે, આ હેલિકોપ્ટર બાકી તમામ હેલિકોપ્ટરની તુલનામાં વજનમાં હળવુ પરંતુ ખૂબ જ મજબૂત અને દુશ્મન પર ઝડપી ગતિથી હુમલો કરનારુ છે.

LCH પ્રચંડ અરૂણાચલ પ્રદેશની સંકરી ખીણમાં સરળતાથી ઉડાન ભરવામાં પણ સક્ષમ છે. આ સ્વદેશી લડાકુ હેલિકોપ્ટરથી ન માત્ર દેશની સુરક્ષા વધુ મજબુત બનશે સાથે સાથે સંરક્ષણ ક્ષેત્રે સ્વદેશી ઉત્પાદનને પણ પ્રોત્સાહન મળશે.

### નિતિન ગડકરીએ આપ્યું મોટું નિવેદન

# દરેક ટુ-વ્હીલર સાથે 2 ISI હેલ્મેટ ફરજિયાત થશે!

**ભારતમાં માર્ગ અકસ્માતોના આંકડા અત્યંત ચિંતાજનક છે, દર વર્ષે ૪,૮૦,૦૦૦થી વધુ માર્ગ અકસ્માતો થાય છે**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।



ભારતમાં માર્ગ સલામતીને મજબૂત બનાવવાના પ્રયાસમાં કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ પ્રસ્તાવ મૂક્યો છે કે, તમામ ટુ-વ્હીલર્સને એકસાથે બે ISI પ્રમાણિત હેલ્મેટ વેચવા જોઈએ. નવી દિલ્હીમાં આયોજિત એક કાર્યક્રમ દરમિયાન આ મહત્ત્વપૂર્ણ નિર્ણયની જાહેરાત કરવામાં આવી હતી. જેને ટુ-વ્હીલર હેલ્મેટ મેન્યુફેક્ચરર્સ ઍસોસિએશન ઑફ ઈન્ડિયાનો સંપૂર્ણ ટેકો મળ્યો છે. ભારતમાં માર્ગ અકસ્માતોના આંકડા અત્યંત ચિંતાજનક છે. દર વર્ષે ૪,૮૦,૦૦૦થી વધુ માર્ગ અકસ્માતો થાય છે અને ૧,૮૮,૦૦૦થી વધુ લોકો જીવ ગુમાવે છે. આમાંથી, ૬૬ ટકા મૃતકો ૧૮થી ૪૫ વર્ષની વયના છે. દર વર્ષે ૬૯,૦૦૦થી વધુ લોકો મૃત્યુ પામે છે, ખાસ કરીને ટુ-વ્હીલર અકસ્માતોમાં. જેમાંથી ૫૦ ટકા મૃત્યુ હેલ્મેટ ન પહેરવાને કારણે થાય છે.ટુ-વ્હીલર હેલ્મેટ મેન્યુફેક્ચરર્સ ઍસોસિએશન(THMA) લાંબા સમયથી ફરજિયાત ISI પ્રમાણિત હેલ્મેટની માંગ કરી રહ્યું છે. THMA એ ગડકરીના આ સક્રિય નેતૃત્વની પ્રશંસા કરી છે. THMAના પ્રમુખ રાજીવ કપૂરે જણાવ્યું હતું કે, “આ ફક્ત એક નિયમ નથી પણ રાષ્ટ્રીય જરૂરિયાત છે. હેલ્મેટ જીવન બચાવે છે, અને દરેક બાઈક ખરીદી સાથે તેને ફરજિયાત બનાવવું એ એક મહત્ત્વપૂર્ણ પગલું છે.

# નૈસર્ગિક નવસારી જિલ્લાના ૨૯ ખેડૂતોને પ્રાકૃતિક ખેતપેદાશોના વેચાણ માટે ફોલ્ડેબલ કેનોપીનું વિતરણ કરવામાં આવ્યું

**નવસારી જિલ્લા સ્વભંડોળ યોજના હેઠળના ફ્લેગશીપ પ્રોજેક્ટ “રસાયણમુક્ત નવસારી” અંતર્ગત ખેડૂતોને જિલ્લા વિકાસ અધિકારીશ્રી પુષ્પલતાના વરદ હસ્તે મોબાઈલ ફોલ્ડેબલ કેનોપીનું વિતરણ કરવામાં આવ્યું**

। (માહિતી) નવસારી ।

ભારત એ ખેતીપ્રધાન દેશ છે એ હકીકત સર્વવિદિત છે પરંતુ આજે ખેતી કરનારા ખેડૂતોને જે પ્રશ્ન મુખ્યત્વે નડે છે તે છે ઉત્કૃષ્ઠ ઉત્પાદનનો. આજે મોંઘા રાસાયણિક ખાતરો અને દવાઓનાં આડેધડ વપરાશ છતાં ખેતીમાં ધાર્યું ઉત્પાદન મળતું નથી. વળી, જમીનનો કસ પણ બગડે છે અને રાસાયણિક ઉત્પાદોના ઉપયોગથી માનવજાતમાં અનેક અસાધ્ય બીમારીઓ વધવા માંડી છે. આને નિવારવાનો એકમાત્ર ઉપાય છે પ્રકૃતિ અને પ્રાકૃતિક ખેતપેદાશો તરફ વળવાનો. આજે જ્યારે ભારતના વડાપ્રધાનશ્રી તેમજ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી તેમજ રાજ્યપાલશ્રીના સતત પ્રયત્નો રહે છે કે ભારતના ખેડૂતો મોંઘા તેમજ વિદેશથી આયાત થતાં રાસાયણિક ખાતારો તેમજ રાસાયણીક દવાઓનો વપરાશ નિમ્ન કરી પ્રાકૃતિક ખેતી તરફ અગ્રેસર થાય જેથી ઓછા ખર્ચે વધુ ઉત્પાદન મળી રહે, પ્રાકૃતિક ખેતપેદાશોના ભાવો વધુ મળી રહે અને વળી જમીન તેમજ મનુષ્ય સહિત તમામ સજીવ પ્રજાતિઓનું સ્વાસ્થ્ય સુધરે અને એમાં સમગ્ર તંત્ર સતત પ્રયાસરત છે. આ પ્રયાસોને સફળ બનાવવા નવસારી જિલ્લા વહીવટી તંત્રે પણ કમર કસી છે, અને નવસારી શહેરના તથા સમગ્ર નવસારી જિલ્લાના ગામોને સ્વસ્થ તથા ઝેરમુક્ત ખોરાક મુક્ત





રીતે મળી રહે એ માટે નવસારી જિલ્લા પંચાયત સ્વભંડોળ યોજના હેઠળ આયોજનો હાથ ધર્યા છે. જેમાં પ્રથમ પગલારૂપે નવસારી જિલ્લામાં પ્રાકૃતિક ખેતીને વરેલા ખેડૂતોને પોતાની ખેતપેદાશોના વેચાણ માટે પ્લેટફોર્મ પુરૂ પાડવું મુખ્ય હતું. ગત વર્ષે વહીવટી તંત્ર દ્વારા નવસારી જિલ્લાના વિવિધ સ્થળોએ વેચાણ બજાર શરૂ કરી આ દિશામાં મક્કમ શરૂઆત કરવામાં આવી હતી. હવે આ પ્રયાસોમાં એક ડગલું આગળ વધતાં ખેડૂતોને પોતાની ખેત પેદાશોનું વેચાણ એક કરતાં વધુ જગ્યાએ કરવા માટે સરળતા રહે એ માટે નવસારી જિલ્લા સ્વભંડોળ યોજના હેઠળના ફ્લેગશીપ પ્રોજેક્ટ “રસાયણમુક્ત નવસારી” અંતર્ગત ખેડૂતોને જિલ્લા વિકાસ અધિકારીશ્રી પુષ્પલતાના વરદ હસ્તે જિલ્લાના ૨૯ ખેડૂતોને મોબાઈલ ફોલ્ડેબલ કેનોપીનું વિતરણ કરવામાં આવ્યું હતું. નવસારી જિલ્લા પંચાયત વહીવટી તંત્ર તેમજ ખેતીવાડી શાખા, નવસારીનાં સંયુક્ત પ્રયાસરૂપી આ મોબાઈલ કેનોપી વજનમાં તેમજ વપરાશમાં ખુબ જ સહેલી હોવાથી ખેડૂતો આને ક્યાંય પણ આસાનીથી લઈ જઈ શકાશે તેમજ પોતાના તાલુકા સિવાય અન્ય તાલુકા કે જિલ્લામાં પણ પોતાની ખેતપેદાશોનું વેચાણ કરી શકશે. આમ, આ ફોલ્ડેબલ મોબાઈલ કેનોપી જિલ્લાના પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને કમાણીનાં નવા સ્રોત પુરા પાડશે. આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ તમામ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ વળવા બદલ તમામ ખેડૂતોનો આભાર માન્યો હતો તથા ઉત્સાહવર્ધક પ્રવચન આપ્યું હતું. તેમણે મુખ્યત્વે ખેડૂતોને અનુરોધ કર્યો હતો કે આ ફોલ્ડેબલ કેનોપીનો વિવેકપૂર્વક ઉપયોગ કરે તેમજ ગ્રાહકોને પ્લાસ્ટિકની કોથળીઓનો ઉપયોગ ટાળી જિલ્લા પંચાયત દ્વારા વિતરણ કરવામાં આવેલ કાપડની થેલીઓનો ઉપયોગ કરે. આ ઉપરાંત તેમના દ્વારા નવસારીમાં નવનિર્મિત એ.પી.એમ.સી.માં મામુલી ભાડામાં પ્રાકૃતિક ખેતપેદાશોનાં વેચાણ માટે જગ્યા આપવાનું આશ્વાસન આપવામાં આવ્યું હતું. આ સિવાય તેમના દ્વારા જિલ્લાના તમામ ખેડૂતો અને ગ્રાહકો માટે હાથવગી રહે એવી સફળ પ્રાકૃતિક ખેડૂતોની માર્ગદર્શિકા બનાવવા સુચન કરવામાં આવ્યું હતું. અંતે જિલ્લા ખેતી અધિકારીશ્રી ડો. એ.આર. ગજેરા દ્વારા ખેડૂતો માટે ખુબ જ ઉપયોગી એવી નૈસર્ગિક નવસારી એપ નજીકના ભવિષ્યમાં તૈયાર થઈ રહી હોવાનો ખ્યાલ આપવામાં આવ્યો હતો, જેમાં ખેડૂતો પોતાની રીતે પોતાના ખેતપેદાશોના વેચાણભાવ તેમજ અન્ય જરૂરી માહિતી પણ જાણી શકાશે એમ જણાવવામાં આવ્યું હતું.

## પાલનપુર હાઇવે પર ૧ એપ્રિલથી ચૂકવવો પડશે વધુ ટોલ

| (એજન્સી) પાલનપુર, તા.૨૯ |

ગુજરાતના પાલનપુર નેશનલ હાઈવે પરથી મુસાફરી કરનારા માટે મહત્ત્વના સમાચાર સામે આવ્યા છે. નેશનલ હાઈવે ઑથોરિટી ઑફ ઈન્ડિયા દ્વારા નેશનલ હાઈવે પર ટોલ ટેક્સમાં રૂ. પાંચથી ૨૫ સુધીનો વધારો ઝીંકાયો છે. પાલનપુર સ્વરૂપ ગંજ સુધીના હાઈવે પરના ખેમાણા ટોલ પ્લાઝા પર ટેક્સ વધારાયો છે, જે ૩૧ માર્ચે રાતે ૧૨ વાગ્યે દિવસ પૂરો થતાં જ એટલે કે પહેલી એપ્રિલથી લાગુ થઈ જશે. નોંધનીય છે કે, વીરતા પુરસ્કાર પરમવીર ચક્ર, મહાવીર ચક્ર, અશોક ચક્ર, શૌર્ય ચક્ર મેળવનાર તેમજ સક્ષમ અધિકારી દ્વારા પ્રમાણિત ફોટો સાથેનું ઓળખપત્ર બતાવવા પર પણ ટોલ ટેક્સની ચૂકવણીમાંથી રાહત મળશે.

## હિટ એન્ડ રનમાં યુવકને કચડનાર નબીરાઓને બચાવવા માટે ડ્રાઈવર બદલી નાખ્યો

| (એજન્સી) રાજકોટ, તા.૨૯ |

રાજકોટ હિટ એન્ડ રન કેસમાં યુવકને કચડનાર નબીરાઓને બચાવવા પોલીસે જ ડ્રાઈવર બદલી નાખ્યો હોવાનો ગંભીર આરોપ લાગ્યો છે. ૨૧મી માર્ચે ન્યારી ડેમ રોડ પર ૧૮ વર્ષીય એક્ટિવાચાલક યુવકને પૂરપાટ આવતી કારે ટક્કર મારી ફંગોળી નાખ્યો હતો. જેની હાલત હજુ સુધી ગંભીર છે. ૧૮ વર્ષનો પરાગ ગોહિલ આ અકસ્માતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. નબીરાઓએ તેને કાર વડે ફંગોળી નાખ્યો હતો અને પછીથી ત્યાંથી ભાગી ગયા હતા. ત્યારબાદ પોલીસ સાથે સેટિંગ પાડીને તેમણે ડ્રાઈવર ચેન્જ કરી નાખ્યાનો દાવો કરવામાં આવ્યો છે. આ મામલે પોલીસને લેખિત ફરિયાદમાં જણાવી દેવાયું છે. આ ઘટનાનો સીસીટીવી ફૂટેજ સામે આવ્યો છે જેના પરથી પીડિત પરિવારે રાજકોટ પોલીસ પર સેટિંગ કરીને આ ઘટનાને અંજામ અપાયાનો દાવો કરવામાં આવ્યો છે.

### NA થયા વિનાની જમીન અંગે સરકારનો મોટો નિર્ણય

# હવે કોઈ નહીં પચાવી શકે તમારું મકાન અને જમીન

### ગુજરાત જમીન મહેસૂલ (સુધારા) વિધેયક પસાર થયું: NA થયા વિનાની જમીનમાં બનેલા મકાનો નિયમિત કરી શકાશે

| (એજન્સી) ગાંધીનગર, તા.૨૯ |

વિધાનસભા ગૃહમાં ગુજરાત જમીન મહેસૂલ (સુધારા) વિધેયક, ૨૦૨૫ બિલ પસાર કર્યું છે. જેમાં સરકારે NA થયા વિનાની જમીન અંગે એવો નિર્ણય લીધો કે, ગુજરાતના ૩૦ લાખથી વધુ મકાનોને તેનો સીધો ફાયદો થશે. રાજ્યમાં બિનખેતી કરાવ્યા વિનાની જમીન પર મંજૂરી વિના કરેલા બાંધકામ-મિલકતના હક્કો આપી, વિશેષ આર્થિક લાભ આપવાના હેતુથી બિલમાં સુધારો કરાયો છે. જેમાં નાગરિકોને રહેણાંકની પાયાની જરૂરિયાતના કાયદેસરના હક્ક પ્રાપ્ત થાય અને તેમના સર્વાંગી હિતો સુનિશ્ચિત કરવાનો રાજ્ય સરકારનો આશય છે. સુધારા દાખલ થવાથી આ કાયદા સંબંધિત અર્થઘટનના પ્રશ્નો, લિટિગેશન અને વહીવટી ગૂંચવણો ઘટશે તેવું સરકારનું માનવું છે. ત્યારે આવામાં સરકારના ધ્યાને આવ્યું હતું કે, NA થયા વિનાની જમીન લોકો માટે મોટી સમસ્યા બની હતી. ત્યારે હવે એનએ વગરની જમીનવાળાને સીધો ફાયદો થશે. કાયદો ૫સાર થતા હવે વર્ષોથી પોતાની માલિકીની જમીન પર બાંધકામ કર્યા પછી નિયમિત થતું ન હોય, કોઈ સોસાયટી નિયમિત ન થતી હોય તેવી સોસાયટીના મકાન માલિકો બાકી પ્રીમિયમ, દંડ કે વ્યાજ ભરીને દસ્તાવેજ કરી શકશે અને મકાન કાયદેસર થઈ શકશે. મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે સરકારની આ ઉદારતા એવા લોકો માટે છે કે જેમણે પોતાની જમીન પર બાંધકામ કર્યુ છે, પણ જરૂરી પરવાનગીઓ લેવાનું કોઈને કોઈ કારણોસર ચૂકી ગયા છે. પોતાની જમીનના પ્લોટ પાડીને કોઈએ વેચ્યા, તેના પર પ્લોટ લઈને મકાન બનાવ્યું. એ વ્યક્તિને ખ્યાલ નથી કે વેચનારે બિનખેતીની પરવાનગી લીધી નથી કે બીજી નિયમ અનુસારની પરવાનગીઓ લીધી નથી. અજાણતા શરત ભંગ થયો છે. કાયદાની જાણકારીના અભાવે શરત ભંગ થયો છે અથવા તો ઈરાદાપૂર્વક ન થઈ હોય તેવી ભૂલને કારણે તેમને સહન કરવું ન પડે તે આ બિલનો હેતુ છે. મંત્રી રાજપૂતે કહ્યું હતું કે, વર્ષ ૨૦૧૭માં સુધારેલા કાયદામાં કેટલાક સુધારા લાવવા જરૂરી જણાતા ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ ૧૮૭૯ના પ્રકરણ-૯(ક)ની કલમ-૧૨૫(A)(૧) ની જોગવાઈને વધુ અસરકારક બનાવવાના ભાગરૂપે રાજ્ય સરકાર દ્વારા સૂચિત સુધારા બિલ ગુજરાત જમીન મહેસૂલ (સુધારા) વિધેયક, ૨૦૨૫ રજૂ કરાયું છે. જે પ્રમાણે પ્રવર્તમાન કાયદાની કલમ-૧૨૫(A) (૧)માં સુધારો કરીને કલમ-૧૨૫ (A)(૧)(૧), કલમ-૧૨૫ (A)(૧)(૨) અને કલમ-૧૨૫ (A)(૧)(૩) ઉમેરવામાં આવી છે.

કોંગ્રેસના નેતા અમિત ચાવડા અને શૈલેષ પરમારે સુરતની સરકારી જમીનો કે ગૌચરની જમીન પરના બાંધકામ નિયમિત થશે કે નહીં તેની સ્પષ્ટતા કરવાની માગ કરી હતી. જેનો જવાબ આપતા મંત્રીએ કહ્યું કે, કોઈ બિલ્ડર કે સરકારી જમીન પચાવી પાડનારને ફાયદો થશે નહીં

### આણંદથી દાહોદ રૂટની બસ સેવાલિયા ઉભી હતી

## એસટી બસના ડ્રાઇવરે મહિલા કંડક્ટરને લાફો મારતા ફરિયાદ

### દાહોદ રૂટની બસનો સમય અન્ય મહિલા કંડક્ટરને પૂછવા બાબતે મામલો બિચક્યો

| (એજન્સી) નડિયાદ, તા.૨૯ |

આણંદથી દાહોદની એસટી બસના મહિલા કંડક્ટર પોતાની બસના ડ્રાઈવર સાથે સેવાલિયા ખાતે નાસ્તો કરવા બસ ઉભી રાખી હતી.અન્ય બસની મહિલા કંડક્ટરને તેમની બસનો ટાઈમ પૂછ્યો હતો અને અન્ય બસના ડ્રાઈવર સાથે માથાકૂટ કરી હતી ને મહિલા કંડક્ટરને ડ્રાઈવેર લાફો ઝીંકી દીધો હતો. આ મામલે ડ્રાઈવર સામે ગુનો નોંધાયો છે. કઠલાલમાં ઉર્મિલાબહેન રોહિત એસટી બસમાં કંડક્ટર તરીકે આણંદથી દાહોદ એક્સપ્રેસ રૂટમાં ફરજ પર હતા. ૨૪ માર્ચે તેઓ પોતાની બસના ડ્રાઈવર રાજકમલભાઈ ચૌહાણ સાથે દાહોદના રૂટમાં ગયા હતા. આણંદ પરત આવતા સેવાલીયા નાસ્તો કરવા બસ ઉભી હતી.ઉર્માલાબહેને અન્ય મહિલા કંડક્ટરને દાહોદની બસ ઉપડવાનો સમય પૂછ્યો હતો અને મહિલા કંડક્ટરે કહ્યુ કે, મને ખબર નથી. હું આજે જ આવેલી છું, જે પૂછવું હોય તે મારા ડ્રાઈવરને પૂછો, પોતાની બસના ડ્રાઈવર પાસે જતા રહ્યા હતા. બાદમાં ડ્રાઈવર ઉર્મિલાબહેન પાસે આવ્યા હતા. અમારી બસ જેમ ચાલુ તેમ તમારે શું તેમ કહીને ઝઘડો કર્યો હતો અને ઉર્મિલાબહેનને મારમાર્યો હતો. આ મામલે રાજકમણભાઈએ ઉર્મિલાબહેનને છોડાવ્યો હતો. ઉર્મિલાબહેનને આણંદ પહોંચી સારવાર માટે ખસેડાયા હતા. આ મામલે ઉર્મલાબહેને મલેક મોહમ્મદ જમીરહુશેન મુહીર હુશેન સામે ફરિયાદ ફરિયાદ નોંધાવી છે. એસટી વિભાગના ડેપો મેનેજર દ્વારા આરોપી ડ્રાઈવર મલેક મોહમ્મદ જમીરહુશેન મુહીર હુશેનને મહિલા કંડક્ટર સાથે ગેરવર્તણૂક અને લાફો મારવા બદલ સસ્પેન્ડ કર્યા છે. સસ્પેન્શનના સમય દરમિયાન તેમને ખંભાત ડેપોમાં મૂકી દેવાયા છે.

## શામળાજી, અંબાજી, મહેસાણાના રસ્તામાં ટ્રાફિકથી મળશે રાહત

| (એજન્સી) સાબરકાંઠા, તા.૨૯ |

સાબરકાંઠા જિલ્લામાં NH-168G પર ઈડર-બડોલી બાયપાસ (૧૪.૨ કિમી) ની પાકા શોલ્ડર સાથે ૪-લેન રોડના નિર્માણ માટે ૭૦૫.૦૯ કરોડની મંજૂરી મળી છે.

આ રસ્તાને પાકા શોલ્ડર, ફ્લેક્સિબલ પેવમેન્ટ, ગ્રેડ-સેપર્ડ સ્ટ્રક્ચર્સ અને રક્ષણાત્મક કાર્યો સાથે ૪-લેન કન્ફિગરેશનમાં અપગ્રેડ કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે ઈડર-બડોલી ૪-લેનને મંજૂરી મળી ત્યારે ખેડૂતોની જમીન બે ટુકડા થતા હોય તો કેટલાક ખેડૂતો પાસે જમીન બચતી ન હોવાથી વિરોધ થયો હતો. આ પ્રોજેક્ટ-બાયપાસ અને અંબાજી જતાં યાત્રાળુઓ, ઈડર શહેરની ટ્રાફિક સમસ્યા હળવી બનશે. NH-168G, NH-68 થી મહેસાણા નજીક નીકળે છે, વિસનગર, વડનગર, ખેરાલુ, ઈડર, બડોલી અને ભિલોડામાંથી પસાર થાય છે, રાજસ્થાન સરહદની નજીક શામળાજી નજીક NH-48 પર સમાપ્ત થાય છે. આ રસ્તાને પાકા શોલ્ડર, ફ્લેક્સિબલ પેવમેન્ટ, ગ્રેડ-સેપર્ડ સ્ટ્રક્ચર્સ અને રક્ષણાત્મક કાર્યો સાથે ૪-લેન કન્ફિગરેશનમાં અપગ્રેડ કરવામાં આવશે,જે સુધારેલ સલામતી અને સરળ ટ્રાફિક પ્રવાહ સુનિશ્ચિત કરશે જેથી પરિવહનમાં ચોક્કસપણે સુગમતા વધશે.

આ ઉપરાંત જેસલમેર અને બાડમેર જિલ્લામાં નેશનલ હાઈવે-૭૦ અને નેશનલ હાઈવે-૧૧ (કુલ લંબાઈ ૧૩૪.૮૬ કિલોમીટર)ના હાલ કનેક્શનને મજબૂત અને પહોળો કરવાની સાથે-સાથે નેશનલ હાઈવે ૧૧ના મ્યાઝલાર-જેસલમેર અને મુનાબાવ-તનોટના સુંદરા-મ્યાઝલાર-અંબાસિંહની ઢાળી રોડને ૨-લેન પાકો અને મજબૂત રોડ બનાવવા માટે ૧૨૩૭.૭૧ કરોડ રૂપિયાના ખર્ચને મંજૂરી આપવામાં આવી છે.

### દ્વારકાધીશમાં અંબાણી પરિવારની અપાર શ્રદ્ધા

## અનંત અંબાણી પગપાળા દ્વારકા જવા માટે નીકળ્યા

### અનંત અંબાણી દરરોજ ૧૦થી ૧૫ કિલોમીટર પગપાળા ચાલશે, જે તેમની ધાર્મિક શ્રદ્ધા અને સમર્પણ દર્શાવે છે



| (એજન્સી) જામનગર, તા.૨૯ |

દેશમાં સૌથી અમીર વ્યક્તિ મુકેશ અંબાણીનો પરિવાર ખૂબ જ ધાર્મિક છે. તેથી જ તો રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણી અને તેમના પરિવારને દ્વારકાદીશમાં અતૂટ શ્રદ્ધા અને વિશ્વાસ છે. જ્યારે પણ તક મળે અંબાણી પરિવારના સભ્યો દ્વારકાધીશના દર્શન કરવા માટે દ્વારકા આવતા હોય છે. આ જ ક્રમમાં હવે મુકેશ અંબાણી અને નીતા અંબાણીના નાના દીકરા અનંત અંબાણી ચાલતા-ચાલતા દ્વારકાધીશના દર્શન કરવા માટે રવાના છે.

રિલાયન્સ ગ્રુપના અનંત અંબાણીની દ્વારકાધીશ પ્રત્યેની અપાર શ્રદ્ધા ફરી એક વાર જોવા મળી છે. અનંત અંબાણીએ દ્વારકા મંદિર સુધી પગપાળા જવાનું નક્કી કર્યું છે અને આ માટે તેઓ મોડી રાતે એક વિશાળ કાફલા સાથે પદયાત્રાની શરુઆત કરી છે. આ યાત્રા દરમ્યાન અનંત અંબાણી દરરોજ ૧૦થી ૧૫ કિલોમીટર પગપાળા ચાલશે, જે તેમની ધાર્મિક શ્રદ્ધા અને સમર્પણ દર્શાવે છે.

અહીં ઉલ્લેખનિય છે કે, ૨૭ ફેબ્રુઆરીએ જ વન્ય પ્રાણીઓની સંભાળ માટે અનંત અંબાણીની પહેલ 'વનતારા'ને 'પ્રાણી મિત્ર' રાષ્ટ્રીય પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

ભારત સરકાર તરફથી કોર્પોરેટ શ્રેણીમાં પ્રાણી કલ્યાણ ક્ષેત્રમાં આ દેશનું સર્વોચ્ચ સન્માન છે. આ પુરસ્કાર રાધે કૃષ્ણ મંદિર હાથી કલ્યાણ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવેલા અસાધારણ કાર્યને માન્યતા આપે છે, જે વનતારાની માલિકીની સંસ્થા છે અને હાથીઓના બચાવ અને સંભાળ માટે કામ કરે છે.

### ૨૦ થી ૨૫ NSG કમાન્ડોનું કરાયું રેસ્કયુ

## એક્સલસ બિઝનેસ હબમાં ભીષણ આગ લાગતા નાસભાગ

| (એજન્સી) સુરત, તા.૨૯ |

ગુજરાતમાં અવારનવાર આગ લાગવાની ઘટના સામે આવતી હોય છે. ત્યારે સુરતના NSG કમાન્ડોના ઉતારાની જગ્યાએ આગ લાગી છે. સુરતના એક્સલસ બિઝનેસ હબ ખાતે આગ લાગતા દૂર દૂર સુધી ધુમાળાના ગોટે ગોટા જોવા મળ્યા હતા. તેમજ આસપાસના વિસ્તારોમાં અફરાતફરીનો માહોલ જોવા મળ્યો હતો. બિઝનેસ હબમાં ૧૨૩ NSG કમાન્ડોને ઉતારો આપવામાં આવ્યો હતો. જેમાં ૨૦ થી ૨૫ જવાનોને હાઈડ્રોલિક પ્લેટફોર્મ અને ટર્ન ટેબલથી રેસ્કયુ કરાયા છે. જો કે સદનસીબે કોઈ પણ જાનહાનિ થઈ નથી. ઉલેખ્ખનીય છે કે સુરતમાં આવેલી એક્સલસ બિઝનેસ ખાતે આગ લાગી હતી. જેમાં ૨૦ થી વધુ જવાનોના હાઈડ્રોલિક પ્લેટફોર્મ અને ટર્ન ટેબલથી રેસ્કયુ કરાયુ છે. મળતી માહિતી અનુસાર ૧૨૩ NSG કમાન્ડોને ઉતારો આપવામાં આવ્યો હતો. તે જ સ્થળ પર આગ લાગતા ૨૦ થી ૨૫ જવાનો અંદર ફસાયા હતા. જેમને ફાયર વિભાગ દ્વારા અને અન્ય કમાન્ડોની મદદથી રેસ્કયુ કરવામાં આવ્યા છે. બીજી તરફ પંચમહાલના હાલોલના ભાટ ગામના જંગલ વિસ્તારમાં ભીષણ આગ લાગી હોવાની ઘટના બની છે. ભીષણ આગ લાગતા દૂર દૂર સુધી ધુમાળો જોવા મળ્યો હતો. જંગલ વિસ્તારની ટેકરીઓ પર આગ લાગી હતી.

## ઈડરમાં થયેલી ૧૫ લાખની લૂંટના કેસમાં ક્રાઈમ બ્રાન્ચને સફળતા

| (એજન્સી) ઈડર, તા.૨૯ |

ગુજરાતમાં પણ અવારનવાર ચોરી, લૂંટની ઘટના સામે આવતી હોય છે. ત્યારે સાબરકાંઠાના ઈડરમાં સત્યમ ચોકડી પાસે થયેલી ૧૫ લાખ રુપિયાની લૂંટનો કેસ લોકલ ક્રાઈમ બ્રાન્ચે ઉકેલ્યો હતો. LCBએ આ કેસમાં બે આરોપીઓને હિંમતનગર નજીકથી ઝડપી પાડ્યા છે. આરોપીઓ પાસેથી ૧૧ લાખ ૮૬ હજાર રૂપિયા જપ્ત કરવામાં આવ્યા છે. લૂંટ બાદ આરોપીઓ ગાંધીનગર અને અમદાવાદમાં છુપાયા હતા.પરંતુ હિંમતનગર પહોંચતાં જ તેઓ પોલીસના હાથે ઝડપાઈ ગયા. લૂંટનો માસ્ટરમાઈન્ડ વિવેક શાહ હોવાનું સામે આવ્યું છે. જે અગાઉ ભરૂચમાં થયેલી એક લૂંટમાં પણ સંડોવાયેલો હતો.પોલીસે આરોપીઓને પકડીને લૂંટેલી રકમનો મોટો ભાગ પાછો મેળવી લીધો છે. થોડા દિવસ અગાઉ સાબરકાંઠાના ઈડરમાં સત્યમ ચોકડી પાસે લૂંટની ઘટના બની હતી. ૨ લૂંટારુ બાઈક સવારોના CCTV સામે આવ્યા હતા. ૧૫ લાખ લઈને બેક્રમાં ભરવા જતા યુવકને લૂંટ્યો હતો. બેક્ર નજીક જ યુવક પાસેથી રુપિયા તફડાવી ૨ ઈસમો ફરાર થયા હતા.

### વધુ ચોરી માટે મંદિરની ચાવીનો ઝૂમખો પણ મેળવ્યો હતો

## વડોદરામાં ભાયલીના જૈન મંદિરમાં તસ્કરો ત્રાટક્યા

### પૂજાના વાસણ અને રોકડ રકમની ચોરી કરી હતી: પોલીસે ડોગ સ્કોડની મદદથી અને સીસીટીવીના ફૂટેજ દ્વારા ચોરીનો ભેદ ઉકેલવા માટે કવાયત શરૂ કરી

| (એજન્સી) વડોદરા, તા.૨૯ |

વડોદરા ભાયલીના સન ફાર્મા રોડ પર આવેલા જૈન મંદિરમાં ગત મોડી રાત્રે તસ્કરો ત્રાટક્યા હતા અને પૂજાના વાસણ અને રોકડ રકમની ચોરી કરી હતી. પોલીસે ડોગ સ્કોડની મદદથી અને સીસીટીવીના ફૂટેજ દ્વારા ચોરીનો ભેદ ઉકેલવા માટે કવાયત શરૂ કરી છે. સબ સલામતની બુમરાણ મચાવતા પોલીસ તંત્ર દ્વારા જો ઝીણવટથી નજર કરવામાં આવે તો શહેરમાં દિન પ્રતિદિન ક્રાઈમ રેટ વધતો જાય છે. તેનો ચોક્કસ ખ્યાલ આવશે. તેની વચ્ચે મળતી વિગત મુજબ ભાયલી વિસ્તારના સન ફાર્મા રોડ પર આવેલા જૈન દેરાસરમાં મોડી રાત્રે ૨:૩૦ વાગ્યા પછી ત્રણ તસ્કરો ચોરી કરવા માટે ઘૂસ્યા હતા. મંદિરમાં ભગવાનના પૂજાના વાસણ તેમજ દાન પેટીના અંદાજે ૫૦૦૦ રોકડાની ચોરી કરી નાસી ગયા હતા. મંદિરના મેનેજરે ટ્રસ્ટીઓને જાણ કરતા અટલાદરા પોલીસને ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

પોલીસે ડોગ લઈને તસ્કરોના સગડ મેળવવા પ્રયાસ કર્યો હતો. સીસીટીવી કેમેરામાં ત્રણ તસ્કરો પૈકી બે મંદિરમાં ઘુસતા અને એક બહાર ચોકી કરતા યુવક સ્પષ્ટ જોવા મળ્યો હતો. મંદિરને પણ તસ્કરો છોડતા ન હોવાથી ભાવિકોમાં કચવાટ ફેલાયો છે. સામાન્ય વાહનચાલકોને હેરાન પરેશાન કરતા પોલીસ જવાનો માટે અન્ય ગુના શરમમાં મૂકે છે. ભાયલી જૈન મંદિરમાં ત્રાટકેલા ત્રણ ચોરે ચોરી કરી હતી. અને વધુ ચોરી માટે મંદિરની ચાવીનો ઝૂમખો પણ મેળવ્યો હતો. જોકે કોઈ કારણસર તેઓ ઝુમખો મંદિરના પ્રાંગણમાં ફેંકી નાસી ગયા હતા. કેટલી માલ મત્તાની ચોરી થઈ છે તે પોલીસ તપાસ બાદ જાણ થશે.

### ૧૮૩૦૦ બોટલો જપ્ત કરવામાં આવી

## નિકોલમાંથી ઝડપાયો રૂપિયા ૪૩ લાખની કિંમતનો દારૂ

| (એજન્સી) અમદાવાદ, તા.૨૯ |

ગુજરાતમાં વધુ એક વખત દારૂબંધી માત્ર કાગળ પર હોવાનું સાબિત થયું છે. અમદાવાદના નિકોલમાંથી ૪૩ લાખની કિંમતના દારૂ સાથે ૧ આરોપી પકડાયો છે. નિકોલ વિસ્તારમાં દાસ્તાન સર્કલ પાસેઁ ઝમ્એ બાતમીના આધારે દરોડા પાડીને કન્ટેનરમાં થતી દારૂની હેરફેરનો પર્દાફાશ કર્યો છે. ૪૩ લાખથી વધુની કિંમતની ૧૮ હજાર ૩૦૦ બોટલ દારૂ જપ્ત કરાયો છે..દારૂનો જથ્થો, કન્ટેનર સહિત ૭૪ લાખથી વધુનો મુદ્દામાલ કબજે કરાયો છે. પોલીસે અણદારામ જાટ નામના ડ્રાઈવરની ધરપકડ કરી છે. તેમજ વિદેશી દારૂનો જથ્થો મોકલનાર અને મંગાવનારની શોધખોળ શરૂ કરી છે.

ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં, વર્ષ ૨૦૨૪માં કરોડો રૂપિયાનો ગેરકાયદેસર દારૂ પકડાયો હતો. સ્ટેટ મોનિટરિંગ સેલે વર્ષ ૨૦૨૪ દરમિયાન રાજ્યભરમાં દરોડા પાડીને કુલ ૪૫૫ કેસ નોંધ્યા હતા. આ કાર્યવાહી દરમિયાન કુલ ૨૨ કરોડ, ૫૧ લાખથી વધુની કિંમતનો દારૂ ઝડપાયો હતો. એટલું જ નહીં, પોલીસે કુલ ૫૧ કરોડ, ૯૩ લાખ રૂપિયાનો મુદ્દામાલ પણ કબજે કર્યો હતો. રાજ્યના ચાર મોટા શહેરોમાં પણ ગેરકાયદેસર દારૂનું વેચાણ મોટા પ્રમાણમાં થતું હોવાનું સામે આવ્યું હતું. આ ચાર મહાનગરોમાંથી કુલ ૨ કરોડ, ૬૦ લાખથી





વધુનો દારૂ વર્ષ ૨૦૨૪ દરમ્યાન પકડાયો હતો, જેમાં સૌથી વધુ દારૂ વડોદરા શહેરમાંથી ઝડપાયો છે. ચાર મહાનગરો ઉપરાંત, મહેસાણા, વડોદરા ગ્રામ્ય, ગોધરા, સુરત ગ્રામ્ય, નવસારી, સુરેન્દ્રનગર અને બનાસકાંઠા જેવા વિસ્તારોમાં પણ ૧ કરોડથી વધુની કિંમતનો દારૂ પકડાયો હતો.

